GCERT – ગાંધીનગર પ્રેરિત

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – જૂનાગઢ આયોજિત

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ ૨૦૨૫ - ૨૬

## તારીખ – ૨૭ / ૨૮ જાન્યુઆરી ૨૦૨૬

# શિક્ષણમાં નવાચાર






ડો.મીરા વાય. વ્યાસ

DIC

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

જૂનાગઢ

આશા ડી. રાજ્યગુરુ

પ્રાચાર્ય


જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

જૂનાગઢ


NotebookLM

# ઇનોવેશન ૨૦૨૫-૨૬

| સ્ટેજ | ઇનોવેશનની સંખ્યા |
|---|---|
| ફાઉન્ડેશનલ સ્ટેજ | ૦૮ |
| પ્રીપેરેટરી સ્ટેજ | ૦૮ |
| મીડલ સ્ટેજ | ૨૩ |
| સેકન્ડરી સ્ટેજ | ૦૮ |
| શિક્ષણ-પ્રશિક્ષણ વિભાગ | ૦૦ |
| સ્કૂલ ઇનોવેશન કાઉન્સિલ (SIC) | ૦૧ |
| **કુલ** | **૪૮** |




## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-જૂનાગઢ

# પ્રસ્તાવના



આજના બદલાતા શૈક્ષણિક પરિપ્રેક્ષ્યમાં શિક્ષણ માત્ર પાઠ્યપુસ્તક સુધી સીમિત ન રહી, પરંતુ વિદ્યાર્થીમાં વિચારશક્તિ, સર્જનાત્મકતા, સહકારભાવ, સમસ્યા ઉકેલવાની ક્ષમતા તથા જીવનોપયોગી કુશળતાઓ વિકસાવવાની દિશામાં ગતિ કરી રહ્યું છે. આ સમગ્ર પ્રક્રિયામાં શિક્ષકની પેડાગોજીકલ સમજ, પ્રતિબદ્ધતા અને નવતર અભિગમનું મહત્વ અતિ વિશેષ છે.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જૂનાગઢ દ્વારા આયોજિત જિલ્લા કક્ષાનો ઇનોવેશન ફેસ્ટિવલ શિક્ષકો દ્વારા અમલમાં મૂકાયેલા અધ્યયન નિષ્પતિ આધારિત, વિદ્યાર્થી કેન્દ્રિત અને અનુભવાધારિત પેડાગોજીકલ પ્રયોગોને પ્રોત્સાહન આપવા માટેનું મહત્વપૂર્ણ મંચ છે. આ ફેસ્ટિવલ શિક્ષકોના સર્જનાત્મક પ્રયાસોને ઓળખ આપવાની સાથે પરસ્પર અધ્યયન અને વિચાર વિનિમયની સકારાત્મક તકો પૂરી પાડે છે.

ઇનોવેશન – શિક્ષણમાં નવાચાર શીર્ષક હેઠળ તૈયાર કરાયેલ આ બુકલેટમાં શિક્ષકોના વર્ગખંડ આધારિત નવતર પ્રયોગો, તેમની વિચારધારા તથા શૈક્ષણિક દ્રષ્ટિનું સંકલન કરવામાં આવ્યું છે.આ સંપુટમાં **NEP 2020** આધારીત 5 સ્ટેજ મુજબ ફાઉન્ડેશનલ સ્ટેજમા 9, પ્રીપેરેટરી સ્ટેજમાં 08, મીડલ સ્ટેજમાં 23, સેકન્ડરી સ્ટેજમાં 08, અને 1 સ્કૂલ ઇનોવેશન કાઉન્સીલ એમ મળી કુલ 49 સમાવાયેલ પ્રયોગો શિક્ષણ પ્રક્રિયાને વધુ અસરકારક, અર્થસભર અને ગુણવત્તાસભર બનાવવાની દિશામાં માર્ગદર્શક સાબિત થશે એવી અમને પૂરી આશા છે.

આ પ્રકારના નવતર પ્રયાસો શિક્ષકોના વ્યાવસાયિક વિકાસ માટે પ્રેરણારૂપ બની રહે છે તથા શૈક્ષણિક વ્યવસ્થામાં ગુણાત્મક સુધારાને વેગ આપે છે. ઇનોવેશન ફેસ્ટિવલના આયોજન અને આ બુકલેટના નિર્માણમાં યોગદાન આપનાર ઇનોવેશન સેલના **KRP** શ્રી કૃણાલભાઇ મારવાણિયા, પી.એમ.શ્રી શાપુર પે.સે. શાળા પ્રાથમિક શાળા, ઇનોવેશન સેલના કો.ઓર્ડિનેટર (**DIC**) જૂનાગઢ ડાયટના ડો. મીરા વાય. વ્યાસ તથા સહયોગી અધિકારીઓનો હું હૃદયપૂર્વક આભાર માનું છું.

આ બુકલેટ શિક્ષણ ક્ષેત્રે સતત નવાચાર અને વિચારાત્મક પરિવર્તનની પ્રેરણા આપે એવી શુભકામના સાથે...

આશા ડી. રાજ્યગુરુ
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
જૂનાગઢ

# અનુક્રમણિકા


| ક્રમ | શિક્ષકનું નામ | વિષય | શાળાનું નામ | પા.નં |
|---|---|---|---|---|
| ફાઉન્ડેશનલ સ્ટેજ (આંગણવાડી,બાલવાટિકા,ધોરણ ૧ અને ૨) | | | | |
| ૧ | મોનિકાબેન દામાભાઈ ચાવડા | બાળક એ જ શિક્ષક | વડાળા આંગણવાડીકેન્દ્ર - 2 | 1 |
| ૨ | સોલંકી મનિષાબેન ચુનીભાઈ | પઝલ દ્વારા શિક્ષણ | માલણકા આંગણવાડીકેન્દ્ર - 1 | 3 |
| 3 | જોષી મિનાક્ષીબેન નીતીનભાઈ | દૈનિક જરૂરિયાત સબંધિત શિક્ષણ | ભેંસાણ આંગણવાડીકેન્દ્ર - 2 | 5 |
| ૪ | સાવલીયા સંગીતાબેન ભીખુભાઈ | જ્ઞાનથી અક્ષરજ્ઞાન તરફ | કેશોદ આંગણવાડીકેન્દ્ર - 12 | 7 |
| ૫ | ગોસ્વામી હીનાબેન હર્ષદગીરી | ચાલો પશુ-પંખીઓને ઓળખતા થઇએ | સોંદરડા આંગણવાડીકેન્દ્ર - 4 | 9 |
| ૬ | મેસવાણીયા ગીતાબેન મોહનભાઈ | સર્જન મારા ભૂલકાઓ દ્વારા | દિવાસા આંગણવાડીકેન્દ્ર - 1 | 11 |
| ૭ | ડઢાણીયા મિનાક્ષિબેન મોહનભાઈ | વેસ્ટમાંથી બેસ્ટ | વાડલા આંગણવાડીકેન્દ્ર - 1 | 13 |
| ૮ | દેકીવાડીયા જલ્પાબેન જસમતભાઈ | ગમ્મત સાથે જ્ઞાન | બીલખા કુમાર પે.સેન્ટર | 15 |
| પ્રીપેરેટરી સ્ટેજ ( ધોરણ ૩ થી ૫) | | | | |
| ૯ | બહાદુરસિંહ વનરાજસિંહ વાળા | સ્વરચિત બાલકાવ્ય સંગ્રહના એનિમેશન દ્વારા મૂલ્ય અને ભાષા શિક્ષણ | સી આર સી કો ઓર્ડીનેટર - આલીધ્રા | 17 |
| ૧૦ | મહિડા નીરૂબેન કનુભાઈ | મોટી રીસેસની મજા અને ગમ્મત સાથે જ્ઞાન | શોભાવડલા ( લશ્કર ) પ્રાથમિક શાળા | 19 |
| ૧૧ | મહેતા જલ્પાબેન ચંદુભાઈ | પ્રવૃત્તિ સાથે જ્ઞાન | ચાપરડા પ્રા. શાળા | 21 |
| ૧૨ | પરમાર પ્રદીપકુમાર માધવજીભાઈ | ડિજિટલ પ્રગતિ પથ (ઈ-પરિણામ પત્રક) | ચુલડી પ્રાથમિક શાળા | 23 |
| ૧૩ | ભટ્ટ અતુલચંદ્ર દોલતરાય | WE WILL DO IT TOGETHER | જાંબુડા પ્રાથમિક શાળા | 25 |
| ૧૪ | ચાવડા નિલેશકુમાર જી. | Learn maths with joy | શ્રી રાવણી (કુબા) પ્રાથમિક શાળા | 27 |
| ૧૫ | રાવલ વિપુલકુમાર પ્રેમવદનરાય | G-Shalaનો અસરકારક ઉપયોગ અને પ્રોત્સાહક પ્રોજેક્ટ | સરગવાડા પ્રાથમિક શાળા | 29 |
| ૧૬ | રાઠોડ ચંદુલાલ રામજીભાઈ | VOCAL 4 LOCAL – વ્યવસાયિક શિક્ષણ | ઢોળવા પ્રાથમિક શાળા | 31 |
| મીડલ સ્ટેજ ( ધોરણ ૬ થી ૮ ) | | | | |
| ક્રમ | શિક્ષકનું નામ | વિષય | શાળાનું નામ | પા.નં |
| ૧૭ | કનેરીયા હિરેનકુમાર જયસુખભાઈ | Today's My Page | જોનપુર પ્રા. શાળા | 33 |
| ૧૮ | ડોબરિયા જલ્પેશકુમાર વલ્લભભાઈ | ગણિત વિજ્ઞાનની ડાયરી | શ્રી પીપળી પે સેન્ટર શાળા | 35 |
| ૧૯ | હિરપરા નિરવભાઈ વ્રજલાલ | સરળ અને સહેલું સામાજિક વિજ્ઞાન | ભવનાથ પ્રાથમિક શાળા | 37 |
| ૨૦ | ગજેરા ભાવેશકુમાર બાબુભાઈ | પ્રાયોગિક રીતે ગણિતનાં રોચક તથ્યોની સમજ | ગોરવિયાળી પ્રા શાળા | 39 |
| ૨૧ | મેર પ્રજેશકુમાર મહેશભાઈ | સંગ્રહથી વિશિષ્ટ જ્ઞાન અને ગણનની સફર | આંત્રોલી પે સેન્ટર શાળા | 41 |
| ૨૨ | માળવિયા રમેશકુમાર પુંજાભાઈ | પુસ્તક પાથેય | સી આર સી કો ઓર્ડીનેટર - જંગર (ગીર) | 43 |
| ૨૩ | સોલંકી જગદીશકુમાર કનુભાઇ | Powerful pedagogy with IKS | સી આર સી કો ઓર્ડીનેટર - મોટા કોટડા | 45 |
| ૨૪ | ધર્મેશકુમાર દયાળજીભાઈ વાઢેર | કચરાનું નવજીવન | શ્રી સ.ભ.ગો કન્યાશાળા | 47 |

| મીડલ સ્ટેજ ( ધોરણ ૬ થી ૮ ) | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | શિક્ષકનું નામ | વિષય | શાળાનું નામ | પા.નં |
| ૨૫ | ભાડેચિયા દર્શનકુમાર હરસુખભાઇ | સરળતાથી શીખીએ સામાજિક વિજ્ઞાન | શ્રી ઢેબર પ્રાથમિક શાળા | 49 |
| ૨૬ | મકવાણા હેમંત ખેતાભાઇ | SAT AND MAT | ઉમરાળા પ્લોટ પ્રા. શાળા | 51 |
| ૨૭ | બોદર જાગૃતીબેન કરસનભાઈ | નકશાપૂર્તિ | શ્રી ચાંદીગઢ પ્રાથમિક શાળા | 53 |
| ૨૮ | બારીયા રમીલાબેન ભીખુભાઈ | શિક્ષણ સાથે સંસ્કારોનું સિંચન | શ્રી પીપળી પે સેન્ટર શાળા | 55 |
| ૨૯ | રાઠોડ ભાવનાબેન મુળજીભાઈ | ગાંધીજીના અગિયાર મહાવ્રતો આપણા બાળકો માટે | પી.એમ. શ્રી કન્યા શાળા નં. - 5 | 57 |
| ૩૦ | કાચા જીજ્ઞાબેન ચંદુભાઈ | સામાજિક વિજ્ઞાન વિષયનું પ્રવૃતિમય શિક્ષણ | બામણગામ પ્રાથમિક શાળા | 59 |
| ૩૧ | બંધીયા મંજુબેન દેવશીભાઈ | સામાજિક વિજ્ઞાનની પૉકેટબુક | ઈશાપુર પ્રાથમિક શાળા | 61 |
| ૩૨ | કરંગીયા કાજલ ખીમાણંદભાઈ | Reuse of plastic | સરદારપરા પ્રા શાળા | 63 |
| ૩૩ | સિંધવડ રશ્મિ ગીરીશભાઈ | જ્ઞાન સાથે ગમ્મત | પી.એમ.શ્રી બંદર પ્રાથમિક શાળા | 65 |
| ૩૪ | રાવલિયા તતિક્ષાબેન પરબતભાઈ | સામાજિક વિજ્ઞાનના વ્યક્તિ વિશેષ પાત્રો | નાનડિયા પે.સે.શાળા | 67 |
| ૩૫ | બાબરીયા પુજાબેન નાનજીભાઈ | ગણિતના કઠિન મુદ્દાઓનું સરલીકરણ | નાકરા પ્રાથમિક શાળા | 69 |
| ૩૬ | પૂજારા પ્રિયંકા મહેન્દ્રભાઈ | પ્રયોગોની દુનિયા | શ્રી સરકડિયા પ્રાથમિક શાળા | 71 |
| ૩૭ | કિંજલ દેવચંદભાઈ રાઠોડ | શિક્ષણ અને પર્યાવરણ સંવર્ધનનો સમન્વય | શ્રી વડીયા પે સેન્ટર શાળા | 73 |
| ૩૮ | ભુવા હર્ષાબેન મોહનલાલ | Let's Make It Easier | તાલુકા પે સેન્ટર શાળા | 75 |
| ૩૯ | રાખોલીયા વિલાસબેન જીણાભાઇ | આવો,... કરીએ સામાજિક વિજ્ઞાનમાં સફર ! | શ્રી આંબલા પ્રાથમિક શાળા | 77 |
| સેકન્ડરી સ્ટેજ ( ધોરણ ૯ થી ૧૨ ) | | | | |
| ૪૦ | વૈશ્નવ મીરા સતિષભાઇ | વર્ગખંડથી વૈજ્ઞાનિકો સુધીની સાફલ્યગાથા... | શ્રી સ્વામી વિવેકાનંદ વિનય મંદિર -ચણાકા(ઉમરાળી) | 79 |
| ૪૧ | ડો.ઠાકોર હેમલભાઈ રાજેન્દ્રસિંહ | સર્જનાત્મકતાથી સફળતા તરફ | સ્વ. ટી એલ વાળા કન્યા વિદ્યાલય જુનાગઢ | 81 |
| ૪૨ | સેલારકા વિજય હરિલાલ | કાવ્યાર્થ ગ્રહણથી મૂલ્ય ગ્રહણ | ડૉ. સુભાષ આર્ય કન્યાવિદ્યાલય જૂનાગઢ | 83 |
| ૪૩ | કોતલ રીઝવાન યુસુફભાઇ | ચાલો મોબાઈલથી બચીએ | શ્રી માધ્યમિક શાળા માંગરોળ | 85 |
| ૪૪ | ડો. પરેશભાઇ વજુભાઈ ગોહેલ | શિક્ષણમાં AI ટેકનોલોજીનો ઉપયોગ | શ્રી વલ્લભાચાર્ય હાઈસ્કૂલ માતરવાણિયા | 87 |
| ૪૫ | દલસાણીયા વિપુલકુમાર જીવનભાઈ | ગણિત મજા સાથે શીખીએ | શ્રી વિવેકાનંદ હાઇસ્કૂલ - વંથલી | 89 |
| ૪૬ | ડૉ વનરાજભાઈ વીરાભાઇ પરમાર | શ્રીમદ્ ભગવદગીતામાં મૂલ્યો અને તેનો અમલ | જવાહર વિનય મંદિર શાપુર | 91 |
| ૪૭ | ચતુર્વેદી જિજ્ઞેશકુમાર મનસુખલાલ | વિજ્ઞાન - એક વિધાન | મિડલ સ્કૂલ - ભલગામ મોટા | 93 |
| સ્કૂલ ઇનોવેશન કાઉન્સિલ (SIC) | | | | |
| ૪૮ | મારવણિયા કૃણાલકુમાર જયંતિલાલ | સ્કૂલ ઇનોવેશન કાઉન્સિલ (SIC) | પીએમ શ્રી શાપુર પે સેન્ટર .શાળા | 95 |

## રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત
## એજ્યુકેશન ઇનોવેશન ફેસ્ટિવલ 2025-26 (જિલ્લા કક્ષા)




❖ **ઈનોવેટીવ શિક્ષક :** મોનિકાબેન દામાભાઈ ચાવડા

❖ **શાળા :** આંગણવાડી વડાળા કેન્દ્ર - 2

❖ **તાલુકો :** માળિયા હાટીના, **જિલ્લો :** જૂનાગઢ

❖ **મોબાઈલ નંબર :** 9723636998

❖ **E- mail :** awc.vadala2@gmail.com


1

# બાળક એ જ શિક્ષક

❖ **ક્ષેત્ર :** ફાઉન્ડેશનલ સ્ટેજ સબંધિત ઈનોવેશન, અધ્યયન અધ્યાયન પ્રક્રિયા અને મૂલ્યાંકન પ્રક્રિયા.

❖ **સમસ્યા :** આત્મવિશ્વાસની ઉણપ, સંકોચપણું, સ્ટેજ ફીયર.

❖ **ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :**

- આંગણવાડી કેન્દ્ર પર કરવામાં આવતી દૈનિક થીમ મુજબ બાળક પ્રવૃત્તિ કરવામાં સંકોચન અનુભવતું, કાર્યમાં રુચિ ન દર્શાવતું, શરમ અનુભવતું અને સ્પષ્ટ ભાષા ન બોલી શકતું.
- અન્ય બાળકના વાલી સામે સંકોચન અનુભવી મુંજાઈને ચૂપ રહેતું.
- આંગણવાડી ઘટકના સુપરવાઇઝર સમક્ષ બોલી શકતું નહીં.

❖ **પ્રયુક્તિ** : અનુભવજન્ય જ્ઞાન

❖ **સાધન સામગ્રી** : ચોક, ડસ્ટર, વાર્તા, ચિત્રો, રમકડા, પોસ્ટર, દીવાલ પર કરેલા ચિત્ર, પક્ષીઓના પીછા.

❖ **લક્ષ્યજૂથ** : આંગણવાડીના બાળકો - 3 થી 5 વર્ષ

❖ **સ્ટેજ** : ફાઉન્ડેશનલ સ્ટેજ (આંગણવાડી)

❖ **સમયગાળો** : સપ્ટેમ્બર 2024 થી ચાલુ

❖ **નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :**

- અઠવાડિયામાં એક દિવસ એક કે બે બાળકોને “નાના શિક્ષક” બનાવવામાં આવે છે. તે બાળક ચિત્ર સમજાવે, સામગ્રી વહેંચે અથવા નાની પ્રવૃત્તિ બતાવે છે. ત્યારબાદ તેને અન્ય બાળકોને ભણાવવાનું અને શીખડાવવાનું કહેવામાં આવ્યું. જેથી બાળક બીજા બાળકોને ચિત્ર સમજાવે, સામગ્રી વહેંચે અથવા નાની પ્રવૃત્તિ બતાવે છે.
- તે દિવસે બાળકને પોતાને મનગમતા બાળગીતો તથા વાર્તા બીજા બાળકો સમક્ષ રજૂ કરવાનું કહેવામાં આવ્યું.
- આવી રીતે અઠવાડિયાના એક દિવસ શિક્ષક દિવસ ઉજવવામાં આવ્યો.

❖ **મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુકિત વગેરેની વિગત ) :**

એક દિવસ બનેલા શિક્ષકના મૂલ્યાંકનમાં બાળકને શિક્ષક બનેલા દિવસે જે પ્રવૃત્તિ કરી હતી તેના વિશે પૂછવામાં આવ્યું. જેથી બાળક યાદ કરીને કહેવા લાગ્યું અને વિગતવાર માહિતી આપવા લાગ્યું

❖ **પરિણામો (ડેટા સબંધિત-આધાર પુરાવા સાથે) :**

- બાળકોમાં આત્મવિશ્વાસ, ભાષા અને નેતૃત્વ કુશળતા વિકસી.
- બાળકોમાં સ્વ-અભિવ્યક્તિ વધી.

❖ **લાભાર્થીની સંખ્યા :** 15 બાળકો

❖ **ઉપયોગિતા / આઉટકમ :**

- આત્મવિશ્વાસ, ભાષા અને નેતૃત્વ કુશળતા વિકસે છે.
- સંચાર ક્ષમતા અને સ્વ-અભિવ્યક્તિ વધે છે.
- સંકોચશીલ બાળકોમાં હિંમત આવે છે.

❖ **નવતર પ્રયોગના ફોટોગ્રાફ:**





## રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત
## એજ્યુકેશન ઇનોવેશન ફેસ્ટિવલ 2025-26 (જિલ્લા કક્ષા)




- ❖ **ઈનોવેટીવ શિક્ષક :** સોલંકી મનિષાબેન ચુનીભાઈ
- ❖ **શાળા :** માલણકા આંગણવાડી કેન્દ્ર - 1
- ❖ **તાલુકો :** મેંદરડા,  **જિલ્લો :** જૂનાગઢ
- ❖ **મોબાઈલ નંબર :** 97376650
- ❖ **E- mail :** manishagohel49@gamil.com


2

# પઝલ દ્વારા શિક્ષણ

❖ **ક્ષેત્ર :** ફાઉન્ડેશનલ સ્ટેજ સબંધિત ઈનોવેશન, અધ્યયન અધ્યાયન પ્રક્રિયા અને મૂલ્યાંકન પ્રક્રિયા.

❖ **સમસ્યા:** બાળકોને પઝલનું જ્ઞાન ન હોવાથી બાળકો માટે આલગ-અલગ પઝલ્સ બનાવવી.

- ❖ **પ્રયુક્તિ** : અનુભવજન્ય જ્ઞાન
- ❖ **સાધન સામગ્રી** : બોક્સ,પૂંઠા,કાતર,ગુંદર,કલર,રંગીન કાગળ વગેરે,
- ❖ **લક્ષ્યજૂથ** : આંગણવાડીના બાળકો - 3 થી 5 વર્ષ
- ❖ **સ્ટેજ** : ફાઉન્ડેશનલ સ્ટેજ (આંગણવાડી)
- ❖ **સમયગાળો** : 6 મહિના

❖ **નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :**

- બાળકો માટે અલગ-અલગ પઝલ બનાવવાનો વિચાર આવતા આસપાસમાંથી પૂંઠાઓ એકઠા કર્યા.
- પૂંઠા પર અલગ-અલગ શાકભાજી, પ્રાણી, પક્ષી, ફળ વગેરેના ચિત્રો દોરી રંગીન કાગળ ચોટાળી તેના અલગ-અલગ ટુકડાઓ બનાવી પઝલ તૈયાર કરી.

❖ **મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુકિત વગેરેની વિગત ) :**
બાળકોને વિવિધ પઝલ આપવામાં આવી જેના થોડા મહાવરા બાદ બાળકો જાતે પઝલ રમતા થયા અને અધરી પઝલ પણ રમવા લાગ્યા. ફળ, શાકભાજી, પ્રાણી વગેરે વિશે અભ્યાસ કરતા થયા.

❖ **પરિણામો (ડેટા સબંધિત-આધાર પુરાવા સાથે) :**

- બાળકો પઝલ વિશે માહિતગાર થયા.
- રમતા-રમતા નવું જ્ઞાન મેળવતા થયા.

❖ **લાભાર્થીની સંખ્યા :** 17 બાળકો

❖ ઉપયોગિતા / આઉટકમ :

- બાળકો પઝલથી માહિતગાર થયા
- બાળકો પઝલ દ્વારા જ્ઞાન મેળવતા થયા.

❖ નવતર પ્રયોગના ફોટોગ્રાફ / QR કોડ:











❖ ઈનોવેટીવ શિક્ષક : મિનાક્ષીબેન નીતીનભાઈ જોષી
❖ શાળા : આંગણવાડી કેન્દ્ર ભેસાણ – 2
❖ તાલુકો : ભેસાણ, જિલ્લો : જૂનાગઢ
❖ મોબાઈલ નંબર : 9016007793
❖ E- mail : joshintin@gmail.com

3

## દૈનિક જરૂરિયાત સબંધિત શિક્ષણ.

❖ **ક્ષેત્ર :** જીવન કૌશલ્ય

❖ **સમસ્યા :** આંગણવાડીના 3 થી 5 વર્ષના બાળકોને પોતાની દૈનિક દિનચર્યામાં પોતાના કપડાનાં બટન, ચેઈન, કમરનો પટ્ટો, બુટની દોરી, હૂંક વગેરે પોતાની (જાતે) રીતે ખોલ બંધ કરવાનો અપૂરતો અનુભવ.

❖ **ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :**
આંગણવાડીના 3 થી 5 વર્ષનાં બાળકો પોતાના કપડાનાં બટન, ચેઈન, કમરનો પટ્ટો, બુટની દોરી, હૂંક પોતાની રીતે (જાતે) ખોલ બંધ કરી શકતા ન હતા.

❖ **પ્રયુક્તિ** : કપડા (શર્ટ) ખોલ બંધ કરવાની પ્રયૂક્તિ (વ્યક્તિગત)
❖ **સાધન સામગ્રી** : શર્ટ, નાના મોટા બટન, દોરી, કમર પટ્ટો,નાની મોટી ચેઈન.
❖ **લક્ષ્યજૂથ** : ૩ થી ૫ વર્ષના બાળકો
❖ **સ્ટેજ** : ફાઉન્ડેશનલ સ્ટેજ (આંગણવાડી)
❖ **સમયગાળો** : ૧૦ મહિનાથી સતત...

❖ **નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :**
- ઘરના પુરુષોના નકામા શર્ટનો ઉપયોગ.
- શરૂઆતના દિવસોની પ્રવૃતિમાં બાળકોને અન્ય બાળકોનાં કપડા પહેરાવી ખોલ બંધ કરાવવાની શરૂઆત.
- ચેઇન ખોલ બંધ કરાવવાની પ્રવૃત્તિ

❖ **મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયૂકિત વગેરેની વિગત) :**
- બાળકો પોતાના કપડાના બટન,ચેઇન બેલ્ટ,હૂંક, ખોલ બંધ કરતા શીખ્યા.
- પોતાની બુટની દોરી જાતે બાંધતા શીખ્યા.

- દોરી પરોવણીની પ્રવૃત્તિ.
- કમર પટ્ટો બાંધવાની પ્રવૃત્તિ.
- ઉપરોક્ત પ્રવૃતિનો સતત મહાવરો.

❖ **પરિણામો (ડેટા સબંધિત-આધાર પુરાવા સાથે) :** આંગણવાડીના બાળકો પોતાના કપડાના બટન, ચેઇન, બુટની દોરી વગેરે જાતે ખોલતા બંધ કરતા થયા.

❖ **લાભાર્થીની સંખ્યા :** 25 બાળકો

❖ **ઉપયોગિતા / આઉટકમ :**

- બાળકો બટન, ચેઈન, બેલ્ટ, હૂંક ખોલતા બંધ કરતા શીખે.
- બુટની દોરી જાતે છોડતા અને બાંધતા શીખે.
- બાળકોના આંગળીઓના સ્નાયુનો વિકાસ થાય.
- બાળકોનો માનસિક વિકાસ થાય.
- આ નવતર પ્રયોગ બાળકોના જીવન કૌશલ્ય માટે ઉપયોગી છે.

❖ **નવતર પ્રયોગના ફોટોગ્રાફ :**






રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત
એજ્યુકેશન ઇનોવેશન ફેસ્ટિવલ 2025-26 (જિલ્લા કક્ષા)




- ઈનોવેટીવ શિક્ષક : સાવલિયા સંગીતાબેન બી.
- શાળા : આંગણવાડી પાર્થ કેશોદ- 12
- તાલુકો : કેશોદ, જિલ્લો : જૂનાગઢ
- મોબાઈલ નંબર : 9925502083
- E- mail : vaghasiyasangita79@gmail.com


4

## જ્ઞાનથી અક્ષરજ્ઞાન તરફ

- **ક્ષેત્ર :** ફાઉન્ડેશનલ સ્ટેજ સબંધિત ઈનોવેશન.

- **સમસ્યા :** આંગણવાડીના બાળકોમાં અક્ષરજ્ઞાનનો અભાવ.

- **ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :**
  - અક્ષરજ્ઞાનની સમજણ ન હતી.
  - કોઈ મૂળાક્ષરો ઓળખી શકતા ન હતા.

- **પ્રયુક્તિ** : નિદર્શન પદ્ધતિ
- **સાધન સામગ્રી** : કાર્ડ, ટીવી, પઝલ, કલર, પૂંઠા, કાગળ, વગેરે.
- **લક્ષ્યજૂથ** : 3 થી 5 વર્ષના બાળકો - આંગણવાડી
- **સ્ટેજ** : ફાઉન્ડેશનલ સ્ટેજ (આંગણવાડી)
- **સમયગાળો** : 2 વર્ષ

- **નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :**
  - બાળકોને વિવિધ ચિત્રો બતાવવામાં આવે છે.
  - બાળકોને વિવિધ કાર્ડ દ્વારા સમજણ અપાય છે
  - બાળકોને ટીવીના માધ્યમથી સમજણ અપાય છે.
  - મૌખિક કસોટી દ્વારા મૂલ્યાંકન કરવામાં આવે છે.

- **મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુકિત વગેરેની વિગત ) :**
  મૌખિક કસોટી દ્વારા બાળકોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું

❖ પરિણામો (ડેટા સબંધિત-આધાર પુરાવા સાથે) :

- બાળકોમાં અક્ષરજ્ઞાનની સમજણ વિકસી.
- વર્ગના કુલ 40 બાળકોમાંથી 35 બાળકો અક્ષરજ્ઞાનની સમજણ મેળવતા થયા.

❖ લાભાર્થીની સંખ્યા : 35

❖ ઉપયોગિતા / આઉટકમ :

- બાળકો અક્ષર ઓળખતા થયા.
- બાળકો અક્ષર જ્ઞાનથી બોલતા શીખી શકયા.
- ભાષા વિકાસ થતાં જોવા મળ્યો.
- બાળકોને આત્મવિશ્વાસ વધતો જોવા મળેલ.
- આંગણવાડીના બાળકોને પાયાનું શિક્ષણ મજબૂત બન્યું.

❖ નવતર પ્રયોગના ફોટોગ્રાફ / QR કોડ:









❖ ઈનોવેટીવ શિક્ષક : ગોસ્વામી હિનાબેન હર્ષદગીરી
❖ શાળા : આંગણવાડી કલરવ સોંદરડા - 4
❖ તાલુકો : કેશોદ, જિલ્લો : જૂનાગઢ
❖ મોબાઈલ નંબર : 8511715919
❖ E- mail : heena8585h@gmail.com

5

## ચાલો પશુ-પંખીઓને ઓળખતા થઇએ

❖ **સમસ્યા :** આંગણવાડીમાં આવતા બાળકોને પશુ-પંખીઓને ઓળખવામાં સમજણ પડતી નથી.

❖ **ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર - પુરાવા) :**
બાળકોને પશુ-પંખીઓની ઓળખ વિષે સમજણ ન હતી.

❖ **પ્રયુક્તિ** : નિદર્શન પદ્ધતિ અને અવલોકન પદ્ધતિ
❖ **સાધનસામગ્રી** : ખોખા, કલર, કાતર, રંગીન કાગળ, પેન્સિલ, ગુંદર, સ્ટીક વગેરે.
❖ **લક્ષ્યજૂથ** : 3 થી 6 વર્ષના આંગણવાડીના બાળકો.
❖ **સ્ટેજ** : ફાઉન્ડેશનલ સ્ટેજ (આંગણવાડી)
❖ **સમયગાળો** : બે વર્ષ થી વધુ.

❖ **નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :**
- પશુ-પંખીઓની સમજણ બાળકોને TLM ના માધ્યમથી આપવામાં આવ્યું.
- પશુ-પંખીઓના જુદાજુદા અવાજ અલગ હોય છે. તે સમજતા શીખ્યા.
- પશુ-પંખીઓના જુદાજુદા કલર હોય છે. તે સમજતા શીખ્યા.
- પશુ-પંખીઓના જુદાજુદા નામ હોય છે. તે સમજતા શીખ્યા.

❖ **મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુકિત વગેરેની વિગત) :**
મૌખિક કસોટી દ્વારા મૂલ્યાંકન કરવામાં આવ્યું.

❖ **પરિણામો (ડેટા સબંધિત – આધાર પુરાવા સાથે) :**
- પશુ-પંખીઓ સરળતાથી બતાવવામાં મદદ થઈ અને ઓળખતા થયા.
- આંગણવાડીમાં 5 બાળકો હતા. તેમાંથી બાળકોને સરળતાથી સમજણ પડી હતી અને સમજતા થયા.

- બાળકો જાતે **TLM** ના માધ્યમથી પશુ-પંખીઓના નામ બોલતા થઈ ગયા.

## ❖ ઉપયોગિતા / આઉટકમ :

- બાળકોને પશુ-પંખીઓના નામ અવાજને ચિત્રથી ઓળખતા થયા.
- દૂધવાળા પશુઓની ઓળખ અને સમજણ પડતી થઈ.
- પંખીઓની ઓળખાણ થઈ અને તેની સમજણ પડી.
- બાળકોની આસપાસ જોવા મળતા પશુ પંખીઓની યાદી કરતાં થયા.

## ❖ નવતરપ્રયોગના ફોટોગ્રાફ / QR કોડ:







રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત
એજ્યુકેશન ઇનોવેશન ફેસ્ટિવલ 2025-26 (જિલ્લા કક્ષા)




- ઈનોવેટીવ શિક્ષક : મેસવાણિયા ગીતાબેન મોહનભાઈ
- શાળા : આંગણવાડી કેન્દ્ર નંબર દિવાસા 1
- તાલુકો : માંગરોળ, જિલ્લો : જૂનાગઢ
- મોબાઈલ નંબર : 9227831410
- E- mail :


6

# સર્જન મારા ભૂલકાઓ દ્વારા

- **ક્ષેત્ર :** ફાઉન્ડેશનલ સ્ટેજ

- **સમસ્યા :** બાળકોમાં સ્થિરતાનો અને એકાગ્રતાનો અભાવ તથા નવીન શીખવા માટે નિરસતા જોવા મળી.

- **પ્રયુક્તિ** : નિદર્શન પ્રયુક્તિ
- **સાધનસામગ્રી** : કાગળ, ગુંદર, કાતર
- **લક્ષ્યજૂથ** : 3 થી 6 વર્ષના આંગણવાડીના બાળકો.
- **સ્ટેજ** : ફાઉન્ડેશનલ સ્ટેજ (આંગણવાડી)
- **સમયગાળો** : 6 મહિના

## નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :

- સૌપ્રથમ નકામા કાગળના ટુકડા કરી બાળકોને આપવામાં આવ્યા. આ ટુકડાને બાળકો હાથથી મસળીને ગોળ ગોળીઓ બનાવે. ત્યારબાદ શિક્ષક દ્વારા એક મોટી પ્લેટમાં ચોક દ્વારા અલગ અલગ આકાર કે ચિત્ર બનાવવામાં આવે. ત્યારબાદ બાળકો તે આકાર કે ચિત્ર પર પોતે જાતે બનાવેલ કાગળની ગોળીઓ ગોઠવી અને ચિત્ર પૂર્ણ કરે.
- શરૂઆતમાં બધા બાળકો રસ ન લેતા હતા. પણ જેમ જેમ જોડાયા તેમ તેમ તે વધુ ને વધુ શીખતા ગયા અને બીજા બાળકો પણ જોડાતા ગયા. જેથી વધારે બાળકો રસ લઈને કાગળની ગોળીઓ બનાવી ચિત્ર પર ચોટાડતા થયા.
- બાળકો જાતે કાગળની ગોળીઓ બનાવી યોગ્ય જગ્યાએ ચોંટાડી શક્યા.

## પરિણામો (ડેટા સબંધિત – આધાર પુરાવા સાથે) :

- વાલીઓમાં હકારાત્મક અભિગમ જોવા મળ્યો.
- બાળકો વધુ રસ લઈને પ્રવૃત્તિ કરતા થયા.

❖ **લાભાર્થીની સંખ્યા : 40**

❖ **ઉપયોગિતા / આઉટકમ :**

- આ પ્રવૃત્તિથી બાળકોમાં તેમના હાથના આંગળા અને હથેળીના હલનચલનથી હાથના સ્નાયુનો વિકાસ થાય.
- બાળકોમાં એકાગ્રતા વધે અને બાળકોના માનસિક અને ભાવનાત્મક વિકાસ - વૃદ્ધિ થાય.
- વાલીઓમાં હકારાત્મક અભિગમ જોવા મળે.
- બાળકો વધુ રસ લઈને પ્રવૃત્તિ કરતા થાય.

❖ **નવતરપ્રયોગના ફોટોગ્રાફ / QR કોડ:**





રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત
એજ્યુકેશન ઇનોવેશન ફેસ્ટિવલ 2025-26 (જિલ્લા કક્ષા)




❖ ઈનોવેટીવ શિક્ષક : ડઢાણીયા મિનાક્ષીબેન મોહનભાઈ
❖ શાળા : આંગણવાડી વાડલા કેન્દ્ર - 1
❖ તાલુકો : વંથલી, જિલ્લો : જૂનાગઢ
❖ મોબાઈલ નંબર : 8160265329
❖ E- mail : minaxivadariya55@gmail.com


7

## વેસ્ટમાંથી બેસ્ટ

❖ **ક્ષેત્ર :** શાળા વ્યવસ્થાપન અંતર્ગત ભાવાવરણ વિકાસ, આંગણવાડીમાં **Waste Management**

❖ **સમસ્યા :** બાળકો આંગણવાડીમાં આવવા માટે અરૂચિ દાખવતા હતા.

❖ **ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :**
- બાળકોમાં સ્થિરતા એકાગ્રતાનો અભાવ.
- વેસ્ટ વસ્તુઓમાંથી કોઈ વસ્તુ બનાવી શકાય તે માટે અજાણ.



❖ **પ્રયુક્તિ** : જુથ કાર્ય, સામુહિક કાર્ય
❖ **સાધન સામગ્રી** : પૂંઠા, બાકસના ખોખા, સળી, કાગળ, સાડીના ખોખા, કલર, કાગળના ગ્લાસ
❖ **લક્ષ્યજૂથ** : 3 થી 6 વર્ષના આંગણવાડીના બાળકો.
❖ **સ્ટેજ** : ફાઉન્ડેશનલ સ્ટેજ (આંગણવાડી)
❖ **સમયગાળો** : 2022 થી ચાલુ

❖ **નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :** બાળકોને નકામા ખોખા બાકસના ખોખા, કપડાના ખોખા, વગેરે લાવવા. પછી તે નકામા ખોખામાંથી બાળકોને ઉપયોગી એવી પઝલને ગેમ બનાવવાનું શરૂ કર્યું. બધા બાળકો રસ પૂર્વક જોડાઈને નવા નવા રમકડા અને પઝલ બનાવવાની શરૂઆત કરી. તેના માટે જરૂરી તમામ ચીજ વસ્તુઓ એકઠી કરી. રમકડા અને પઝલ જેવા કે બોલ પાસિંગ કલરવાળી સળી ગોઠવીને આકાર અને કલરની ઓળખ જેવા રમકડા બનાવ્યા. આ રમકડા અને પઝલ બાળકોને રમવા માટે શરૂ કર્યા.

❖ **મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુકિત વગેરેની વિગત ) :**
- બાળકોને જાતે ગેમ રમવા કહ્યું અને તેઓ એમાં સફળ રહ્યા.
- કઠિન રમતો પણ સરળતાથી રસ પૂર્વક રમવા લાગ્યા.

## ❖ પરિણામો (ડેટા સબંધિત-આધાર પુરાવા સાથે) :

| બાળકોની સંખ્યા | પ્રયોગ પહેલાની સંખ્યા | પ્રયોગ પછીની સંખ્યા |
|---|---|---|
| 38 | 4 | 26 |

- બાળકો આંગણવાડીમાં હોંશે હોંશે આવતા થયા.
- આંગણવાડીમાં બધા બાળકો પોતાની રીતે આ બધી રમતો રમતા થયા.
- મોબાઈલ ના યુગમાં આવી રમતો માટે રસ ધરાવતા થયા.
- બાળકોનો શારીરિક અને માનસિક વિકાસ થયો.

❖ **લાભાર્થીની સંખ્યા :** 38

❖ **આ ઇનોવેશનનો અમલ અન્ય શાળા દ્વારા કરવામાં આવ્યો હોય તો તેની વિગત :** હા, આંગણવાડી સેલરા અને લુવારસર

## ❖ ઉપયોગિતા / આઉટકમ :

- બાળકો આંગણવાડીમાં આવતા થયા અને પુરો સમય ત્યાં આનંદથી રહેતા થયા.
- બાળકો નવીન રમતો રમતા થયા.
- એક બીજાનો સહયોગ લેતા થયા આથી તેમનામાં આત્મીયતા વધી.
- બાળકોમાં સર્વાંગી વિકાસમાં આ ઈનોવેશન મદદરૂપ થયું.

## ❖ નવતર પ્રયોગના ફોટોગ્રાફ, QR કોડ:













- ઈનોવેટીવ શિક્ષક : દેકીવાડીયા જલ્પાબેન જે.
- શાળા : બીલખા કુમાર શાળા
- તાલુકો : જૂનાગઢ, જિલ્લો : જૂનાગઢ
- મોબાઈલ નંબર : 9265225523
- E- mail : shivangdedaniya234@gmail.com


8

# ગમ્મત સાથે જ્ઞાન

- **ક્ષેત્ર :** NEP 2020 અંતર્ગત ખેલ આધારિત શિક્ષણ

- **સમસ્યા :**
  - ધોરણ 1 અને 2 ના બાળકોની શાળામાં અનિયમિત હાજરી.
  - ધોરણ 1 અને 2 ના બાળકોને અભ્યાસમાં રસ રુચિ ન હોવી.

- **ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :**
  શાળામાં ધોરણ 1 અને 2 ના બાળકોની હાજરીનું પ્રમાણ ખૂબ જ ઓછું જોવા મળતું તથા બાળકોને અભ્યાસમાં રસ રુચિ ઓછી જોવા મળેલ.

- **પ્રયુક્તિ** : રમત , ક્વિઝ, જૂથ ચર્ચા, કથન.
- **સાધન સામગ્રી** : ડ્રોઈંગ શીટ, કાતર, થર્મોકોલ શીટ, ફેવિકોલ, મૂર્ત અમૂત વસ્તુઓ.
- **લક્ષ્યજૂથ** : ધોરણ 1 અને 2 ના વિદ્યાર્થીઓ.
- **સ્ટેજ** : ફાઉન્ડેશનલ સ્ટેજ (ધોરણ 1 અને 2 ના વિદ્યાર્થીઓ)
- **સમયગાળો** : 1 વર્ષ

- **નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :**
  વિદ્યાર્થીઓને વર્ગખંડ તથા આસપાસમાંથી સરળતાથી મળી રહે તેવી વસ્તુઓથી જ રમત રમાડી જ્ઞાન આપી શકાય તે માટે ખૂબ જ નજીવા ખર્ચથી આ બધી જ પ્રવૃત્તિઓ કરાવી બાળકોને રમતા રમતા જ્ઞાન આપી શકાય છે. બાળકોને પાયાના ધોરણથી જ ગમ્મત સાથે જ્ઞાન મળે તે માટે અવનવી પ્રવૃત્તિઓ, રમત તથા રમતા રમતા બાળકને ખબર પણ ન પડે તેવી રીતે ગાણિતિક કોયડાઓ તથા વ્યવહારુ જ્ઞાન મળી રહે તે માટે આ પ્રયુક્તિ ખૂબ જ ઉપયોગી છે.

❖ મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુકિત વગેરેની વિગત ) :

- જમીન પર એક થી 20 અંક લખવા ત્યારબાદ જે અંક કાર્ડ આપ્યું છે તેટલા ડગલા આગળ ચાલ્યો પછી જે અંક ઉમેરવાનો છે તેટલા ડગલા પાછા આગળ ચાલવાનું બાળક જે અંક પાસે આવીને ઊભો રહે તે જવાબ હશે.
- ગુજરાતીમાં મૂળાક્ષર શીખવવા માટે અક્ષર પત્તા ની ગેમ રમાડવી વર્ગખંડમાં અક્ષરના કાર્ડ અથવા ફ્લેશ કાર્ડ લઈ સંતાડી દેવા બાળકને તે ફ્લેશ કાર્ડ અથવા અક્ષર પત્તા શોધવા કહેવું જે ફ્લેશ કાર્ડ કે મૂળાક્ષરનું અક્ષર કાર્ડ આવે તેના પરથી શબ્દ બનાવવા ત્યારબાદ વાક્ય બનાવવા.

❖ પરિણામો (ડેટા સબંધિત-આધાર પુરાવા સાથે) :

- શાળામાં બાળકો નિયમિત આવવા લાગ્યા.
- બાળકોની હાજરીમાં સુધારો જોવા મળ્યો.
- બાળકોને અભ્યાસમાં રસરૂચી વધવા લાગી.

❖ લાભાર્થીની સંખ્યા : 62

❖ આ ઇનોવેશનનો અમલ અન્ય શાળા દ્વારા કરવામાં આવ્યો હોય તો તેની વિગત :

બીલખા કુમાર અને ઉમરાળા પ્લોટ પ્રાથમિક શાળા

❖ ઉપયોગિતા / આઉટકમ :

- આ નવતર પ્રયોગથી બાળકોની હાજરીનું પ્રમાણ વધ્યું તથા બાળકોમાં સહ અભ્યાસિક પ્રવૃત્તિ પ્રત્યે રસ જોવા મળેલ.
- વિદ્યાર્થીઓમાં તર્ક શક્તિ અને મૌખિક અભિવ્યક્તિનો વિકાસ થયેલ જોવા મળેલ.

❖ નવતર પ્રયોગના ફોટોગ્રાફ, QR કોડ:





રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત
એજ્યુકેશન ઇનોવેશન ફેસ્ટિવલ 2025-26 (જિલ્લા કક્ષા)




❖ ઈનોવેટીવ શિક્ષક : બહાદુરસિંહ વનરાજસિંહ વાળા
❖ શાળા : સી.આર.સી.આલીધ્રા
❖ તાલુકો : મેંદરડા, જિલ્લો : જૂનાગઢ
❖ મોબાઈલ નંબર : 9429488223
❖ E- mail : bahadursinhvvala@gmail.com


9

## સ્વરચિત બાળકાવ્ય સંગ્રહના એનિમેશન દ્વારા મૂલ્ય અને ભાષા શિક્ષણ

❖ **ક્ષેત્ર :** ડિજીટલ ટેકનોલોજી આધારિત **Artificial Intelligence** નો શિક્ષણમાં ઉપયોગ

❖ **સમસ્યા :**

- વાંચન અને ગાયનની સામગ્રીની એક સાથે ઓછી ઉપલબ્ધતા.
- સાક્ષરતા અને જીવનકૌશલ્યોને જોડતા શૈક્ષણિક સાધનોની ઓછી ઉપલબ્ધતાને કારણે વિવિધ શારીરિક કુટેવોનું વધુ પ્રમાણ (દા.ત. જંક ફૂડનું વધુ સેવન,મોબાઈલનો અતિરેક )
- બાળકોને મૂળાક્ષરો તથા આલ્ફાબેટ વગેરે ચીલાચાલુ કે રટણ પદ્ધતિથી તૈયાર કરતા હોવાથી વાંચનમાં મુશ્કેલી અનુભવતાં હતા.
- વિવિધ મૂલ્યો જેવાકે પક્ષી અને પ્રાણીપ્રેમ, પરિવારપ્રેમ, વિનય, આત્મવિશ્વાસ વગેરેમાં કચાશ.

❖ **ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :**

| સી.આર.સી.આલીધ્રામાં સમાવિષ્ટ શાળામાં ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (કુલ સંખ્યા- 417 ) | | |
|---|---|---|
| વાંચનમાં કચાશ | મૂલ્યોના વિકાસ સબંધિત કચાશ | સ્વસ્થ જીવન શૈલી સબંધિત કચાશ |
| 67 | 46 | 140 |

❖ **પ્રયુક્તિ** : કલા સંકલિત શિક્ષણ, ટેકનોલોજી આધારિત શિક્ષણ.

❖ **સાધન સામગ્રી** : “કલબલ કલબલિયા” કાવ્યસંગ્રહ, સ્માર્ટ ક્લાસ, ટી.વી, લેપટોપ, મોબાઈલ.

❖ **લક્ષ્યજૂથ** : બાળવાટિકા થી ધોરણ 5.

❖ **સ્ટેજ** : ફાઉન્ડેશનલ સ્ટેજ તથા પ્રિપેરેટરી સ્ટેજ.

❖ **સમયગાળો** : 6 માસ

❖ **નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :**

વિદ્યાર્થીઓની ઉપરોક્ત સમસ્યાઓ સતત ધ્યાને લેતા વર્ગખંડ શિક્ષણમાં સરળતા માટે વિવિધ પ્રકારના બાળકાવ્યો / શિશુકાવ્યોનું સર્જન કરવાનું નક્કી કર્યું. ભાષા તથા મૂલ્યશિક્ષણને લગતી વિવિધ અધ્યયન નિષ્પતિ ટેકનોલોજીના માધ્યમથી સિદ્ધ થાય તે માટે તેમના એનિમેશનવાળા આકર્ષક અને બાળકોને ગમે તેવા વિડિયો તૈયાર કરવામાં આવ્યા. આ બાળકાવ્ય સંગ્રહ તથા તેના આધારિત તૈયાર

થયેલ એનિમેટેડ વિડિયો ક્લસ્ટરની તમામ શાળાઓ સુધી YouTube ના માધ્યમથી પહોંચતા કર્યા. સાથે જ દરેક શાળાને બાળકાવ્ય સંગ્રહ પણ આપવામાં આવ્યો. શાળાની મુલાકાત વખતે પણ બાળકો સાથે આ ગીતો ગાઈને રસાસ્વાદ કરાવ્યો. શાળાના બાળકો ગીતોની નીચે લખેલ subtitle પણ વાંચતા જાય જેથી વાંચનનો મહાવરો ગાતાં ગાતાં થઈ શકે. સાથે જ પ્રાણી પ્રેમ,પક્ષીપ્રેમ, કુટુંબપ્રેમ,જંકફૂડ રહિત યોગ્ય આહાર શૈલી, આત્મવિશ્વાસનો વિકાસ જેવા વિવિધ મૂલ્યોનો વિકાસ થયો.

❖ **મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુકિત વગેરેની વિગત ) :**

બાળકોમાં વાંચનના સુધારાની તપાસ માટે ORF એપ્લિકેશનની મદદથી લીધી. સાથે જ મૂલ્યોના વિકાસ અંગે શિક્ષકોની અભિપ્રાયવલી ભરાવી. તેમજ સ્વસ્થ જીવનશૈલી નો વિકાસ થયો છે કે કેમ તે જાણવા માટે વિદ્યાર્થીઓને પ્રશ્નોત્તરી હા/ના સ્વરૂપે કરી તેમના પ્રત્યુતર જાણી અને સમગ્ર નવાચારનું ત્રિવિધ રીતે મૂલ્યાંકન કર્યું.

❖ **પરિણામો (ડેટા સબંધિત-આધાર પુરાવા સાથે) :**

| સી.આર.સી.આલીધ્રામાં સમાવિષ્ટ શાળામાં ઇનોવેશન પછીની સ્થિતિ ( કુલ સંખ્યા બાળવાટિકા અને ધોરણ 1 થી 5 - 417 ) | | | | | |
|---|---|---|---|---|---|
| વાંચનમાં કચાશ | | મૂલ્યોના વિકાસ સબંધિત કચાશ | | સ્વસ્થ જીવન શૈલી સબંધિત કચાશ | |
| પહેલાં | પછી | પહેલાં | પછી | પહેલાં | પછી |
| 67 | 22 | 46 | 3 | 140 | 11 |
| સુધારાની ટકાવારી | | | | | |
| 67.16 % | | 93.47 % | | 92.14 % | |

❖ **લાભાર્થીની સંખ્યા :** 417




❖ **આ ઇનોવેશનનો અમલ અન્ય શાળા દ્વારા કરવામાં આવ્યો હોય તો તેની વિગત :**

મેંદરડા તાલુકાના અન્ય તમામ ક્લસ્ટર

❖ **ઉપયોગિતા / આઉટકમ :**

❖ વિદ્યાર્થીઓ સાદાગીત,જોડકણા, કવિતાઓ વગેરે સાંભળતાં, ગાતાં અને માણતા થયા.(અ.નિ.9.1, G303.16/17/18 , )

❖ ટૂંકી કવિતાઓ ગાવાં સાથે વાંચતા થયાં જેથી વાંચનનો વિકાસ અને કલ્પનાનું અનુમાન કરતાં થયા.(અ.નિ. 9.1.2 ,G302.5/6/7,G402.1, )

❖ બાળસાહિત્યના વિવિધ પુસ્તકો લેવામાં અને વાંચવામાં રુચિ બતાવતા થયાં.(અ.નિ.10.9, G404.9,)

❖ વિદ્યાર્થીઓમાં વિવિધ મૂલ્યો જેવાકે પ્રાણીપ્રેમ,પક્ષીપ્રેમ, પરિવારપ્રેમ,વગેરેનો વિકાસ થયો. (અ.નિ.G306.1/2/3 ,G407.7, )

❖ વિદ્યાર્થીઓમાં સ્વસ્થ જીવનશૈલી સંબંધિત કચાશ જેમકે જંકફૂડનું અતિસેવન, મોબાઈલનો અતિરેક વગેરે દૂર થઈ તથા આત્મવિશ્વાસ નો વિકાસ થયો.( EV305,EV306)

❖ **નવતર પ્રયોગના ફોટોગ્રાફ, QR કોડ:**













❖ ઈનોવેટીવ શિક્ષક : મહિડા નીરૂબેન કનુભાઈ
❖ શાળા : શ્રી શોભાવડલા (લશ્કર) પ્રા. શાળા
❖ તાલુકો : વિસાવદર, જિલ્લો : જૂનાગઢ
❖ મોબાઈલ નંબર : 9974077768
❖ E- mail : Jullymahida@gmail.com

10

# રીસેસમાં ગમ્મત સાથે જ્ઞાન

❖ **ક્ષેત્ર :** NEP-2020 અંતર્ગત ખેલ આધારિત શિક્ષણ

❖ **સમસ્યા :**

- શાળામાં બાળકોની અનિયમિત હાજરી.
- વિવિધ વિષયોના અધ્યયન - અધ્યાપનમાં અરુચિ.

❖

❖ **ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :**

- બાળકોનો માનસિક વિકાસ નહીવત.
- જ્ઞાનના સ્તરમાં ધીમો વધારો.
- વ્યક્તિગત કે જૂથ કાર્ય કરવામાં ઓછી ઝડપ.

❖ **પ્રયુક્તિ** : ખેલ આધારિત શિક્ષણ. ( Play based learning )
❖ **સાધન સામગ્રી** : Black board, chalk-Duster, રમત-ગમતના સાધનો.
❖ **લક્ષ્યજૂથ** : શાળાના તમામ બાળકો.
❖ **સ્ટેજ** : પ્રીપેરેટરી સ્ટેજ (ધોરણ 3 થી 5)
❖ **સમયગાળો** : 3 વર્ષથી કાર્યરત.

❖ **નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :**

- બાળકો રિસેસના સમયનો સદુપયોગ કરે અને અભ્યાસ અને શાળા પ્રત્યે અભિરુચિ વધે તે માટે આ પ્રયોગ હાથ ધરવામાં આવ્યો.
- રિસેસના સમયમાં અલગ-અલગ indoor અને out door રમતોનું આયોજન કરવામાં આવ્યું.

1. **Fastest Round First:**

➢ ગુજરાતી, English, હિન્દી
➢ All subjects' grammar
➢ General knowledge
➢ ગણિત

- ➢ પર્યાવરણ

2. **Mind games / Memory test :**

- ➢ બોર્ડ પર બાળકોની બૌદ્ધિક ક્ષમતા વિકાસની રમતો.

3. **Brain Storming Activities :**

- ➢ **Pencil puzzles**
- ➢ **Chart games**


4. **Fun with friends :**

- ➢ **Outdoor games**
- ઉપરોક્ત પ્રમાણે અલગ – અલગ વિભાગોમાં રમતો રમાડી બાળકોને ગમ્મત સાથે જ્ઞાન આપવામાં આવ્યું.

### ❖ મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુકિત વગેરેની વિગત ) :

- **Fastest Round First** રમત રમાડીને વિદ્યાર્થીના જ્ઞાનની ચકાસણી કરવામાં આવે છે.
- **Mind developing games** રમાડીને બૌદ્ધિક ક્ષમતાની તપાસ કરવામાં આવે છે.

### ❖ પરિણામો (ડેટા સબંધિત-આધાર પુરાવા સાથે) :




### ❖ લાભાર્થીની સંખ્યા : ધોરણ 3 થી 5 ના 39 બાળકો

### ❖ ઉપયોગિતા / આઉટકમ :

- શાળામાં બાળકોની હાજરીનું પ્રમાણ વધ્યું.
- વિષયોના અધ્યયન-અધ્યાપનમાં અભિરુચિ વધી.
- બાળકોમાં આત્મવિશ્વાસ, તાર્કિક-તર્ક ક્ષમતા, સામાજિક કૌશલ્ય વિકાસ, **Fear Less**, બૌદ્ધિક વિકાસ, પ્રશ્ન નિરાકરણ કૌશલ્ય, વાલીઓનો હકારાત્મક પ્રતિભાવ જોવા મળ્યો.

### ❖ નવતર પ્રયોગના ફોટોગ્રાફ, QR કોડ:






## રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત
## એજ્યુકેશન ઇનોવેશન ફેસ્ટિવલ 2025-26 (જિલ્લા કક્ષા)




❖ ઈનોવેટીવ શિક્ષક : મહેતા જલ્પાબેન ચંદુભાઈ

❖ શાળા : શ્રી ચાપરડા પ્રાથમિક શાળા

❖ તાલુકો : વિસાવદર, જિલ્લો : જૂનાગઢ

❖ મોબાઈલ નંબર : 9724927167

❖ E- mail : mehtajapu37@gmail.com


11

# પ્રવૃત્તિ સાથે જ્ઞાન

❖ **ક્ષેત્ર :** NEP અંતર્ગત પર્યાવરણ શિક્ષણ

❖ **સમસ્યા :** જિલ્લામાં જોવાલાયક સ્થળો, ધાર્મિક સ્થળો, ઐતિહાસિક સ્થળો, બંધ, અભ્યારણો, મેળા વિષેની માહિતી મેળવવામાં મુશ્કેલી પડતી.

❖ **ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :**

- વિદ્યાર્થીઓમાં નિષ્ક્રિયતા.
- વિદ્યાર્થીઓને પોતાના જ જિલ્લાના નામ, તાલુકાઓ અને ધાર્મિક સ્થાનોની માહિતી ન હતી.

❖ **પ્રયુક્તિ** : પ્રોજેક્ટ કાર્ય, જૂથ ચર્ચા, દ્રશ્ય શ્રાવ્ય પ્રયુક્તિ, નિદર્શન

❖ **સાધન સામગ્રી** : ચાર્ટ, સ્કેચપેન, કલર પપેર, સ્માર્ટ ટીવી

❖ **લક્ષ્યજૂથ** : શ્રી ચાપરડા પ્રાથમિક શાળાના ધોરણ 3 થી 5 ના તમામ બાળકો.

❖ **સ્ટેજ** : પ્રીપેરેટરી સ્ટેજ (ધોરણ 3 થી 5)

❖ **સમયગાળો** : 6 મહિના થી શરૂ.

❖ **નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :**

- જિલ્લાનો નકશો મેળવીને તેનું અધ્યયન કાર્ય કરાવ્યું.
- તેમાં આવેલ તાલુકાઓની યાદી બનાવી.
- સ્માર્ટ ટીવીમાં વિદ્યાર્થીઓને જોવાલાયક સ્થળો બતાવ્યા.
- અભ્યારણો, ધાર્મિક સ્થળો અને મેળાઓના વિડીયો બતાવ્યા.
- જોવાલાયક સ્થળો અને તાલુકાઓના ચાર્ટ તૈયાર કરાવ્યા.

❖ મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુકિત વગેરેની વિગત ) :

- જોવાલાયક સ્થળોના નામ પૂછવા (પ્રશ્નોતરી)
- નકશા માંથી પોતાનો જીલ્લો, તાલુકો,ગામ વગેરે શોધવાની રમત રમાડવી.

❖ પરિણામો (ડેટા સબંધિત-આધાર પુરાવા સાથે) :

| ધોરણ | વિદ્યાર્થી ની સંખ્યા | નવતર પ્રયોગ પૂર્વેની સ્થિતિ | નવતર પ્રયોગ પછીની સ્થિતિ |
|---|---|---|---|
| 3 | 12 | 5 | 11 |
| 4 | 15 | 5 | 12 |
| 5 | 15 | 6 | 13 |

❖ લાભાર્થીની સંખ્યા : શ્રી ચાપરડા પ્રાથમિક શાળાના ધોરણ 3 અને 5 ના બાળકો.

❖ ઉપયોગિતા / આઉટકમ :

- વિષયવસ્તુ લાંબા સમય સુધી યાદ રહે.
- જાણવા જેવું અને જીજ્ઞાસાવૃતિ વધે.
- બાળકોમાં તર્કશક્તિ, નિર્ણયશક્તિ, અવલોકનશક્તિનો વિકાસ થયો.

❖ નવતર પ્રયોગના ફોટોગ્રાફ, QR કોડ:







## રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત
## એજ્યુકેશન ઇનોવેશન ફેસ્ટિવલ 2025-26 (જિલ્લા કક્ષા)




- **ઈનોવેટીવ શિક્ષક :** પરમાર પ્રદીપકુમાર માધવજીભાઈ
- **શાળા :** ચુલડી પ્રાથમિક શાળા
- **તાલુકો :** માળીયા હાટીના, **જિલ્લો :** જૂનાગઢ
- **મોબાઈલ નંબર :** 99741 64143
- **E- mail :** pradipmparmar@gmail.com


12

# ડિજિટલ પ્રગતિ પથ (ઈ-પરિણામ પત્રક)

- **ક્ષેત્ર :** શાળા વ્યવસ્થાપન, ટેકનોલોજીનો ઉપયોગ અને મૂલ્યાંકન

- **સમસ્યા :** પરંપરાગત રીતે પરિણામ પત્રકો બનાવવામાં શિક્ષકોનો ઘણો સમય વેડફાય છે. ઘણીવાર વાલીઓ સુધી પરિણામ પહોંચવામાં મોડું થાય છે. પત્રકો ખોવાઈ જવાની શક્યતા રહે છે. વળી, દર વર્ષે હજારો કાગળનો વપરાશ પર્યાવરણને પણ નુકસાન કરે છે.

- **ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :**
  - પરંપરાગત રીતે શિક્ષકો દ્વારા પરિણામ પત્રકો તૈયાર કરવામાં આવતા.
  - વિદ્યાર્થીઓને મૌખિક કે લેખિત સ્વરૂપે ગુણ રજુ કરવામાં આવતા.
  - જરૂરિયાતના સમયે પરિણામ પત્રકો વિદ્યાર્થી કે વાલીઓને મળી શકતા નહી.
  - પરિણામપત્રકોની જાળવણી કરવી કઠીન હતી.

- **સાધન સામગ્રી :** લેપટોપ/મોબાઇલ, ઇન્ટરનેટ, Google Sheets, Drive, Slide, AppScript.
- **લક્ષ્યજૂથ :** ધોરણ 3 થી 12ના વિદ્યાર્થીઓ તેમજ વાલીશ્રીઓ અને શિક્ષકશ્રીઓ
- **સ્ટેજ :** પ્રીપેરેટરી સ્ટેજ (ધોરણ 3 થી 5)
- **સમયગાળો :** એક વર્ષથી ચાલુ.

- **નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :**
  - Google Sheets પર તમામ વિદ્યાર્થીઓના ગુણ અને વિગતોનું ડિજિટલાઈઝેશન કરવામાં આવ્યું.
  - Apps Script ટૂલ પર ડેટા પર કોડીંગ કરી Google Slideની મદદથી પ્રોગ્રામિંગ કર્યું.
  - તૈયાર કરેલ પ્રોગ્રામને site.google પર શાળાના પોર્ટલ પર અપલોડ કરવામાં આવ્યું.

- પોર્ટલની લીંક વિદ્યાર્થીઓને મોકલી આપવામાં આવી જેના માધ્યાથી તેઓ પોતાનો રોલ નંબર દાખલ કરી આકર્ષક કલરફૂલ PDF સ્વરૂપે પરિણામ ડાઉનલોડ કરી શક્યા અને જરૂર પ્રમાણે ઉપયોગમાં લઇ શક્યા.

❖ **મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુકિત વગેરેની વિગત ) :**

- શિક્ષકોના વહીવટી કાર્યભારમાં ઘટાડો થયો.
- ટેકનોલોજીના માધ્યમથી પારદર્શક અને ઝડપી પરિણામ જાહેર કરવામાં સફળતા પ્રાપ્ત.
- વાલીઓને પોતાના બાળકની પ્રગતિ ગમે ત્યારે જોવાની સુવિધા મળી રહી.
- Paperless School ના અભિગમને પ્રોત્સાહન.

❖ **પરિણામો (ડેટા સબંધિત-આધાર પુરાવા સાથે) :**

- શિક્ષકોના સમયમાં 70% સુધીનો બચાવ થયો.
- વાલીઓમાં ટેકનોલોજી પ્રત્યે જાગૃતિ આવી.
- પરિણામ પત્રકમાં ભૂલ થવાની શક્યતા નહીવત થઈ ગઈ (Accuracy).
- દૂર રહેતા વાલીઓ પણ સમયસર પરિણામ જાણી શક્યા

❖ **લાભાર્થીની સંખ્યા :** 180

❖ **આ ઇનોવેશનનો અમલ અન્ય શાળા દ્વારા કરવામાં આવ્યો હોય તો તેની વિગત :**

ચાલુ વર્ષે માળિયા તાલુકાની બરૂલા ક્લસ્ટરની તમામ શાળાઓમાં અમલ કરવામાં આવનાર છે, જેની ડેટા એન્ટ્રી ચાલુ છે.

❖ **ઉપયોગિતા / આઉટકમ :**

- સમયનો બચાવ: શિક્ષકોએ એક જ વિગત વારંવાર રજીસ્ટર, પત્રક અને પરિણામમાં લખવી પડતી હતી.
- ચોકસાઈ (Accuracy): સરવાળા કરવામાં કે ગ્રેડ આપવામાં માનવીય ભૂલ થવાની શક્યતા રહે છે, જે કોમ્પ્યુટરાઈઝ્ડ પદ્ધતિમાં દૂર થાય છે.
- સંગ્રહ શક્તિ: વર્ષો પછી પણ જૂના વિદ્યાર્થીનું પરિણામ એક ક્લિક પર મળી રહે છે.
- આગામી સમયમાં આ સિસ્ટમમાં બાળકની હાજરી, વર્તણૂક અને ઈત્તર પ્રવૃત્તિઓના ફોટા પણ ઉમેરીને તેને વધુ વ્યાપક બનાવવાનું લક્ષ્ય છે.

❖ **નવતર પ્રયોગનો QR કોડ:**

## રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત
## એજ્યુકેશન ઇનોવેશન ફેસ્ટિવલ 2025-26 (જિલ્લા કક્ષા)




- ઈનોવેટીવ શિક્ષક : અતુલચંદ્ર દોલતરાય ભટ્ટ
- શાળા : જાંબુડા પ્રા. શાળા
- તાલુકો : વિસાવદર, જિલ્લો : જૂનાગઢ
- મોબાઈલ નંબર : 9725753848
- E- mail : anandbhatt.bhatt98@gmail.com


13

## WE WILL DO IT TOGETHER

- **ક્ષેત્ર :** ડીઝીટલ ટેકનોલોજી આધારિત - Social Media નો શિક્ષણ/મૂલ્યાંકનમાં ઉપયોગ

- **સમસ્યા :** બાળકો અને વાલીની અંગ્રેજી અને ગણિત વિષયના ગૃહકાર્ય પ્રત્યે ઉદાસીનતા.

- **ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :**
  - વાલીઓની શાળા અને શિક્ષણ પ્રત્યે ઉદાસીનતા જોવા મળે છે.
  - અંગ્રેજી અને ગણિત વિષયની બૈઝીક ક્રિયાઓમાં વિદ્યાર્થીઓને મુશ્કેલી જોવા મળે છે.

- **પ્રયુક્તિ** : નિદર્શન, ગણન અને જૂથ-ચર્ચા
- **સાધનસામગ્રી** : લેપટોપ, કાળું પાટિયું, ફોટોસ, ચાર્ટ્સ
- **લક્ષ્યજૂથ** : ધોરણ 3 થી 5 ના વિદ્યાર્થીઓ અને વાલીઓ
- **સ્ટેજ** : પ્રીપેરેટરી સ્ટેજ (ધોરણ 3 થી 5)
- **સમયગાળો** : આશરે દશ મહિના

- **નવતરપ્રયોગનું વિગતવાર વર્ણન :**
  - ધોરણ 3 થી 5 ના વિદ્યાર્થીઓ અને વાલીઓ શાળા પ્રવૃતિઓ અને અંગ્રેજી તથા ગણિતની બેઝિક ક્રિયાઓમાં ઉત્સાહિત થાય તે માટે આ નવતર પ્રયોગની શરૂઆત કરી.
  - પ્રચલિત સોશિયલ મીડીયા પ્લેટફોર્મ્સ દ્વારા તેઓનું સંકલન કરવાની શરૂઆત કરી.
  - અંગ્રેજી અને ગણિતની બેઝિક ક્રિયાઓનું નિદર્શન બાદ થોડું નવીનતમ ગૃહકાર્ય આ રીતે આપવું અને વાલી તે કરાવે તે અનુરૂપ નવતર પ્રયોગને આગળ ધપાવવામાં આવ્યો.

- **મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુકિત વગેરેની વિગત ) :**
  - વાલી ફીડબેક
  - ગૃહકાર્ય નોંધ

- શાળાની પરીક્ષાઓ

❖ **પરિણામો (ડેટા સબંધિત-આધાર પુરાવા સાથે) :**


- વાલીઓની શાળા પ્રત્યે હકારાત્મક વલણ અને ભાગીદારી વધી.
- ગૃહકાર્યમાં વાલી-વિદ્યાર્થી સમન્વય થયો.
- વિદ્યાથીઓની અઘરા વિષયમાં અભિરુચિ વધી.

❖ **લાભાર્થીની સંખ્યા :** 40 વિદ્યાથીઓ + વાલીઓ

❖ **ઉપયોગિતા / આઉટકમ :**

- વાલીઓને શાળાની પ્રવૃતિઓની જાણ થાય છે.
- વાલીઓનું ગૃહકાર્ય કરાવવાનું પ્રમાણ વધે.
- વિદ્યાર્થીઓ અઘરા વિષયની બેઝીક ક્રિયાઓમાં આગળ વધે.

❖ **નવતરપ્રયોગ ના ફોટોગ્રાફ QRકોડ :**






## રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત
## એજ્યુકેશન ઇનોવેશન ફેસ્ટિવલ 2025-26 (જિલ્લા કક્ષા)




- ઈનોવેટીવ શિક્ષક : નિલેશકુમાર જી.ચાવડા
- શાળા : શ્રી રાવણી (કુબા) પ્રાથમિક શાળા
- તાલુકો : વિસાવદર, જિલ્લો : જૂનાગઢ
- મોબાઈલ નંબર : 90333247374
- E- mail : chavdanilesh85@gmail.com


14

# Learn maths with joy

- **ક્ષેત્ર :** પ્રિપેરેટરી સ્ટેજ સંબંધિત ઇનોવેટીવ અધ્યયન અધ્યાપન પ્રક્રિયા અને મૂલ્યાંકન પ્રક્રિયા
- **સમસ્યા :** ધોરણ 4 ના બાળકો ગણિતના શૈક્ષણિક કાર્ય દરમિયાન ગણિતના પાયાના ખ્યાલો અને સંકલ્પનાઓ સમજી શકતા ન હતા.
- **ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :**
  - ધોરણ 4 ના બાળકો ગણિતના શૈક્ષણિક કાર્ય દરમિયાન કચાશ અનુભવતા હતા.
  - ધોરણ 4 ના 25 % બાળકો ગણિતના પાયાના ખ્યાલો અને સંકલ્પનાઓ સમજી શકતા હતા.
- **પ્રયુક્તિ** : વિવિધ ગાણિતિક રીતોનું નિદર્શન , જૂથ કાર્ય દ્વારા શિક્ષણ
- **સાધન સામગ્રી** : ચાર્ટ પેપર, પૂંઠા, કલર પેપર, પ્લાસ્ટિકની બોટલ, કલર પેન વગેરે
- **લક્ષ્યજૂથ** : ધોરણ 3 થી 5 ના બાળકો
- **સ્ટેજ** : પ્રીપેરેટરી સ્ટેજ (ધોરણ 3 થી 5)
- **સમયગાળો** : છેલ્લા 6 માસથી...
- **નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :**
  - સૌપ્રથમ ચાર્ટ પેપરની મદદથી 1 થી 100 સુધીનું અંક લેખન કરી પૂંઠા પર ચાર્ટ પેપર લગાવી પ્રાકૃતિક અને પૂર્ણ સંખ્યાઓની બોર્ડની મદદથી સરળતાથી સમજૂતી આપવી.
  - ત્યારબાદ બીજા ચાર્ટ પેપર લઇ તેને કટીંગ કરી અને એકી અને બેકી સંખ્યાઓ, અવિભાજ્ય સંખ્યાઓ, ચડતો - ઉતરતો ક્રમ, આગળની અને પાછળની સંખ્યા,નાની અને મોટી સંખ્યા વિશે બાળકોને સમજૂતી આપવી.
  - 1 થી 10 ના ઘડિયા તેમજ 2 × 2, 3 × 3, 4 × 4 થી 10 × 10 સુધીના વિકર્ણનો સરવાળો પણ બાળકોને આ બોર્ડની મદદથી સરળતાથી સમજાવી શકાય છે. લ.સા.અ. અને ગુ.સા.અ.ની પણ આ બોર્ડની મદદથી સરળતાથી સમજૂતી આપી શકાય છે.
- **મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુકિત વગેરેની વિગત ) :**
  - આ નવતર પ્રયોગમાં ધોરણ – 4 ના બાળકોની લેખિત અને મૌખિક કસોટી લેતા તેમના પરિણામમાં સુધારો જોવા મળ્યો.

- ધોરણ – 4 ના બાળકો 1 થી 10 સુધીના ઘડિયા સારી રીતે લખતા અને બોલતા થયા.

❖ **પરિણામો (ડેટા સબંધિત-આધાર પુરાવા સાથે) :**

| ધોરણ | કુલ વિદ્યાર્થીઓ | નવતર પ્રયોગ પહેલાની ટકાવારી | નવતર પ્રયોગ પછીની ટકાવારી |
|---|---|---|---|
| 4 | 20 | 25% | 80 % |

❖ **લાભાર્થીની સંખ્યા : 20**

❖ **ઉપયોગિતા / આઉટકમ :**

- ગણિત વિષયમાં રસ ન લેતા ધોરણ – 4 ના બાળકો આ બોર્ડની મદદથી પ્રવૃત્તિ કરી ગણિતમાં રસ લેતા થયા અને તેમની સક્રિય ભાગીદારી જોવા મળી.
- વિદ્યાર્થીઓ આ પદ્ધતિથી ગણિતની સંકલ્પનાઓ પાયાના ખ્યાલો, સિદ્ધાંતો, ઘડિયાની સારી સમજ કેળવી શક્યા.
- આમ આ નવતર પ્રયોગથી ધોરણ – 4 ના તમામ બાળકોને ગણિત વિષયમાં એકમને અનુરૂપ આ મોડેલથી મદદથી અભ્યાસ કરાવતા ખુબ જ સારો હકારાત્મક પ્રતિસાદ મળ્યો

❖ **નવતર પ્રયોગના ફોટોગ્રાફ, QR કોડ:**







## રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત
## એજ્યુકેશન ઇનોવેશન ફેસ્ટિવલ 2025-26 (જિલ્લા કક્ષા)




❖ ઈનોવેટીવ શિક્ષક : રાવલ વિપુલકુમાર પ્રેમવદનરાય

❖ શાળા : સરગવાડા પ્રાથમિક શાળા

❖ તાલુકો : જૂનાગઢ, જિલ્લો : જૂનાગઢ

❖ મોબાઈલ નંબર : 9427377686

❖ E- mail : vipulraval77@gmail.com


15

## ‘G-Shala નો અસરકારક ઉપયોગ અને પ્રોત્સાહક પ્રોજેક્ટ’

❖ ક્ષેત્ર: ટેકનોલોજીનો ઉપયોગ

❖ સમસ્યા :

- વિદ્યાર્થીઓમાં ડિજિટલ શિક્ષણની જાગૃતિનો અભાવ.
- વિદ્યાર્થીઓમાં મોબાઈલ ગેમિંગ અને સોશિયલ મીડિયામાં સમય અને શક્તિનો દુરુપયોગ.
- G-Shala ની જાણકારી અને અસરકારક ઉપયોગિતા સંબંધિત નીરસતા.

❖ ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :

- G-Shala ની જાણકારી અને ઉપયોગિતા સંબંધિત નીરસતા જોવા મળતી હતી.
- ધોરણ 3 થી 8 માં 10% થી ઓછા બાળકોનું G-Shalaમાં રજીસ્ટ્રેશન હતું.
- G-Shalaનું અભ્યાસમાં મહત્વ અને તેની ઉપયોગિતા સંબંધી અજાણતા જોવા મળતી હતી.

| ક્રમ | ધો.3 થી 8 ના વિદ્યાર્થીઓની કુલ સંખ્યા | G-shala રજીસ્ટ્રેશન સંખ્યા | G-shala રજીસ્ટ્રેશનની ટકાવારી | G-shala આધારિત ટેસ્ટના સરાસરી ગુણ | G-shala આધારિત ટેસ્ટના સરાસરી ગુણની ટકાવારી |
|---|---|---|---|---|---|
| 1 | 153 | 14 | 9.15 | 3.8 | 38 |

❖ પ્રયુક્તિ : G-Shalaના માધ્યમથી ડિજિટલ શિક્ષણ

❖ સાધન સામગ્રી : મોબાઈલ

❖ લક્ષ્યજૂથ : ધોરણ : 3 થી 8 ના બાળકો

❖ સ્ટેજ : પ્રાથમિક ધોરણ 3 થી 5 (પ્રીપેરેટરી) અને ઉચ્ચ પ્રાથમિક ધોરણ 6 થી 8 (મીડલ સ્ટેજ)

❖ સમયગાળો : તા. 1/7/2025 થી કાર્યરત.. (અંદાજિત 6 માસ)

❖ નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :

- સૌપ્રથમ શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં બાળકો સાથે વાલીમીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું.
- બાળકો કેટલો સમય અને ક્યારે મોબાઈલનો ઉપયોગ કરે છે? શું જુએ છે? વગરે બાબતોની માહિતી વાલીઓ અને વિદ્યાર્થીઓ પાસેથી મેળવીને ચર્ચા કરવામાં આવી હતી.
- ત્યારબાદ, શાળાના SMART TV ના માધ્યમથી G-Shala Appનું Presentation કરવામાં આવ્યું હતું.

- શૈક્ષણિક વર્ષ: 2025-26થી અમારી શાળામાં ધોરણ 3 થી 8 માં ‘G-Shala નો અસરકારક ઉપયોગ અને પ્રોત્સાહક પ્રોજેક્ટ’ અમલમાં મુકેલ છે.
- આ પ્રોજેક્ટ અંતર્ગત એક રજીસ્ટર બનાવવામાં આવ્યું છે.
- દર મહિનાના અંતે G-Shala મા મેળવેલ કુલ પોઈન્ટ અને 10 પ્રશ્નોની બહુવિષયક અને બહુવિકલ્પ પ્રકારની ટેસ્ટનું રિઝલ્ટ દરેક ધોરણના વૉટ્સએપ ગ્રુપમાં મૂકવામાં આવે છે.
- દર મહિનાના અંતે ‘Month of the G-Shala’ બેનર હેઠળ શ્રેષ્ઠ રેન્ક મેળવનાર વિદ્યાર્થીનો ફોટો તેના રેન્ક સાથે શાળાના નોટીસબોર્ડ પર પ્રદર્શિત કરવામાં આવે છે.
- વર્ષના અંતે, શાળા વાર્ષિકોત્સવમાં G-Shala મા મેળવેલ કુલ પોઈન્ટ અને માસિક ટેસ્ટ રિઝલ્ટના આધારે Top – 10 બાળકોનું વિશેષ સન્માન કરવામાં આવે છે.

❖ **મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુકિત વગેરેની વિગત ) :**

- દર મહિને, G-Shala પ્રોજેક્ટ રજીસ્ટરમાં બાળકોએ મેળવેલ રેન્ક અને ટેસ્ટમાં મેળવેલ ગુણની નોંધ કરવામાં આવે છે.
- દર મહિને, 10 પ્રશ્નોની ધોરણવાઇઝ બહુવિષયક અને બહુવિકલ્પ પ્રકારની ટેસ્ટ લેવામાં આવે છે.

❖ **પરિણામો (ડેટા સબંધિત-આધાર પુરાવા સાથે) :**

નવતર પ્રયોગ કર્યા પછી 5 માસના અંતે મળેલ પરિણામનું અર્થઘટન :

| ક્રમ | ધો.3 થી 8 ના વિદ્યાર્થીઓની કુલ સંખ્યા | G-shala રજીસ્ટ્રેશન સંખ્યા | G-shala રજીસ્ટ્રેશનની ટકાવારી | G-shala આધારિત ટેસ્ટના સરાસરી ગુણ | G-shala આધારિત ટેસ્ટના સરાસરી ગુણની ટકાવારી |
|---|---|---|---|---|---|
| 1 | 153 | 93 | 60.8 | 6.2 | 62 |

❖ **લાભાર્થીની સંખ્યા : 93**

❖ **ઉપયોગિતા / આઉટકમ :**



- બાળકો પોતાના ઘરે મોબાઈલનો રચનાત્મક ઉપયોગ કરે છે.
- બાળકો G-Shala ના ઉપયોગથી પૂર્વતૈયારી કરે છે.
- બાળકો G-Shala ના ઉપયોગથી અભ્યાસનું દ્રઢીકરણ કરે છે
- બાળકો અને વાલીઓમાં G-Shala નો અભ્યાસમાં અસરકારક ઉપયોગિતા વિશે જાગૃતિ આવી છે.
- G-Shala ના ઉપયોગથી બાળકોની શીખવાની ક્ષમતા અને સમજશક્તિમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે.



❖ **નવતર પ્રયોગના ફોટોગ્રાફ, QR કોડ:**

વિદ્યાર્થી અને વાલીના પ્રતિભાવો:






## રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત
## એજ્યુકેશન ઇનોવેશન ફેસ્ટિવલ 2025-26 (જિલ્લા કક્ષા)




- ઈનોવેટીવ શિક્ષક : રાઠોડ ચંદુલાલ રામજીભાઇ
- શાળા : શ્રી ઢોળવા પ્રાથમિક શાળા
- તાલુકો : ભેસાણ, જિલ્લો : જૂનાગઢ
- મોબાઈલ નંબર : 9998190662
- E- mail : cm25rathod@gmail.com


16

## VOCAL 4 LOCAL – વ્યવસાયિક શિક્ષણ

- **ક્ષેત્ર :** ધોરણ 3 થી 5, **NEP-2020 -** જીવન કૌશલ્ય તેમજ વ્યવસાયિક શિક્ષણ

- **સમસ્યા :** ઔપચારિક શિક્ષણ પુર્ણ કર્યા બાદ વિદ્યાર્થીઓને રોજગારી મેળવવા અને આર્થિક ઉપાર્જન કરવામાં પડતી તકલીફો

- **ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :**
  - બાળકોની સર્જનાત્મક શક્તિ શાળા કક્ષાએ જ સિમિત રહેતી.
  - આ સર્જનાત્મક શક્તિનો ઉપયોગ આર્થિક ઉપાર્જન માટે થતો ન હતો.

- **પ્રયુક્તિ** : કલાનાં સમન્વય દ્વારા શિક્ષણ અને આર્થિક ઉપાર્જન
- **સાધન સામગ્રી** : MDF બોર્ડ, વિવિધ પ્રકારના કલર, મિરર, ફેવિકોલ, મંડાલા આર્ટ કિટ, મોલ્ડ ઇટ ક્લે વગેરે
- **લક્ષ્યજૂથ** : ધોરણ 3 થી 8નાં વિદ્યાર્થીઓ
- **સ્ટેજ** : પ્રીપેરેટરી સ્ટેજ (ધોરણ 3 થી 5) અને ઉચ્ચ પ્રાથમિક ધોરણ 6 થી 8 (મીડલ સ્ટેજ)
- **સમયગાળો** : છેલ્લા છ માસથી

- **નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :** આ ઇનોવેશન બે તબક્કાઓમાં વહેચાયેલ છે.

  (1) શાળા ડેકોરેશન –
  - રવિવારે બાળકોને બે કલાક શાળામાં બોલાવી વિવિધ આર્ટ ફોર્મની માહિતિ આપવામાં આવી.
  - શરુઆતમાં સાદાં કાગળ પર ચિત્રો બનાવી પ્રેક્ટીસ કરાવવામાં આવી.
  - ત્યાર બાદ MDF બોર્ડ પર માટી,કલર,મિરર વગેરેનો ઉપયોગ કરી કૃતિઓ તૈયાર કરવામાં આવી.
  - આ કૃતિઓનો ઉપયોગ શાળા ડેકોરેશન તેમજ રિસોર્સ રુમમાં કરવામાં આવ્યો.

(2) આર્થિક ઉપાર્જન –

- વિવિધ આર્ટ ફોર્મનો ઉપયોગ કરી તૈયાર થયેલ કૃતિઓને મિત્ર-મંડળમાં ઓનલાઇન વેચવાની શરુઆત કરી બાળકોને રોજગારી માટે નવી તકો શોધવા પ્રોત્સાહન આપવામાં આવ્યું.

❖ મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુકિત વગેરેની વિગત ) :

- વિવિધ આર્ટ ફોર્મ માહિતિ માટે ચિત્ર સ્પર્ધાઓ યોજવામાં આવી.
- મિરર વર્ક અને કલર કોમ્બિનેશન અંગે મૌખિક પ્રશ્નોત્તરી કરવામાં આવી.

❖ પરિણામો (ડેટા સબંધિત-આધાર પુરાવા સાથે) :

| પહેલાં | પછી | પહેલાં | પછી | પહેલાં | પછી |
|---|---|---|---|---|---|
| વિવિધ આર્ટફોર્મની માહિતિ | વિવિધ આર્ટફોર્મની માહિતિ | MDF બોર્ડ પર લિપણ કાર્ય | MDF બોર્ડ પર લિપણ કાર્ય | કલર કોમ્બિનેશન | કલર કોમ્બિનેશન |
| **2** | **20** | **0** | **12** | **4** | **14** |

❖ લાભાર્થીની સંખ્યા : 8 વિદ્યાર્થીઓ

❖ ઉપયોગિતા / આઉટકમ :

- બાળકોની સર્જનાત્મક શક્તિનો વિકાસ જોવા મળ્યો.
- વિવિધ આર્ટ ફોર્મ વિશે જાણકારી મળી.
- શાળા ડેકોરેશન તેમજ રિસોર્સ રુમ તૈયાર થયો.
- અંદાજિત રૂ. 100000 ભંડોળનો ઉપયોગ શાળાનાં શૈક્ષણિક પ્રવાસમાં ઉપયોગ કરવામાં આવ્યો.

❖ નવતર પ્રયોગના ફોટોગ્રાફ :








## રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત
## એજ્યુકેશન ઇનોવેશન ફેસ્ટિવલ 2025-26 (જિલ્લા કક્ષા)




- ઈનોવેટીવ શિક્ષક : હિરેનકુમાર જયસુખભાઈ કનેરીયા
- શાળા : જોનપુર પ્રા. શાળા
- તાલુકો : કેશોદ, જિલ્લો : જૂનાગઢ
- મોબાઈલ નંબર : 9925260522
- E- mail : hiren007kaneriya@gmail.com


17

# Today's My Page

- **ક્ષેત્ર :** રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અંતર્ગત ગણિત શિક્ષણ

- **સમસ્યા :** ગણિત વિષયમાં પાયાની ગાણિતિક ક્રિયાઓમાં જોવા મળતી ભૂલો અને વિષયવસ્તુમાં પડતી મુશ્કેલીઓ.


- **ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :** ઇનોવેશન પૂર્વે 8 બાળકોને ગણિત વિષયમાં પાયાની ગાણિતિક ક્રિયાઓમાં અને 4 બાળકોને વિષયવસ્તુમાં મુશ્કેલીઓ પડતી હતી.

- **પ્રયુક્તિ :** ગણન દ્વારા શિક્ષણ, જુથચર્ચા દ્વારા શિક્ષણ, ક્વિઝ દ્વારા શિક્ષણ
- **સાધન સામગ્રી :** સ્માર્ટ બોર્ડ , Today's Page Board
- **લક્ષ્યજૂથ :** મારી શાળાના ધોરણ 6 થી 8 ના બાળકો
- **સ્ટેજ :** મીડલ સ્ટેજ (ઉચ્ચ પ્રાથમિક ધોરણ 6 થી 8)
- **સમયગાળો :** 6 માસ

- **નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :**
  - સૌ પ્રથમ ધોરણ 6 ના વિદ્યાર્થીને સમયપત્રક મુજબ વર્ગખંડમાં બનાવેલ ગણિત-વિજ્ઞાન કોર્નરના બોર્ડ પર Today's My Page મુકવામાં આવ્યા.
  - અધ્યયન નિષ્પતિ આધારિત તબક્કાવાર મહાવરા આપવામાં આવ્યા.
  - વિદ્યાર્થીને તેની નોટબુકમાં તારીખ મુજબ જાતે મહાવરા ગણાવ્યા.
  - આપેલ તારીખ મુજબ વિદ્યાર્થી જાતે રકમ બનાવીને મહાવરા ગણાવ્યા.

- **મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુકિત વગેરેની વિગત ) :**
  - સમયપત્રક મુજબ અઠવાડિયાના અંતે બાળકની તારીખવાળી નોટબુકની ચકાસણી કરવામાં આવી
  - સમયાંતરે મૌખિક ક્વિઝ રમાડીને મૂલ્યાંકન કરવામાં આવેલ.

❖ **પરિણામો (ડેટા સબંધિત-આધાર પુરાવા સાથે) :**




❖ **લાભાર્થીની સંખ્યા :** 12 વિદ્યાર્થીઓ

❖ **ઉપયોગીત / આઉટકમ :**

- ગણિત વિષયની વિવિધ અધ્યયન નિષ્પતિ આધારિત મહાવરા સરળ રીતે કરી શકતા જોવા મળ્યા.
- બાળકો જાતે મહાવરા બનાવતા થયા.
- રચનાત્મક મૂલ્યાંકન, FLN મૂલ્યાંકન સક્ષમ કસોટી મૂલ્યાંકન કરવામાં કરવામાં સરળતા રહી.

❖ **નવતર પ્રયોગના ફોટોગ્રાફ, QR કોડ:**





### રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત
### એજ્યુકેશન ઇનોવેશન ફેસ્ટિવલ 2025-26 (જિલ્લા કક્ષા)




- ઈનોવેટીવ શિક્ષક : જલ્પેશકુમાર વી. ડોબરીયા
- શાળા : શ્રી પીપળી પે સેન્ટર શાળા
- તાલુકો : કેશોદ, જિલ્લો : જૂનાગઢ
- મોબાઈલ નંબર : 9925087079
- E- mail : dobariyajalpesh@gmail.com


18

## ગણિત - વિજ્ઞાન ડાયરી

- **ક્ષેત્ર :** ગણિત અને વિજ્ઞાન
- **સમસ્યા :**
  - ગણિત વિષયમાં ભૂમિતિ/ અંકગણિત/ બીજગણિત/ વ્યાખ્યાઓ/ ભૂમિતિ અંગો ક્યારે કયું સૂત્ર વાપરવું તેમજ તે યાદ રાખવામાં મુશ્કેલી પડતી હતી.
  - વિજ્ઞાન વિષયમાં વ્યાખ્યાઓ તેમજ પ્રયોગ સમજવામાં મુશ્કેલી પડતી હતી.

- **ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :**
  - 40% બાળકો ભૂમિતિના દાખલામાં સૂત્રનો ઉપયોગ કરવામાં તેમજ સાદુરૂપના દાખલામાં નિશાનીમાં ભૂલ કરતા હતા.
  - વિદ્યાર્થીઓ વિજ્ઞાન વિષયમાં કંટાળો અનુભવતા હતા.

- **પ્રયુક્તિ** : પ્રાયોગિક અને જૂથ કાર્ય
- **સાધન સામગ્રી** : લાકડાનું પાટિયું, ખીલીઓ, રબર દોરી, પ્લાસ્ટિકની બોટલ, લાકડાની પટ્ટી, ફુગ્ગા
- **લક્ષ્યજૂથ** : ધોરણ 6 થી 8 ના ગણિત- વિજ્ઞાન શીખતા બાળકો
- **સ્ટેજ** : મીડલ સ્ટેજ (ઉચ્ચ પ્રાથમિક ધોરણ 6 થી 8)
- **સમયગાળો** : 1 વર્ષ

- **નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :**
  - ગણિતમાં જે ટોપીક ભણાવતા સમયે અગત્યના સૂત્ર કોઈ શોર્ટકટ મેથડ આકૃતિઓ માટે એક ડાયરી બનાવવાનું શરૂ કર્યું.
  - દાખલાઓનું પુનરાવર્તન કરાવતી વખતે સૂત્ર યાદ ન રહેતા તે માટે રોજ પ્રાર્થનાસભામાં ગણિતના સૂત્ર બાળકો દ્વારા રજૂ કરવામાં આવતા.
  - વર્ગખંડમાં બાળકોની હાજરી પૂરતા સમયે રોલ નંબર બોલવાને બદલે સૂત્ર બોલવાનું શરૂ કર્યું.
  - એક જ મહિનામાં દરેક બાળકોને સરળતાથી સૂત્ર યાદ રહેવા લાગ્યા.

- ભૂમિતિમાં રેખા/ ત્રિકોણ/ વર્તુળ /ખૂણાના પ્રકાર /દરેક ભૂમિતિના અંગોની સમજ બનાવેલ મોડેલ ભૂમિતિ દર્શન દ્વારા દરેક બાળકોને ભૂમિતિ પ્રત્યે ખૂબજ રસ દાખવતા થયા.
- વૈજ્ઞાનિક પ્રાયોગિક રમકડા બનાવવાની શરૂઆત કરી તેના દ્વારા વિજ્ઞાન પ્રત્યેનો દષ્ટિ કોણ બદલ્યો.
- પ્રાર્થના સભામાં 1 થી 8 ધોરણના બાળકો રોજ ઘડિયાગાન તેમજ કેમેસ્ટ્રીનો કક્કો બોલવાનું શરૂ કર્યું.

❖ **મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુકિત વગેરેની વિગત ) :**

- ગણિતના દાખલા ગણાવતા તેમાં વપરાતા સૂત્ર કે મેથડ /મૌખિક સૂત્ર વ્યક્તિગત પૂછ્યા.
- ભૂમિતિ દર્શનનું મોડેલ દ્વારા બાળકોને ભૂમિતિના અંગોની પ્રશ્નોત્તરી દ્વારા.
- વિજ્ઞાન પ્રાયોગિક રમકડા બાળકોએ બનાવ્યા તેમજ તેનું નિદર્શન અને સમજ આપશે.

❖ **પરિણામો (ડેટા સબંધિત-આધાર પુરાવા સાથે) :**

- પ્રાર્થના સભામાં 1થી8 ધોરણના બાળકોને રોજ ઘડિયાગાન કરાવ્યું તે સાદુરૂપની ક્રિયાઓમાં 80% બાળકો સફળ .
- વિજ્ઞાન વિષયમાં બાળકો 80% જાતે પ્રયોગ કરતા થયા તેમજ વૈજ્ઞાનિક રમકડા બનાવતા થયા.
- કેમેસ્ટ્રીના હાઈડ્રોજન, હીલિયમ જેવા તત્વોના નામ રોજ બોલવાથી ભવિષ્યમાં કેમેસ્ટ્રી પ્રત્યે રસ ધરાવતા થશે.
- ગણિત વિષયમાં ગણિતની વ્યાખ્યાઓ, ભૂમિતિના અંગો અને સૂત્ર યાદ રાખતા થયા.
- ગણિતપ્રત્યેનો રસ અને રુચિ દાખવતા થયા.
- ગણિત વિજ્ઞાનની આ ડાયરીથી ગણિતના દાખલાઓ, વિજ્ઞાનના કેમેસ્ટ્રીના સુત્રો દરેક બાળકો ઉપયોગ કરતા થયા એટલે કે વરદાનરૂપ સાબિત થયા.


❖ **લાભાર્થીની સંખ્યા :** 40

❖ **ઉપયોગિતા / આઉટકમ :**

- ગણિત- વિજ્ઞાનની ડાયરી જે ગણિત અને વિજ્ઞાનના વિષયના અભ્યાસ ઉપરાંત આગળના અભ્યાસ તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીમાં ઉપયોગી સાબિત થશે.
- બાળકો ગણિત પ્રત્યે રસ દાખવતા થશે.
- બાળકો વૈજ્ઞાનિક રમકડાથી રસ રુચી અને વૈજ્ઞાનિક દ્રષ્ટિક બદલાશે.

❖ **નવતર પ્રયોગના ફોટોગ્રાફ, QR કોડ:**






- ઈનોવેટીવ શિક્ષક : નિરવભાઈ વી. હિરપરા
- શાળા : ભવનાથ પ્રાથમિક શાળા
- તાલુકો : જૂનાગઢ શહેર, જિલ્લો : જૂનાગઢ
- મોબાઈલ નંબર : 9429114245
- E- mail : hirparanirav1981@gmail.com


19

# સરળ અને સહેલં સામજિક વિજ્ઞાન

- **ક્ષેત્ર :** ધોરણ 6 થી 8 સામાજિક વિજ્ઞાન

- **સમસ્યા :**
  - સામાજિક વિજ્ઞાનમાં ખુબજ નિરસતા દાખવવી.
  - ટુંકનોંધ અને વિસ્તૃત પ્રશ્નોના જવાબો યાદ રાખવા મુશ્કેલી પડતી.
  - વર્ગખંડમાં ગેરહાજર રહેલા વિદ્યાર્થીઓનો સામાજિક વિજ્ઞાન વિષયમાં કચાશ જણાઈ.

- **ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :**
  - ઇનોવેશન પૂર્વે બાળકો વિસ્તૃત પ્રશ્નોના જવાબો યોગ્ય આપી શકતા ન હતા.
  - મુદ્દાસર જવાબ બે થી ત્રણ જ લીટીમાં આપવાનો પ્રયત્ન કરતા.

- **પ્રયુક્તિ** : લેખન, નિર્દેશન, પ્રશ્નોત્તરી, સ્વાધ્યાય
- **સાધન સામગ્રી** : કોમ્પ્યુટર, ધોરણ 6 થી 8 નું સામાજિક વિજ્ઞાનનું પાઠ્યપુસ્તક
- **લક્ષ્યજૂથ** : ભવનાથ પ્રાથમિક શાળાના ધોરણ 6 થી 8 ના તમામ બાળકો
- **સ્ટેજ** : મીડલ સ્ટેજ (ઉચ્ચ પ્રાથમિક ધોરણ 6 થી 8)
- **સમયગાળો** : વર્ષ 2023 થી આ પ્રોજેક્ટની શરૂઆત કરવામાં આવી

- **નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :**
  - આ નવતર પ્રયોગ પહેલા જે વિદ્યાર્થીઓએ જવાબો લખ્યા છે તે પણ વ્યવસ્થિત લાગતા ન હતા ત્યારે આ સમસ્યાના નિરાકરણ માટે શું કરવું તેની ઘણી પ્રવૃત્તિઓ વિચારી.
  - તેમાંથી વિદ્યાર્થીઓ સ્વાધ્યાયના પ્રશ્ન જવાબ લખી શકે અને મુખપાઠ કરી શકે તે માટે ધોરણ 6 થી 8 ના સામાજિક વિજ્ઞાનના સ્વાધ્યાયના પ્રશ્નો જવાબની બુકલેટ બનાવવામાં આવી.
  - જે વિદ્યાર્થીઓને સામાજિક વિજ્ઞાનમાં વધારે ને વધારે મુશ્કેલી પડતી તેવા વિદ્યાર્થીઓને બુકલેટ બનાવીને આપવામાં આવી અને સમયાંતરે તેનું મૂલ્યાંકન કરવામાં આવ્યું.

❖ મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુકિત વગેરેની વિગત ) :

- દરેક એકમના અંતે પાઠના સ્વાધ્યાયના પ્રશ્ન જવાબ એ બનાવેલી બુકલેટમાંથી વિદ્યાર્થીઓ લખી અને તૈયાર કરે છે.
- બાળકોએ તૈયાર કરેલા પ્રશ્નોના જવાબો બાળકોને લેખિત અને મૌખિક રીતે પૂછવામાં આવે છે. અને તે દ્વારા બાળકોની પ્રગતિ જોઈને મૂલ્યાંકન કરવામાં આવે છે.

❖ પરિણામો (ડેટા સબંધિત-આધાર પુરાવા સાથે) :


- બાળકો ટૂંક નોંધ અને વિસ્તૃત પ્રશ્નોના જવાબો વધુ સરળતાથી લખતા થઈ ગયા.
- બાળકો ઓછી મહેનતથી પ્રશ્નોના જવાબો યાદ રાખતા થઈ ગયા.

❖ લાભાર્થીની સંખ્યા : ભવનાથ પ્રાથમિક શાળાના ધોરણ 6 થી 8 ના 82 બાળકો.

❖ ઉપયોગિતા / આઉટકમ :

- ત્રિમાસિક સત્રાંત અને વાર્ષિક પરીક્ષા ના મૂલ્યાંકનમાં ગુણમાં સુધારો થયો.
- વિદ્યાર્થીઓમાં સામાજિક વિજ્ઞાન વિષય વધારે રસપ્રદ બન્યો.
- ટૂંક નોંધ અને વિસ્તૃત પ્રશ્નોના જવાબો વધુ સરળતાથી લખતા થયા.
- વિદ્યાર્થીઓ ઓછી મહેનત થી પ્રશ્નોના જવાબ યાદ રાખતા થયા.

❖ નવતર પ્રયોગના ફોટોગ્રાફ, QR કોડ:









❖ ઈનોવેટીવ શિક્ષક : ગજેરા ભાવેશકુમાર બાબુભાઈ
❖ શાળા : શ્રી ગોરવિયાળી પ્રા શાળા
❖ તાલુકો : ભેસાણ, જિલ્લો : જૂનાગઢ
❖ મોબાઈલ નંબર : 9428217792
❖ E- mail : bhaveshgajera17914@gmail.com

20

## પ્રાયોગિક રીતે ગણિતનાં રોચક તથ્યોની સમજ

❖ **ક્ષેત્ર :** STEM દ્વારા ગણિત શિક્ષણ

❖ **સમસ્યા :** ગણિત વિષયમાં સામાન્ય ક્રિયાઓ તથા સૈદ્ધાંતિક સમજ મેળવવામાં મુશ્કેલી પડવી.

❖ **ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :**
ગાણિતિક ક્રિયાઓમાં અસતત રીતે 95 % વિદ્યાર્થીઓ શિખેલા ગાણિતિક ખ્યાલોમા ભુલો કરતા હતા.

❖ **પ્રયુક્તિ** : પ્રવૃતિ દ્વારા, જુથ કાર્ય, ગણન, રમત દ્વારા.
❖ **સાધન સામગ્રી** : કાર્ડસીટ, એકેલિક સીટ, PVC પાઈપ, ગ્રાફ પેપર, પાસા, વર્તુળાકાર તક્તિઓ, બોલ્ટ-ચાકી, કોણમાપક, સ્ટ્રો, બટન, દોરી, મેગ્નેટ વગેરે
❖ **લક્ષ્યજૂથ** : મારી શાળાના ધોરણ 6 થી 8 ના બાળકો.
❖ **સ્ટેજ** : મીડલ સ્ટેજ (ઉચ્ચ પ્રાથમિક ધોરણ 6 થી 8)
❖ **સમયગાળો** : 1 વર્ષ

❖ **નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :** આપણી આસ-પાસ મળી આવતી વસ્તુઓમાથી સરવાળા, બાદબાકી, ગુણાકાર તથા ભાગાકારના મોડલ, ઘડિયા-લુડો, અવયવ, અવયવી, મધ્યક, મધ્યસ્થ, બહુલક તેમજ ત્રિકોણ, ચતુષ્કોણ, પંચકોણ, ષટકોણ વગેરે બહુકોણના ગુણધર્મો, વર્તુળના પરિઘ અને વ્યાસનો સંબંધ, પૂર્ણાંક સંખ્યાના સરવાળા- બાદબાકીઓની ગણતરી, ગાણિતીય નિત્યસમો તથા 3-D માપક યંત્ર દ્વારા ત્રિપરિમાણીય આકારોના પરિમાણની પ્રાયોગિક રીતે સમજ મેળવી શકે તે માટે આવા મોડલનું નિર્માણ કરી, બાળકોને આ મોડલની સમજ આપી. બાળકો ક્રિયાઓ સમજી અને HENDS ON ACTIVITIES દ્વારા પ્રાયોગિક રીતે ગાણિતિક બાબતોથી અવગત થાય.

❖ **મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુકિત વગેરેની વિગત )**
મૌખિક પ્રશ્નોતરી, કસોટી

❖ **પરિણામો (ડેટા સબંધિત-આધાર પુરાવા સાથે) :**

**70 % બાળકોમાં ગાણિતિક ક્રિયામાં સુધારાત્મક પરિણામ જોવા મળ્યુ.**

❖ **લાભાર્થીની સંખ્યા : ધોરણ 6 થી 8 ના 24 વિદ્યાર્થી**

❖ **ઉપયોગિતા / આઉટકમ :**

- **વિવિધ ગાણિતીય મુદ્દાઓ બાળકો પ્રાયોગિક રીતે શીખવાથી લાંબા સમય સુધી યાદ રાખે છે.**
- **મોડેલ્સ બાળકોને ગણિત શીખવા માટે તથા શિક્ષકોને ગણિત શીખવવા માટે ખૂબ જ ઉપયોગી થઈ શકે છે.**
- **બાળકો ગણિત વિષય શીખવા માટે પ્રેરાય છે**

❖ **નવતર પ્રયોગના ફોટોગ્રાફ, QR કોડ:**





❖ ઈનોવેટીવ શિક્ષક : મેર પ્રજેશકુમાર મહેશભાઈ
❖ શાળા : શ્રી આંત્રોલી પે સેન્ટર શાળા
❖ તાલુકો : માંગરોળ, જિલ્લો : જૂનાગઢ
❖ મોબાઈલ નંબર : 6357176551
❖ E- mail : defenceprajesh@gmail.com

21

# સંગ્રહથી વિશિષ્ટ જ્ઞાન અને ગણનની સફર

❖ **ક્ષેત્ર :** NEP 2020 અંતર્ગત વ્યવહારિક જ્ઞાન વિનિયોગ

❖ **સમસ્યા :** વિદ્યાર્થીઓમાં ભારતીય ચલણ અને ફિલાટેલિક ટિકિટોના વ્યવહારિક જ્ઞાનમાં કચાશ.

❖ **ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :**
ધોરણ 6 થી 8 ના 100 જેટલા વિદ્યાર્થીઓમાંથી 15 જેટલા વિદ્યાર્થીઓ ભારતીય ચલણ અને ફિલાટેલિક ટિકિટોથી માહિતગાર હતા.

❖ **પ્રયુક્તિ** : વકતૃત્વ, જૂથ ચર્ચા અને પ્રશ્નોત્તરી
❖ **સાધન સામગ્રી** : ચલણી સિક્કાઓ, ચલણી નોટો, ફિલાટેલિક ટિકિટો
❖ **લક્ષ્યજૂથ** : ધોરણ 6 થી 8
❖ **સ્ટેજ** : મીડલ સ્ટેજ (ઉચ્ચ પ્રાથમિક ધોરણ 6 થી 8)
❖ **સમયગાળો** : જૂન 2024 થી હાલ કાર્યરત


❖ **નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :**

- નવતર પ્રવૃત્તિની શરૂઆતમાં વિદ્યાર્થીઓને એક પ્રદર્શન દ્વારા ચલણી સિક્કાઓ, ચલણી નોટો અને ફિલાટેલિક ટિકિટો વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા.
- ત્યારબાદ દર શુક્રવાર અથવા શનિવારના દિવસે વિદ્યાર્થીઓને ચિઠ્ઠી ઉપાડ પદ્ધતિની જેમ ડબ્બામાં રાખેલ સિક્કાઓ અને ટિકિટોમાંથી વિદ્યાર્થી એક સિક્કા કે ટિકિટને પસંદ કરે છે.
- હવે પસંદ કરેલ સિક્કા અથવા ટિકિટ વિશે વિદ્યાર્થી માહિતી એકત્ર કરે છે અને પછીના અઠવાડિયામાં પ્રાર્થના કાર્યક્રમ દરમિયાન વક્તવ્ય સ્વરૂપે તેના વિશે માહિતી આપે છે.
- આપેલ વિશિષ્ટ માહિતીની સાથે સાથે તેને ગણન પ્રવૃત્તિ સાથે વિદ્યાર્થી જોડે છે અને પોતે પસંદ કરેલ સિક્કા કે ટિકિટના મૂલ્યાંકમાં જીવન જરૂરિયાતની કોઈપણ વસ્તુઓ કેટલી આવશે તેના વિશે ત્રિરાશી દ્વારા ગણતરી કરી સમજાવશે અને આ રીતે તેની ગણન પ્રવૃત્તિ પણ સુધરે છે.

❖ મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુકિત વગેરેની વિગત ) :

- વિશિષ્ટ જ્ઞાનની ચકાસણી માટે પ્રશ્નોત્તરી.
- ગુણન કાર્યની ચકાસણી માટે વિદ્યાર્થીઓએ લખેલ વસ્તુઓના કોયડાની ચકાસણી કરી મૂલ્યાંકન.

❖ પરિણામો (ડેટા સબંધિત-આધાર પુરાવા સાથે) :






❖ લાભાર્થીની સંખ્યા : 75

❖ ઉપયોગિતા / આઉટકમ :

- આ નવતર પ્રયોગથી વિદ્યાર્થીઓ ભારતીય ચલણથી સંપૂર્ણ રીતે માહિતગાર થયા.
- વિદ્યાર્થીઓ ફિલાટેલિક એકાઉન્ટ અને ભારતીય ટપાલ શાખાથી પરિચિત થયા.
- ભારતીય ચલણી સિક્કાઓમાં આવેલ વિવિધ ચિત્રો જેવા કે કલા અને સંસ્કૃતિ તથા વ્યક્તિ વિશેષની જાણકારી આપી વિદ્યાર્થીઓના વિશિષ્ટ જ્ઞાનમાં વધારો જોવા મળ્યો.
- નવતર પ્રયોગને ગણન સાથે જોડેલ હોવાથી વિદ્યાર્થીઓ ગણિત વિષયમાં રસ સાથે જોડાય છે.

❖ નવતર પ્રયોગના ફોટોગ્રાફ, QR કોડ:




❖ ઈનોવેટીવ શિક્ષક : માળવિયા રમેશકુમાર પુંજાભાઈ
❖ શાળા : સી.આર.સી. કો. ઓર્ડી.- જંગર
❖ તાલુકો : માળિયા હાટીના, જિલ્લો : જૂનાગઢ
❖ મોબાઈલ નંબર : 94292 18286
❖ E- mail : rameshmalviya71448@gmail.com

22

## પુસ્તક પાથેય

❖ **ક્ષેત્ર :** શાળા વ્યવસ્થાપન, ભાવાવરણ વિકાસ

❖ **સમસ્યા :**

- શિક્ષકો/વિદ્યાર્થીઓમાં ઉત્તર સાહિત્યમા વાંચન પ્રત્યે ઉદાસીનતા જોવા મળતી હતી.
- વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તક સાથેના જોડાયેલા સંદર્ભ-સાહિત્યના વાંચનનો અભાવ જોવા મળતો.
- પાઠ્યપુસ્તકમાં લેખકોની માહિતી બ્લેક એન્ડ વાઈટ અને ન ગમે તેવા ફોર્મેટમાં હોવાથી તેઓ લેખકનો પરિચય મેળવવા પ્રત્યે ઉદાસીન હતા.
- વિદ્યાર્થીઓ મોબાઈલમાં સોશીયલ મિડિયાનો વધુ ઉપયોગ કરતા.

❖ **ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :**
જંગર (ગીર) ક્લસ્ટરમાં ધોરણ 6 થી 8 માં કુલ 65 વિદ્યાર્થીઓ ઈતર-વાંચન પ્રત્યે રસ ધરાવતા ન હતા.

❖ **પ્રયુક્તિ** : નિદર્શન અને પુસ્તક વાંચન.
❖ **સાધન સામગ્રી** : બેનર તથા વિવિધ લેખકોના પુસ્તકો.
❖ **લક્ષ્યજૂથ** : ધોરણ 6 થી 8 ક્લસ્ટરની તમામ શાળાઓના વિદ્યાર્થીઓ
❖ **સ્ટેજ** : મીડલ સ્ટેજ (ઉચ્ચ પ્રાથમિક ધોરણ 6 થી 8)
❖ **સમયગાળો** : 1 વર્ષ

❖ **નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :**

- ઉપર મુજબની સમસ્યાઓ નિવારવા માટે જંગર (ગીર) ક્લસ્ટરની શાળા મુલાકાત વખતે લેખકો, કવિશ્રીઓ, સાહિત્યકારોના બેનરો સાથે તે જ લેખકોના વિવિધ પુસ્તકો સાથે રાખવામાં આવતા. બેનરના નિદર્શન કરાવી લેખકો અને તેમના દ્વારા લખાયેલ સાહિત્યથી પરિચિત કરાવામાં આવતા.
- ત્યારબાદ તેમને આગામી શાળા મુલાકાત વખતે જે લેખકોનો પરિચય મેળવ્યો હોય તેમનું પુસ્તક પરિચય અથવા સમીક્ષા રજૂ કરે તે માટે પ્રોત્સાહિત કરવામાં આવતા.

- આ માટે બીજી મુલાકાત વખતે પુસ્તકની સમીક્ષા અથવા પરિચય આપનાર દરેક વિદ્યાર્થીઓને ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ.

❖ **મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુકિત વગેરેની વિગત ) :**

જંગર ક્લસ્ટરની શાળા મુલાકાત વખતે વિદ્યાર્થીઓના વિવિધ લેખિત અને મૌખિક સમીક્ષા અને પુસ્તક પરિચય દ્વારા વિદ્યાર્થીઓનું રૂબરૂ મૂલ્યાંકન કરવામાં આવ્યું.

❖ **પરિણામો (ડેટા સબંધિત-આધાર પુરાવા સાથે) :**

જંગર (ગીર) ક્લસ્ટરની વિવિધ શાળાઓના ધોરણ 6 થી 8 ના 35 વિદ્યાર્થીઓમાં ઇતર વાંચનમાં સુધારો જોવા મળ્યો.

❖ **લાભાર્થીની સંખ્યા :** 65

❖ **આ ઇનોવેશનનો અમલ અન્ય શાળા દ્વારા કરવામાં આવ્યો હોય તો તેની વિગત :**

જંગર (ગીર) ક્લસ્ટરની તમામ શાળાઓ.

❖ **ઉપયોગિતા / આઉટકમ :**

- વિદ્યાર્થીઓ/શિક્ષકોમાં ઈતર-સાહિત્ય વાંચનમાં રસ પેદા થયો.
- વિદ્યાર્થીઓમાં ઈતર વાંચન તથા સંદર્ભ સાહિત્ય પ્રત્યે જાગૃતિ પેદા થઈ.
- પાઠ્યપુસ્તકના વિવિધ લેખકોની માહિતી વિદ્યાર્થીઓને મળતા તેઓ તેમના વિવિધ કાર્યોથી પરિચિત થયા.
- વિદ્યાર્થીઓ મોબાઈલમાં ફેસબુકની જગ્યાએ બુક-ફેસ કરતાં થયા.!

❖ **નવતર પ્રયોગના ફોટોગ્રાફ, QR કોડ:**








રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત
એજ્યુકેશન ઇનોવેશન ફેસ્ટિવલ 2025-26 (જિલ્લા કક્ષા)




- ઈનોવેટીવ શિક્ષક : જગદીશકુમાર કનુભાઈ સોલંકી
- શાળા : સી. આર. સી. મોટા કોટડા
- તાલુકો : વિસાવદર, જિલ્લો : જૂનાગઢ
- મોબાઈલ નંબર : 8320174084
- E- mail : jagdishsolanki97@gmail.com


23

## Powerful Pedagogy with IKS

- **ક્ષેત્ર :** મિડલ સ્ટેજ સંબંધિત ઇનોવેટીવ, અધ્યયન અધ્યાપન પ્રક્રિયા અને મૂલ્યાંકન પ્રક્રિયા
- **સમસ્યા :** સામાજિક વિજ્ઞાન વિષયની શિક્ષક આવૃતિ દ્વારા અધ્યાપન કાર્યમાં શિક્ષકોની ઉદાસીનતા
- **ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર - પુરાવા) :**
  પૂર્વ કસોટી દ્વારા ક્લસ્ટરની શાળાઓના વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરતાં 40 % જેવા પરિણામો જોવા મળ્યા હતા.
- **પ્રયુક્તિ** : શિક્ષક આવૃતિમાં આપેલ 21 મી સદીના કૌશલ્યો મુજબ અધ્યાપન કાર્ય
- **સાધન સામગ્રી** : સામાજિક વિજ્ઞાન વિષય શિક્ષક આવૃતિ ધોરણ 6,7,8 પૂર્વ કસોટી તેમજ ઉતર કસોટી માટે કાગળો અથવા નોટબુક
- **લક્ષ્ય જૂથ** : બાળકો, શિક્ષકો, CRC, BRC
- **સ્ટેજ** : મીડલ સ્ટેજ (ઉચ્ચ પ્રાથમિક ધોરણ 6 થી 8)
- **સમયગાળો** : છેલ્લા 6 માસથી..
- **નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :**
  - સૌ પ્રથમ ક્લસ્ટરની શાળાના સામાજિક વિજ્ઞાન વિષયના શિક્ષકોને શિક્ષક આવૃતિ વિષે સમજ આપવામાં આવી હતી.
  - ક્લસ્ટરની શાળાઓમાં ધોરણ 6,7,8માં સામાજિક વિજ્ઞાન વિષયની પ્રિ- કસોટીઓ લેવામાં આવી હતી.
  - સામાજિક વિજ્ઞાન વિષયની શિક્ષક આવૃતિમાં આવરાયેલા 21 મી સદીઓના કૌશલ્યોનો વિનિયોગ અધ્યાપન કાર્યમાં કરીને ધોરણ 6,7,8 માં શિક્ષક આવૃતિ મુજબ અધ્યાપન કાર્ય કરાવવામાં આવ્યું હતું.
  - ક્લસ્ટરની શાળાઓમાં સામાજિક વિજ્ઞાન વિષયની શિક્ષક આવૃતિના અધ્યાપન કાર્ય બાદ ઉતર કસોટી લેવામાં આવી હતી.

❖ **મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ,પ્રયુકિત વગેરેની વિગત ) :**

- આ નવતર પ્રયોગ પહેલા ક્લસ્ટરની શાળાઓમાં ધોરણ 6,7,8માં સામાજિક વિજ્ઞાન વિષયની પ્રિ-કસોટી દ્વારા મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. જેમાં ઉપકરણ તરીકે પ્રિ-કસોટીનો સમાવેશ કરવામાં આવ્યો હતો.
- આ નવતર પ્રયોગ પછી ક્લસ્ટરની શાળાઓમાં ધોરણ 6,7,8માં સામાજિક વિજ્ઞાન વિષયની ઉતર-કસોટી દ્વારા મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. જેમાં ઉપકરણ તરીકે ઉતર-કસોટીનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

❖ **પરિણામો (ડેટા સબંધિત – આધાર પુરાવા સાથે) :**

| ધોરણ | કુલ વિદ્યાર્થીઓ | નવતર પ્રયોગ પહેલાની પરિણામની ટકાવારી | નવતર પ્રયોગ પછીના પરિણામની ટકાવારી |
|---|---|---|---|
| 6 થી 8 | 100 | 40% | 95% |

❖ **લાભાર્થીનીસંખ્યા : 90**

❖ **આપનાઇનોવેશનનોઅમલઅન્યશાળાદ્વારાકરવામાંઆવ્યોહોયતોતેનીવિગત :** ક્લસ્ટરની 4 શાળામાં આ પ્રયોગ હાથ ધરવામાં આવ્યો હતો.

❖ **ઉપયોગિતા / આઉટકમ :**

- સામાજિક વિજ્ઞાન વિષયની શિક્ષક આવૃતિમાં આવરાયેલા 21 મી સદીના કૌશલ્યો અધ્યાપન કાર્યમાં અસરકારક સાબિત થયા.
- શિક્ષકોની અધ્યાપન શૈલીમાં નવીનતા આવી તેમજ શિક્ષકો સામાજિક વિજ્ઞાન વિષયની શિક્ષક આવૃતિનો અધ્યાપન કાર્યમાં ઉપયોગ કરતાં થયા.
- વિદ્યાર્થીઓમાં સામાજિક વિજ્ઞાન વિષયના અધ્યયન કાર્યમાં અસરકારકતા જોવા મળી.
- ક્લસ્ટરની શાળાઓના વિદ્યાર્થીઓના સામાજિક વિજ્ઞાન વિષયમાં ઉચ્ચતમ પરિણામો પ્રાપ્ત થયા.

❖ **નવતર પ્રયોગના ફોટોગ્રાફ, QR કોડ:**

















❖ ઈનોવેટીવ શિક્ષક : ધર્મેશકુમાર દયાળજીભાઈ વાઢેર
❖ શાળા : શ્રી સ.ભ.ગો.કન્યા શાળા
❖ તાલુકો : વિસાવદર, જિલ્લો : જૂનાગઢ
❖ મોબાઈલ નંબર : 9824997001
❖ E- mail : wadher.dharmesh123@gmail.com


24

# કચરાનું નવજીવન

❖ **ક્ષેત્ર :** પ્રવૃત્તિ આધારિત શિક્ષણ

❖ **સમસ્યા :**

- રિસેસ સમયમાં અમુક બાળકોનું ચૂપચાપ બેઠા રહેવું.
- અશિસ્ત, ફરિયાદો, મોડા આવવું જેવી ફરિયાદોનું પ્રમાણ 50% થી 55% ટકા જેટલું રહેતુ હતું.

❖ **ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :**

- રિસેસમાં નિરસતા ધરાવતા બાળકો રમવા ન જતા અને ચૂપચાપ બેસી રહેતા હતા.
- શાળાની અંદર બાળકોમાં બોલા-ચાલી / ફરિયાદો / ઝઘડા / અશિસ્ત જેવી ફરિયાદો રીસેસના સમયમાં 50% થી 55% ટકા જેટલી જોવા મળતી.
- રિસેસ પૂર્ણ થયા બાદ 30 % બાળકો શાળામાં મોડા પહોંચતા હતા.

❖ **પ્રયુક્તિ** : જૂથ કાર્ય પદ્ધતિ - પ્રાયોગિક પદ્ધતિ - અવલોકન પદ્ધતિ

❖ **સાધન સામગ્રી** : નકામી વસ્તુઓ (પ્લાસ્ટિક બોટલ, કાગળ, પૂંઠા, પ્લાસ્ટિક થેલી, અન્ય ચીજ વસ્તુઓ)

❖ **લક્ષ્યજૂથ** : શાળાના તમામ બાળકો

❖ **સ્ટેજ** : મીડલ સ્ટેજ (ઉચ્ચ પ્રાથમિક ધોરણ 6 થી 8)

❖ **સમયગાળો** : 6 માસ

❖ **નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :**

- સૌ પ્રથમ ધોરણ 6 થી 8 ના દરેક વિદ્યાર્થીઓને સાથે બેસાડી ધોરણ પ્રમાણે ગ્રુપ બનાવ્યા.
- વિદ્યાર્થીઓને રિસેસ દરમિયાન મનગમતા સ્થળે બેસાડી તેના ગ્રુપ લીડરને અલગ અલગ પ્રકારની મનગમતી પ્રવૃત્તિઓ આપવામાં આવી.
- જેમકે ચીટકકામ, કાતરકામ, કલર કામ ,પેપર કટિંગ,નકામી વસ્તુઓમાંથી કામની વસ્તુઓ જુદી પાડવી, સીવણકામ વગેરે જેવી પ્રવૃત્તિઓ આપવામાં આવે છે.

- રિસેસ દરમિયાન વારાફરતી શિક્ષકોને બાળકો ઉપર દેખરેખ રાખવાનું સૂચન કર્યું.
- બાળકો રિસેસ અને ફ્રી તાસમાં પ્રવૃતિઓ કરે છે અને કરેલી પ્રવૃત્તિને દર ચાર માસે શાળામાં પ્રદર્શન ગોઠવવામાં આવે છે. આ પ્રવૃત્તિના ફોટોગ્રાફ્સ અને ડોક્યુમેન્ટેશન તૈયાર કરવામાં આવે છે અને પછી સારું કામ કરે તેને પ્રાર્થનાસભામાં તે ગ્રુપને ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવે છે.

❖ **મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુકિત વગેરેની વિગત ) :**

- બાળકોને મૌખિક પ્રશ્નોત્તરી દ્વારા.
- બાળકોને રૂબરૂ મુલાકાત દ્વારા.
- ફોન દ્વારા વાલીઓ સાથે મળીને ચર્ચા કરી.



❖ **પરિણામો (ડેટા સબંધિત-આધાર પુરાવા સાથે) :**

- નિરસતા ધરાવતા બાળકો રસની પ્રવૃત્તિ તરફ વળ્યા.
- વિદ્યાર્થીઓ રિસેસમાં ઘરે જતા બંધ થઈ ગયા.
- વેસ્ટ વસ્તુઓનો સંગ્રહ તથા નિકાલ કરતા થયા.
- ફરિયાદોનું પ્રમાણ અંદાજે 10% થી 2% સુધી રહ્યું.
- રિસેસ અને ફ્રી તાસના સમયનો સદુપયોગ કરતા થયા.
- ઘર અને શાળામાં સ્વચ્છતા અંગે વિદ્યાર્થીઓમાં જાગૃતતા આવી.

❖ **લાભાર્થીની સંખ્યા :** કુલ 102 બાળકો

❖ **ઉપયોગિતા / આઉટકમ :**

- નકામી વસ્તુઓમાંથી નવું - નવું બનાવતા શીખતા થયા.
- બાળકોમાં સર્જનાત્મકતા, નેતૃત્વ, ભાઈચારો, નૈતિકમૂલ્યો વગેરેમાં વધારો થયો.
- નકામી વસ્તુઓ જરૂરિયાત મુજબ સંગ્રહ કરતા થયા.
- મોબાઈલથી થોડા દૂર થયા અને ઘરે પણ આવી વસ્તુઓ બનાવવા લાગ્યા.

❖ **નવતર પ્રયોગના ફોટોગ્રાફ, QR કોડ:**





રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત
એજ્યુકેશન ઇનોવેશન ફેસ્ટિવલ 2025-26 (જિલ્લા કક્ષા)




- ઈનોવેટીવ શિક્ષક : ભાડેચિયા દર્શનકુમાર હરસુખલાલ
- શાળા : શ્રી ઢેબર પ્રાથમિક શાળા
- તાલુકો : વિસાવદર, જિલ્લો : જૂનાગઢ
- મોબાઈલ નંબર : 8866442478
- E- mail : darshanbhadechia@gmail.com


25

# સરળતાથી શીખીએ સામાજિક વિજ્ઞાન

- **ક્ષેત્ર :** શિક્ષણમાં **Blended Learning**

- **સમસ્યા :** સામાજિક વિજ્ઞાન વિષય પ્રત્યે વિદ્યાર્થીઓને અણગમો જોવા મળતો.

- **ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :** સામાજિક વિજ્ઞાનમાં ઐતિહાસિક ઘટનાઓ અંગેના જ્ઞાનનો અભાવ, વર્ગીકરણમાં, નકશાપૂર્તિમાં મુશ્કેલી જોવા મળતી હતી.

- **પ્રયુક્તિ :** નિદર્શન, જૂથ ચર્ચા, ઓડિયો વિડીઓ વિજ્યુઅલ, નકશા, ચાર્ટની સમજુતી.
- **સાધન સામગ્રી :** સ્માર્ટબોર્ડ, વિવિધ એપ્લીકેશન, કાર્ડશીટ, યુટ્યુબ ચેનલ.
- **લક્ષ્યજૂથ :** ઉચ્ચ પ્રાથમિક વિભાગ 6 થી 8 સામાજિક વિજ્ઞાન શીખતા વિદ્યાર્થીઓ
- **સ્ટેજ :** મીડલ સ્ટેજ (ઉચ્ચ પ્રાથમિક ધોરણ 6 થી 8)
- **સમયગાળો :** બે વર્ષ થી

- **પ્રયોગનું વિગતવાર વર્ણન :**
  - પ્રવૃતિલક્ષી શિક્ષણ - વિદ્યાર્થીઓ દ્વારા પ્રાર્થનાસભામાં નિયમિત રીતે ઐતિહાસિક ઘટનાની રજૂઆત.
  - ડિજીટલ ટેકનોલોજી દ્વારા શિક્ષણ - શૈક્ષણિક પ્રવૃતિઓના વિડીયો વોટ્સઅપ, યુટ્યુબ ચેનલ અને ફેસબુક પેજ પર અપલોડ કર્યા.
  - સ્માર્ટ બોર્ડ દ્વારા જૂથ શિક્ષણ - રિશેષ સમય દરમિયાન બાળકો સ્માર્ટ બોર્ડમાં નકશાપૂર્તિની પ્રવૃતિ કરવા લાગ્યા.
  - પ્રાર્થનાસભામાં વિદ્યાર્થીઓ સુવિચાર ભજનની સાથે ઐતિહાસિક ઘટના રજુ કરે એવો પ્રયત્ન કર્યો. જેથી વિદ્યાર્થી દરરોજ એક ઐતિહાસિક ઘટના તૈયાર કરશે અને બીજા વિદ્યાર્થીઓ તે સાંભળશે.
  - ડીઝીટલ ટેકનોલોજી દ્વારા શિક્ષણ આપવાની શરૂઆત કરી. બાળકોની જ શૈક્ષણિક પ્રવૃતિના વિડીઓ વોટ્સએપ, યુટ્યુબ ચેનલ ,અને ફેસબુક પેઝ ઉપર અપલોડ કર્યા પરિણામે બાળકોને એ

વિડીઓ ઘરે જોઈને શીખવામાં પણ ખુબ રસ પડયો. બાળકોના વાલી પણ આ વિડીયો જોતા થયા જેથી વાલી પણ શાળાકીય શૈક્ષણિક પ્રવૃતિથી માહિતગાર થવા લાગ્યા.

- રિશેષ સમય દરમિયાન બાળકો સ્માર્ટ બોર્ડમાં નક્શાપૂર્તિની પ્રવૃત્તિ કરવા લાગ્યા બાળકોને આ પ્રવૃતિમાં રસ રૂચી જોવા મળી બાળકો સરળતાથી નકશાપૂર્તિ શીખી ગયા.

❖ **મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુકિત વગેરેની વિગત )**

- મુલ્યાંકન : સ્માર્ટ બોર્ડ દ્વારા , વિવિધ એપ્લીકેશન દ્વારા
- પ્રયુક્તિ : ICT, નિદર્શન, જૂથ ચર્ચા, ઓડિયો વિડીઓ વિજ્યુઅલ, નકશા, ચાર્ટ.

❖ **પરિણામો (ડેટા સબંધિત-આધાર પુરાવા સાથે) :**

- જ્ઞાન સાધના અને NMMS જેવી શિષ્યવૃત્તિ પરીક્ષામાં 4 વિદ્યાર્થીઓ મેરીટમાં આવ્યા હતા. છેલ્લા બે વર્ષમાં 13 વિદ્યાર્થીઓ મેરીટમાં આવ્યા.
- વિદ્યાર્થીમાં સામાજિક વિજ્ઞાન વિષય પ્રત્યેની રૂચિમાં વધારો થયો.
- વિદ્યાર્થી, વાલી અને સમાજ પ્રત્યે શ્રેષ્ઠ પ્રત્યાયન શરુ થયું.

❖ **લાભાર્થીની સંખ્યા :** 650

❖ **ઉપયોગિતા / આઉટકમ :**

- જ્ઞાન સાધના, NMMS, જેવી રાજ્ય પરીક્ષા બોર્ડમાં સામજિક વિજ્ઞાનના પ્રશ્નોના બાળકોએ સરળતાથી જવાબ આપ્યા અને છેલ્લા બે વર્ષમાં 13 બાળકો મેરીટમાં સ્થાન પામ્યા.
- સમયનો બચાવ થયો રિશેષ સમય દરમિયાન બાળકો નકશાપૂર્તિ શીખી ગયા

❖ **નવતર પ્રયોગના ફોટોગ્રાફ, QR કોડ:**










## રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત
## એજ્યુકેશન ઇનોવેશન ફેસ્ટિવલ 2025-26 (જિલ્લા કક્ષા)




- ઈનોવેટીવ શિક્ષક : મકવાણા હેમંતકુમાર ખેતાભાઈ
- શાળા : ઉમરાળા પ્લોટ પ્રા શાળા
- તાલુકો : જૂનાગઢ ગ્રામ્ય, જિલ્લો : જૂનાગઢ
- મોબાઈલ નંબર : 9601103405
- E- mail : hemantmakavana85@gmail.com


26

## SAT AND MAT

- **ક્ષેત્ર :** ધો.6 થી 8 ના બાળકો
- **સમસ્યા :** NMMS, CET અને CGMS જેવી પરીક્ષાઓમાં બાળકોને ખૂબ જ મુશ્કેલી પડતી હતી.
- **ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :** બાળકોને આ પરીક્ષા વિશે અપૂરતી માહિતી હતી.
- **પ્રયુક્તિ** : તાર્કિક ક્ષમતાના પ્રશ્નો ઉકેલવા માટેની વિવિધ રીતો
- **સાધન સામગ્રી** : OMR SHEET, વિવિધ પ્રકારના પ્રશ્નપત્ર, YouTube, Gujarat E class ચેનલ
- **લક્ષ્યજૂથ** : ધો.6 થી 8 ના બાળકો
- **સ્ટેજ** : મીડલ સ્ટેજ (ઉચ્ચ પ્રાથમિક ધોરણ 6 થી 8)
- **સમયગાળો** : 2 વર્ષ

- **નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :** વર્ષ 2023 દરમિયાન ધોરણ 5ના બાળકોને વિવિધ પદ્ધતિઓ અપનાવી CET, નવોદય માટેની પરીક્ષાની પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ મુજબ તૈયારી કરાવી. સમગ્ર વર્ષ દરમિયાન આ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓએ ખૂબ જ સારી રીતે પરીક્ષા આપી અને કુલ 8 વિદ્યાર્થીમાંથી 1 વિદ્યાર્થી મેરીટમાં પસંદગી પામ્યો અને 4 વિદ્યાર્થીઓ પાસ થયા. વર્ષ 2024માં આ પ્રવૃત્તિ ધોરણ 8 માટે NMMS પરીક્ષા માટેની તૈયારી શરૂ કરવામાં આવી. કુલ સંખ્યા 10 માંથી 9 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી અને 9 વિદ્યાર્થીઓ પાસ થયા. તેમજ એક વિદ્યાર્થી મેરીટમાં સામેલ થયો.

  SAT ના વિવિધ વિષયોના પ્રશ્નોની તૈયારી કરાવી. બાળકો પાસે વિવિધ પ્રશ્નોપત્રોના પ્રશ્નોના મહાવરો કરાવ્યો. જેમાં MAT વિભાગમાં 90 ટકા પરિણામ જોવા મળ્યું. વર્ષ 2025માં આ પ્રવૃત્તિ ધોરણ 6, 7 અને 8 ના બાળકોમાં થતી જોવા મળે છે.

- **મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુકિત વગેરેની વિગત ) :** મૂલ્યાંકન OMR SHEET દ્વારા અને વિવિધ પ્રશ્નપત્રો દ્વારા દર એકમના અંતે કરવામાં આવે છે

❖ **પરિણામો (ડેટા સબંધિત-આધાર પુરાવા સાથે) :**

| વર્ષ | પરીક્ષા આપેલ વિદ્યાર્થી | પાસ થયેલ વિદ્યાર્થી | પરિણામ |
|---|---|---|---|
| **2023** | **8 - CET** | **4** | **4 મેરીટમાં** |
| **2024-25** | **9 - NMMS** | **7** | **1 મેરીટમાં** |
| **2024-25** | **8 - CGMS** | **5** | **2 મેરીટમાં** |
| **2025-26** | **ON GOING** | **ON GOING** | **ON GOING** |

❖ **લાભાર્થીની સંખ્યા : 30 બાળકો**

❖ **ઉપયોગિતા / આઉટકમ :**

- સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ઉપયોગી.
- ઉચ્ચ અભ્યાસ માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપતા વિદ્યાર્થીઓ માટે ઉપયોગી .
- ધો .6થી 8ના બાળકો

❖ **નવતર પ્રયોગના ફોટોગ્રાફ, QR કોડ:**









❖ ઈનોવેટીવ શિક્ષક : બોદર જાગૃતિબેન કરશનભાઈ
❖ શાળા : શ્રી ચાંદીગઢ પ્રા શાળા
❖ તાલુકો : કેશોદ, જિલ્લો : જૂનાગઢ
❖ મોબાઈલ નંબર : 9723103179
❖ E- mail : jkbodar20202@gmail.com


27

# નકશાપૂર્તિ

❖ **ક્ષેત્ર :** NEP-2020 અંતર્ગત પ્રવૃતિ આધારિત શિક્ષણ

❖ **સમસ્યા :**
- વિદ્યાર્થીઓનું નકશાપૂર્તિ કાર્ય નબળું જણાયું.
- નકશાપૂર્તિ કાર્યમાં રસ ન હોવો.
- નકશાપૂર્તિ માટે જિલ્લા, રાજયો અને ખંડના નામ યાદ ન રાખી શકવા.

❖ **ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :**
- વિદ્યાર્થીઓ નકશાપૂર્તિ કાર્ય કરી શકતા નહીં
- વિવિધ નકશાપૂર્તિમાં મુશ્કેલી

❖ **પ્રયુક્તિ** : નિદર્શન
❖ **સાધન સામગ્રી** : ટી.એલ.એમ., નક્શાઓ, સ્માર્ટ બોર્ડ, નોટબૂક, પેન, પેન્સિલ, રબ્બર વગેરે .....
❖ **લક્ષ્યજૂથ** : ધોરણ 6 થી 8 ના વિદ્યાર્થીઓ
❖ **સ્ટેજ** : મીડલ સ્ટેજ (ઉચ્ચ પ્રાથમિક ધોરણ 6 થી 8)
❖ **સમયગાળો** : છેલ્લા 7 માસ

❖ **નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :**
- વિદ્યાર્થીઓની અધ્યયન નિષ્પતીની સિદ્ધિ ચકાસતા સમસ્યાની ઓળખ કરી.
- વિદ્યાર્થીઓને વિવિધ નકશાઓની ઓળખ અને નિદર્શન કરવવામાં આવ્યું .
- વિદ્યાર્થીઓ જિલ્લા અને રાજયો અને ખંડના નામ સરળતાથી યાદ રાખી શકે તે માટે સૂત્રો શીખવવામાં આવે છે.
- વિદ્યાર્થીઓને રેખાંકિત નક્શાઓ દ્વારા નિદર્શન અને મહાવરો પૂરો પાડવામાં આવે છે.

❖ મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુકિત વગેરેની વિગત ) :

- જિલ્લા, રાજયો અને ખંડના નકશામાં જુદી જુદી વિગતોની પુરવણી કરાવવી.
- સ્માર્ટબોર્ડ, ટીએલએમ દ્વારા મૂલ્યાંકન કરવું.

❖ પરિણામો (ડેટા સબંધિત-આધાર પુરાવા સાથે) :

- વિદ્યાર્થીઓ જિલ્લા, રાજયો અને ખંડના નામ યાદ સરળતાથી યાદ રાખતા થયા.
- વિદ્યાર્થીઓ ગુજરાત, ભારત અને દુનિયાના નકશામાં સરળતાથી નિદર્શન કાર્ય કરતાં થયા.
- ધોરણ **6** માં **13**,ધોરણ **7** માં **16** ,ધોરણ **8** માં **14** કુલ - **43**

❖ લાભાર્થીની સંખ્યા : ધોરણ **6** માં **13**,ધોરણ **7** માં **16** ,ધોરણ **8** માં **14** કુલ – **43**

❖ ઉપયોગિતા / આઉટકમ :

- વિદ્યાર્થીઓના નકશાપૂર્તિ કાર્યમાં સુધારો જોવા મળ્યો.
- નકશાપૂર્તિ કાર્ય રસપ્રદ અને આનંદ દાયક બની ગયું.
- નકશાપૂર્તિ માટે જિલ્લા અને રાજયો અને ખંડના નામ યાદ સરળતાથી યાદ રાખી શકે છે.

❖ નવતર પ્રયોગના ફોટોગ્રાફ, QR કોડ:







રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત
એજ્યુકેશન ઇનોવેશન ફેસ્ટિવલ 2025-26 (જિલ્લા કક્ષા)




❖ ઈનોવેટીવ શિક્ષક : રમીલાબેન બી. બારિયા
❖ શાળા : પીપળી પે સેન્ટર શાળા
❖ તાલુકો : કેશોદ, જિલ્લો : જૂનાગઢ
❖ મોબાઈલ નંબર : 909085875
❖ E- mail : ramilabariya@gmail.com


28

# શિક્ષણ સાથે સંસ્કારોનું સિંચન

❖ **ક્ષેત્ર :** NEP-2020 અંતર્ગત જિજ્ઞાસા આધારિત શિક્ષણ

❖ **સમસ્યા :**
- મોબાઈલના ઉપયોગથી બાળકોમાં શિક્ષણ પ્રત્યેની જિજ્ઞાસાવૃત્તિ ઓછી.
- સંસ્કારનો અભાવ.

❖ **ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :**
- બાળકોમાં શિક્ષણ પ્રત્યે ગંભીરતા ઓછી.
- વિદ્યાર્થીઓમાં શ્લોક કંઠસ્થ કરવાનો અભાવ.

❖ **પ્રયુક્તિ** : શ્લોકનું પઠન અને ગાન
❖ **સાધન સામગ્રી** : ભગવદ ગીતાના શ્લોક અને પ્રસંગો
❖ **લક્ષ્યજૂથ** : ધોરણ 6 થી 8 ના બાળકો
❖ **સ્ટેજ** : મીડલ સ્ટેજ (ઉચ્ચ પ્રાથમિક ધોરણ 6 થી 8)
❖ **સમયગાળો** : 10 માસ

❖ **નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :**
- વર્ગની શરૂઆતમાં શ્લોકનું ગાન
- પ્રાર્થના સભામાં શ્લોકનું પઠન અને સમજૂતી
- પ્રાર્થના સભામાં ભગવદ ગીતાના પ્રસંગોનું વર્ણન

❖ **મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુકિત વગેરેની વિગત ) :**
- વિદ્યાર્થીઓમાં સારી બાબતોનું ઘડતર.
- શ્લોક કંઠસ્થ કરવા.

- ભગવદ ગીતાના પ્રસંગો કંઠસ્ત કરવા.

❖ **પરિણામો (ડેટા સબંધિત-આધાર પુરાવા સાથે) :**

- વિદ્યાર્થીઓ શિક્ષણ પ્રત્યે એકાગ્ર બન્યા.
- વિદ્યાર્થીઓમાં જિજ્ઞાસાવૃત્તિ વધી.
- વિદ્યાર્થીઓમાં સંસ્કારોનું સિંચન.

❖ **ઉપયોગિતા / આઉટકમ :**

- વિદ્યાર્થીઓમાં શિક્ષણ પ્રત્યે રુચિ વધી.
- વિદ્યાર્થીઓને શ્લોક કંઠસ્થ કરવાની ટેવ પડી.
- વિદ્યાર્થીઓમાં શિક્ષણ સાથે સંસ્કારોનું સિંચન.

❖ **નવતર પ્રયોગના ફોટોગ્રાફ, QR કોડ:**



## રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત
## એજ્યુકેશન ઇનોવેશન ફેસ્ટિવલ 2025-26 (જિલ્લા કક્ષા)





- ઈનોવેટીવ શિક્ષક : ભાવનાબેન એમ. રાઠોડ
- શાળા : પી. એમ. શ્રી કન્યા શાળા નં. 4
- તાલુકો : જૂનાગઢ, જિલ્લો : જૂનાગઢ
- મોબાઈલ નંબર : 960775270
- E- mail : bpkhimoria@gmail.com


29

# બાળકો માટે ગાંધીજીના અગિયાર મહાવ્રતો

- **ક્ષેત્ર :** ધોરણ 6 થી 8 નાં વિદ્યાર્થીઓ
- **સમસ્યા :** વિદ્યાર્થીઓના વાણી વર્તનમાં જોવા મળતો મૂલ્ય શિક્ષણનો અભાવ.
- **ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :**
  - શાળામાં વિદ્યાર્થીઓનું એકબીજા સાથેનું અવિવેકપૂર્ણ વર્તન.
  - શાળામાં તથા શાળા બહાર વિદ્યાર્થીઓનું અવિવેકપૂર્ણ વર્તન.
  - વિદ્યાર્થીઓમાં જોવા મળતું અસભ્ય વર્તન.
- **ઇનોવેશન માટેની પ્રયુક્તિ, સાધનસામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :**
- **પ્રયુક્તિ** : જૂથ ચર્ચા, વકતૃત્વ સ્પર્ધા, નિબંધ લેખન, પુસ્તક સમીક્ષા.
- **સાધન સામગ્રી :**
  - ગાંધીજીના પુસ્તકોનું વાંચન તથા પુસ્તક સમીક્ષા.
  - સત્યના પ્રયોગો આધારિત જૂથ પ્રવૃત્તિઓ.
  - નિબંધ લેખન અને વકતૃત્વ સ્પર્ધાઓનું આયોજન.




- **લક્ષ્યજૂથ** : ધોરણ 6 થી 8 નાં તમામ વિદ્યાર્થીઓ
- **સ્ટેજ** : મીડલ સ્ટેજ (ઉચ્ચ પ્રાથમિક ધોરણ 6 થી 8)
- **સમયગાળો** : જૂન 2025 થી સતત
- **નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :**

પી. એમ. શ્રી કન્યા શાળા નં. 4 માં વિદ્યાર્થીઓના વાણી વર્તનમાં ખુબજ અસભ્યતા જોવા મળતી હતી. જેના કારણે શિસ્ત સંબંધિત ઘણા પ્રશ્નો ઉપસ્થિત થતા હતા. જેનુ નિવારણ કરવા માટે તથા વિદ્યાર્થીઓના વાણી વર્તનમાં સુધારો લાવવા તેમજ તેમને સભ્ય અને સંસ્કારી બનાવવા માટે મેં અમોની શાળામાં ગાંધીજીના અગિયાર મહાવ્રતો દ્વારા આ કાર્યની શરૂઆત કરી જે અંતર્ગત વિદ્યાર્થીઓને વિવિધ જૂથોમાં વહેંચી તેમને ગાંધીજીના પુસ્તકોનુ વાંચન કરી તેમણે વાંચેલ પુસ્તકની સમીક્ષા પ્રાર્થના સભામાં કરવી તથા ગાંધીજીના પુસ્તક સત્યના પ્રયોગો પરથી વિદ્યાર્થીઓને પણ જૂથ

ચર્ચા દ્વારા પોતાનામાં અહેલી ક્ષતિઓ વિષે જાણીતેને સુધારવા અંગે વિચારતા કર્યા. તેમજ ગાંધીજીના મહાવ્રતો પર નિબંધ લેખન, વકતૃત્વ સ્પર્ધા જેવી પ્રવૃત્તિઓ કરાવી. તેમજ ગાંધીજી અને અન્ય મહાનુભાવોના જીવન સંઘર્ષ અને જીવન ચરિત્ર તેમજ તેમની સફળતા વિષે ચર્ચા કરી જીવનમાં યોગ્ય વાણી અને આચરણની અગત્યતા અંગેની જાણકારી આપવામાં આવી.

❖ **મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુકિત વગેરેની વિગત) :**

- સત્યના પ્રયોગો આધારિત જૂથ પ્રવૃત્તિઓ તથા ચર્ચા.
- ગાંધીજીના પુસ્તકો આધારિત નિબંધ લેખણ તથા વકતૃત્વ સ્પર્ધાઓ.
- શાળામાં વિદ્યાર્થીઓને વિવિધ સામાજિક જવાબદારીઓ સોંપવી.

❖ **પરિણામો (ડેટાસબંધિત-આધાર પુરાવા સાથે) :**

- આ પ્રવૃત્તિ કરાવવાને કારણે શાળામાં ઘણા વિદ્યાર્થીઓના વાણી વર્તનમાં સુધારો જોવા મળ્યો છે.
- શાળામાં અને શાળા બહાર પણ વિદ્યાર્થીઓના આચરણમાં અપેક્ષિત સુધારો જોવા મળ્યો છે.
- વિદ્યાર્થીઓની વાંચન પ્રત્યે રૂચી વધી છે.

❖ **લાભાર્થીની સંખ્યા :** 360

❖ **ઉપયોગિતા / આઉટકમ :**

આ પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓના વાણી વર્તન તેમજ આચરણને સુધારીને તેમને આવનારા સમયના એક સારા નાગરિક બનાવી શકાય છે.

❖ **નવતર પ્રયોગના ફોટોગ્રાફ, QRકોડ :**









@PM_SHREE_KANYA_SHALA_NO.4



❖ ઈનોવેટીવ શિક્ષક : કાચા જિજ્ઞાબેન ચંદુભાઈ
❖ શાળા : શ્રી બામણગામ પ્રા.શાળા
❖ તાલુકો : જુનાગઢ ગ્રામ્ય, જિલ્લો : જૂનાગઢ
❖ મોબાઈલ નંબર : 8160624507
❖ E- mail : jignakacha9984@gmail.com

30

# સામાજિક વિજ્ઞાન વિષયનું પ્રવૃતિમય શિક્ષણ

❖ **ક્ષેત્ર :** રાષ્ટ્રીય શિક્ષણનિતી 2020 ના અમલીકરણ સબંધિત સામાજિક વિજ્ઞાનનું પ્રવૃત્તિમય ઈનોવેશન

❖ **સમસ્યા :** બાળકો સામાજિક વિજ્ઞાનના પાઠ, ઇતિહાસ,રાજા, યુદ્ધો, ભૂગોળનો નકશો, નદીઓ, પર્વતો સારી રીતે સમજવામાં મુશ્કેલી પડતી હતી.

❖ **ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :**

- વિદ્યાર્થીઓની નિષ્ક્રિય ભાગીદારી.
- ઇતિહાસના પાત્રો, ભૂગોળના ખ્યાલો જીવંત લાગતા ન હતા.
- સહકાર, અભિનય સર્જનાત્મકતામાં ઓછું જોડાણ.
- વિદ્યાર્થીઓ માત્ર સાંભળતા પરંતુ પ્રયોગ/પ્રવૃત્તિ ન હોવાથી શીખવાની અસર ઓછી.

❖ **પ્રયુક્તિ** : પ્રોજેક્ટ કાર્ય, જૂથ ચર્ચા, એકપાત્રીય અભિનય.

❖ **સાધન સામગ્રી** : નાના ચાર્ટ પેપર, કલર પેપર, સ્કેચ પેન, ફ્લેશ-કાર્ડ.

❖ **લક્ષ્યજૂથ** : 6 થી 8 ના વિદ્યાર્થીઓ

❖ **સ્ટેજ** : મીડલ સ્ટેજ (ઉચ્ચ પ્રાથમિક ધોરણ 6 થી 8)

❖ **સમયગાળો** : 2 વર્ષ

❖ **નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :**

- ધોરણ 6 થી 8 માં સામાજિક વિજ્ઞાન વિષયના દરેક એકમને અનુરૂપ પ્રવૃત્તિઓની યાદી તૈયાર કરી વર્ગખંડમાં લગાડવામાં આવી.
- જે ધોરણમાં સામાજિક વિજ્ઞાનનું અધ્યાપન કરાવવાનું હોય તે એકમને અનુરૂપ પ્રવૃત્તિ અથવા રમતગમતનું આયોજન કરવામાં આવતું.
- સૌપ્રથમ વિદ્યાર્થીઓને એકમને અનુરૂપ સમજ આપવામાં આવતી હતી, ત્યારબાદ તુરંત જ રમત અથવા પ્રવૃત્તિ કરાવવામાં આવતી હતી. ફ્લેશ કાર્ડનો ઉપયોગ કરવામાં આવતો તેમજ ત્વરિત મૂલ્યાંકન કરવામાં આવતું.

❖ **મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુકિત વગેરેની વિગત ) :**

- મૂલ્યાંકન બે પ્રકારે કરવામાં આવે છે.

- રચનાત્મક મૂલ્યાંકન : પ્રવૃત્તિ ચાલી રહી હોય ત્યારે તે દરમિયાન જ ચકાસણી ઉપકરણ : અવલોકન શીટ
- સમગ્ર મૂલ્યાંકન : પ્રવૃત્તિ પૂર્ણ થયા બાદનું મૂલ્યાંકન. ( ઉપકરણ : કસોટી )

❖ **પરિણામો (ડેટા સબંધિત-આધાર પુરાવા સાથે) :**

- લીધેલ કસોટીનું પરિણામ **80%** થી **90%** જોવા મળ્યું જેથી પ્રવૃત્તિ અસરકારક સાબિત થતી જોવા મળી.
- જૂથ-કાર્ય, નેતૃત્વ, સર્જનાત્મકતા જેવાં કૌશલ્યનો વિકાસ થતો જોવા મળ્યો.
- નબળા વિદ્યાર્થીઓ પણ જૂથમાં ખુલ્લાપણે વાત કરવા લાગ્યા.

❖ **લાભાર્થીની સંખ્યા :** 34 વિદ્યાર્થીઓ

❖ **આ ઇનોવેશનનો અમલ અન્ય શાળા દ્વારા કરવામાં આવ્યો હોય તો તેની વિગત :**

શાળામાં વોટસપગ્રુપના માધ્યમ દ્વારા અમલીકરણ થયેલુ છે આ ઉપરાંત છેલ્લા 2 વર્ષથી મારા દ્વારા આપાયેલ MT ની તાલીમમાં પાઠ મુજબની પ્રવૃતિઓ મારા દ્વારા કરવવામાં આવી હતી. જેમાં વર્ગના તમામ શિક્ષકોએ ઉત્સાહપુર્વક ભાગ લીધો હતો.

❖ **ઉપયોગિતા / આઉટકમ :**

- પાઠના કઠિન મુદ્દા સ્પષ્ટ સમજાય છે.
- પ્રત્યેક વિદ્યાર્થીઓની 85% ભાગીદારી.
- પરસ્પર સહકાર, ટીમવર્ક મજબૂત બને છે.
- પ્રત્યેક વિદ્યાર્થી પોતાની ગતિએ શીખી શકે છે.
- વિષયવસ્તુ લાંબા સમય સુધી યાદ રહે છે.

❖ **નવતર પ્રયોગના ફોટોગ્રાફ, QR કોડ:**










❖ ઈનોવેટીવ શિક્ષક : બંધીયા મંજુબેન દેવશીભાઈ
❖ શાળા : ઇશાપુર પ્રાથમિક શાળા
❖ તાલુકો : જૂનાગઢ, જિલ્લો : જૂનાગઢ
❖ મોબાઈલ નંબર : 9712701889
❖ E- mail : bhedaziyu@gmail.com


31

## સામાજીક વિજ્ઞાન પોકેટબુક

❖ ક્ષેત્ર : NEP 2020 ના અમલીકરણ સબંધીત ઈનોવેશન

❖ સમસ્યા :

- સામાજિક વિજ્ઞાનમાં જિલ્લા, રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશ યાદ રાખવામાં મુશ્કેલી.
- નકશાપૂર્તિમાં પણ મુશ્કેલી.

❖ ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :

- ભારતના રાજ્યો, ગુજરાતના જિલ્લા બધા યાદ ન રહેવા.
- નકશાપૂર્તિમાં પણ મુશ્કેલી

❖ પ્રયુક્તિ : જૂથ નિદર્શન પદ્ધતિ, પ્રશ્નોત્તરી પદ્ધતિ, પ્રોજેક્ટ પદ્ધતિ
❖ સાધન સામગ્રી : કલર પેપર, પોકેટ બુક, કલર, કાર્ડ શીટ, ફ્લેશ કાર્ડ, ફેવિકોલ
❖ લક્ષ્યજૂથ : ધોરણ 5 થી 8ના બાળકો
❖ સ્ટેજ : મીડલ સ્ટેજ (ઉચ્ચ પ્રાથમિક ધોરણ 6 થી 8)
❖ સમયગાળો : 1 વર્ષ

❖ નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :

- બાળકોને ભારતના રાજ્યો, ગુજરાતના જિલ્લા, કેન્દ્રશાસિત પ્રદેશો વગેરે યાદ રાખવામાં મુશ્કેલી પડતી હતી.
- Shortcut Key બનાવી વર્ગખંડમાં લગાવી હવે બાળકો એ પોકેટબૂકમાં લખી રમત સાથે જ્ઞાન મેળવવામાં બાળકોને મજા આવે છે.
- ઉત્સાહભેર બધા રાજ્યો, ખંડો, જિલ્લાઓ યાદ રાખે છે.
- પોતાની ઈચ્છાથી નવું નવું પોકેટ બુકમાં લખે છે તેની Shortcut Key બનાવવા પ્રયત્ન કરે છે.

❖ મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુકિત વગેરેની વિગત ) :

- ફ્લેશ કાર્ડની રમત દ્વારા જાણવા મળ્યું.
- પ્રશ્નોત્તરી દ્વારા
- Map Game માં નકશો પૂરવામાં સફળ થયા.

❖ પરિણામો (ડેટા સબંધિત-આધાર પુરાવા સાથે) :

- 'Shortcut key યાદ રહી જાય છે
- પોકેટ બુકમાં લખે છે સાચવે છે.
- ભારતનો નકશો સરળતાથી પૂરી શકે છે
- નવી નવી કી બનાવવા માટે પ્રેરાય છે


❖ લાભાર્થીની સંખ્યા : 30

❖ આ ઇનોવેશનનો અમલ અન્ય શાળા દ્વારા કરવામાં આવ્યો હોય તો તેની વિગત :
પે સેન્ટર ગ્રુપમાં શેરિંગ

❖ ઉપયોગિતા / આઉટકમ :

- સરળતાથી જિલ્લા, રાજ્યો, ખંડ યાદ રહી જાય છે .
- નકશો પૂરવામાં પણ સરળતા રહે છે.
- પોકેટ બુક્સ સ્પર્ધાત્મક પરીક્ષા માટે ચાવીરૂપ બની રહે છે.

❖ નવતર પ્રયોગના ફોટોગ્રાફ, QR કોડ:





## રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત
## એજ્યુકેશન ઇનોવેશન ફેસ્ટિવલ 2025-26 (જિલ્લા કક્ષા)




❖ ઈનોવેટીવ શિક્ષક : કરંગીયા કાજલબેન ખીમાણંદભાઈ

❖ શાળા : શ્રી સરદારપરા પ્રાથમિક શાળા

❖ તાલુકો : જૂનાગઢ, જિલ્લો : જૂનાગઢ

❖ મોબાઈલ નંબર : 9978149939

❖ E- mail : Kajalkarangiya89@gmail.com


32

# Reuse of plastic

❖ **ક્ષેત્ર:** પ્રવૃત્તિ આધારિત શિક્ષણ

❖ **સમસ્યા:** બાળકો જ્યાં ત્યાં પ્લાસ્ટિકના કાગળ, પ્લાસ્ટિકની બોટલ કે પ્લાસ્ટિકની વસ્તુઓ ફેંકીને પ્રદૂષણ ફેલાવતા જોવા મળે છે.

❖ **ઇનોવેશન પૂર્વેની સ્થિતિ ડેટા અને તે સંબંધી આધાર પુરાવા:**
વિદ્યાર્થીઓ શાળામાં જ્યાં ત્યાં પ્લાસ્ટિકના વેપર પ્લાસ્ટિકની bottle તથા પ્લાસ્ટિકની કોથળી જ્યાં ત્યાં ફેકતાં હતા.

❖ **પ્રયુક્તિ** : પ્રોજેક્ટ પ્રવૃત્તિ

❖ **સાધન સામગ્રી** : પ્લાસ્ટિકના પેપર, પ્લાસ્ટિકની બોટલ, પ્લાસ્ટિકના કોઈપણ ટુકડા, બિટુમિન, સિમેન્ટ પાણી સ્ટવ, રેતી, કલર.

❖ **લક્ષ્ય જૂથ** : ધોરણ 6 થી 8

❖ **સ્ટેજ** : મીડલ સ્ટેજ (ઉચ્ચ પ્રાથમિક ધોરણ 6 થી 8)

❖ **સમયગાળો** : અંદાજીત 6 – માસ

❖ **નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન:**
શાળાના બાળકો શાળાના મેદાનમાં ક્લાસમાં અથવા શાળાની આસપાસ જ્યાં પ્લાસ્ટિક જોવા મળે તેને એક જગ્યાએ એકઠું કરી આ પ્લાસ્ટિકમાંથી તેને મેલ્ટ કરી પેવરબ્લોક, ડીશ, વાટકી જેવી રચના કરી મેદાન તથા ફૂલના ક્યારા માટે ઉપયોગ કરે. પ્લાસ્ટિકની બોટલમાંથી વિજ્ઞાનને લગતી પ્રવૃત્તિ કરે તથા decoration માટેની different વસ્તુઓનો પણ નિર્માણ કરે. હાલમાં પ્લાસ્ટિકનો બહોળો ઉપયોગ પ્લાસ્ટિક સ્માર્ટ રોડ બનાવવામાં થાય છે જેનું આયુષ્ય ખૂબ જ વધારે છે.

❖ મૂલ્યાંકનની વિગતો મૂલ્યાંકન ઉપકરણ પ્રયુક્તિ વગેરેની વિગત:

- હવે બાળકો જ્યાં ત્યાં પ્લાસ્ટિકનો કચરો મળે છે તેને એકત્ર કરે છે અને જ્યારે ફ્રી ટાઇમ મળે છે ત્યારે તેમાંથી વિવિધ વસ્તુઓનું નિર્માણ જાતે કરે છે.
- વિદ્યાર્થી દરેક વસ્તુ કઈ રીતે બનાવી તેનું વર્ણન કરે છે અને કઈ કઈ વસ્તુઓ નિર્માણ કરી શકાય તેની નામાવલિ બનાવે છે.

❖ પરિણામો ડેટા સંબંધિત આધાર પુરાવા સાથે:

- વિદ્યાર્થી ઘરેથી પ્લાસ્ટિકનો ઉપયોગ કરી વિવિધ વસ્તુઓ બનાવીને લાવે છે અને પ્લાસ્ટિકનો જાતે Reuse કરતો થયો છે.
- જેના કારણે પ્લાસ્ટિકનું પ્રદૂષણ સદંતર દૂર થયું છે.


❖ લાભાર્થી ની સંખ્યા: **150**

❖ ઉપયોગિતા આઉટકમ

- શાળામાં સ્વચ્છતા જળવાય છે.
- બાળકો જ્યાં ત્યાં પ્લાસ્ટિક જોઈ તેને ભેગું કરી પ્રદૂષણ ઘટાડે છે.
- પ્લાસ્ટિકની વસ્તુઓનું આયુષ્ય ખૂબ જ વધારે હોય છે.
- ઓછા ખર્ચમાં અથવા waste માંથી best Project તૈયાર કરી શકાય છે.
- પેવરબ્લોક જેવી વસ્તુ રંગીન બનાવી વિદ્યાર્થી તથા કોઈપણ વ્યક્તિને આકર્ષી શકાય છે.

❖ નવતર પ્રયોગ ના ફોટોગ્રાફ વીડિયોની લીંક QR કોડ:







રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત
એજ્યુકેશન ઇનોવેશન ફેસ્ટિવલ 2025-26 (જિલ્લા કક્ષા)




- ઈનોવેટીવ શિક્ષક : સિંધવડ રશ્મિ ગીરીશભાઈ
- શાળા : પી.એમ.શ્રી બંદર પ્રાથમિક શાળા
- તાલુકો : માંગરોળ, જિલ્લો : જૂનાગઢ
- મોબાઈલ નંબર : 9909084075
- E- mail : rashmigsindhvad@gmail.com


33

## જ્ઞાન સાથે ગમ્મત

- **ક્ષેત્ર :** ડીજીટલ ટેકનોલોજી આધારિત

- **સમસ્યા :** વર્ગખંડમાં કરાવેલ વિષયવસ્તુનું પુનરાવર્તન કરવામાં વિદ્યાર્થીઓની નિરસતા.

- **ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :**
  ધોરણ 6 થી 8 માં 25 થી 30 વિદ્યાર્થીઓ નિયમિત પુનરાવર્તન કરતા હતા.

- **પ્રયુક્તિ** : બહુવૈકલ્પિક પ્રશ્નોત્તરી અને Quiz
- **સાધન સામગ્રી** : લેપટોપ, મોબાઈલ, ઇન્ટરનેટ
- **લક્ષ્યજૂથ** : ધોરણ 6 થી 8
- **સ્ટેજ** : મીડલ સ્ટેજ (ઉચ્ચ પ્રાથમિક ધોરણ 6 થી 8)
- **સમયગાળો** : જૂન 2025 થી હાલ કાર્યરત


- **નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :**
  - આ ઇનોવેશન અંતર્ગત ધોરણ 6 થી 8 ના વિજ્ઞાન વિષયના દરેક એકમને અનુરૂપ ડિઝીટલ રમતો તૈયાર કરી.
  - આ રમતોમાં ઓબ્જેકટીવ પ્રશ્નો, ખાલી જગ્યા,ખરા- ખોટા,જોડકા જોડો, આકૃતિમાં નામનિર્દેશનની ઓળખ જેવી રમતોનો સમાવેશ કરવામાં આવ્યો.
  - હવે વર્ગમાં વિદ્યાર્થીઓને આ ડિઝીટલ રમત કઈ રીતે કાર્ય કરે છે તેના વિશે માહિતગાર કરવામાં આવ્યા. ત્યારબાદ એકમ પ્રમાણે ડિઝીટલ રમતની લીંક વિદ્યાર્થીઓને WhatsApp ગ્રુપમાં Share કરવામાં આવે છે.
  - હવે શાળા સમય બાદ વિદ્યાર્થીઓ પોતાના અનુકૂળ સમયમાં વર્ગમાં સમજાવેલ માહિતી દ્વારા WhatsApp માં share કરવામાં આવેલ લિંકને open કરી ડિઝીટલ રમત ખોલીને તેમાં આપેલ ખાલી જગ્યા, ખરા ખોટા, જોડકા, આકૃતિમાં નામ નિર્દેશનની ઓળખ, ઓબ્જેકટીવ પ્રશ્નોના જવાબ આપે છે.

- અંતમાં વિદ્યાર્થીઓ પોતે રમેલી વિષયવસ્તુની ડિઝીટલ રમતનો સ્કોર પ્રાપ્ત કરશે.

### ❖ મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુકિત વગેરેની વિગત ) :

- વિદ્યાર્થીઓ રમત રમીને પોતાનું મૂલ્યાંકન જાતે જ કરી શકે છે. આ રમતના અંતે રિપોર્ટ કાર્ડ જનરેટ થાય છે. જેમાં વિદ્યાર્થીઓનો સ્કોર જોઈ શકાય છે. વિદ્યાર્થીઓ પોતાનો મેળવેલ સ્કોર સ્ક્રીનશોટ દ્વારા જણાવે છે.
- હવે ડિઝીટલ રમત બાદ વિદ્યાર્થીઓનું દ્રઢીકરણ સંપૂર્ણપણે ચકાસવા માટે આ જ ટેસ્ટની pdf પ્રિન્ટ કરીને ફરીવાર મૂલ્યાંકન કરવામાં આવે છે.

### ❖ પરિણામો (ડેટા સબંધિત-આધાર પુરાવા સાથે) :




### ❖ લાભાર્થીની સંખ્યા : **100**

### ❖ ઉપયોગિતા / આઉટકમ :

- વિદ્યાર્થીઓ રમતા રમતા પુનરાવર્તન અને દ્રઢીકરણ કરતા થયા.
- વિજ્ઞાન વિષય અને તેના કઠિન બિંદુઓને સિદ્ધ કરવામાં સફળતા મળી.
- વિદ્યાર્થીઓમાં જીજ્ઞાશાવૃત્તિ, તર્કશક્તિ, નિર્ણયશક્તિ જેવા ગુણોનો વિકાસ થયો.
- આ નવતર પ્રયોગ દરેક ધોરણ અને દરેક વિષય માટે લાગુ પાડી શકાય છે.

### ❖ નવતર પ્રયોગના ફોટોગ્રાફ, QR કોડ:







❖ ઈનોવેટીવ શિક્ષક : રાવલિયા તતિક્ષાબેન પરબતભાઈ
❖ શાળા : નાનડિયા પે સેન્ટર શાળા
❖ તાલુકો : માણાવદર, જિલ્લો : જૂનાગઢ
❖ મોબાઈલ નંબર : 9638474212
❖ E- mail : tatixaravaliya@gmail.com

34

## સામાજિક વિજ્ઞાનના વ્યક્તિ વિશેષ પાત્રો

❖ **ક્ષેત્ર :** NEP 2020 અંતર્ગત સામાજિકવિજ્ઞાન

❖ **સમસ્યા :** પાઠ્યપુસ્તકમાં આવતા ઐતિહાસિક પાત્રો, વ્યક્તિવિશેષથી વિદ્યાર્થીઓ પૂરતા પરિચિત ન હતા.

❖ **ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :**
ધોરણ 6 થી 8ના 35 વિદ્યાર્થીઓમાંથી 8 વિદ્યાર્થીઓ વ્યક્તિવિશેષથી પરિચિત હતા.

❖ **પ્રયુક્તિ** : પ્રોજેક્ટ પદ્ધતિ, સામૂહિક કાર્ય
❖ **સાધન સામગ્રી** : પ્રોજેક્ટપેપર, પેન, ફાઈલ
❖ **લક્ષ્યજૂથ** : ધોરણ 6 થી 8
❖ **સ્ટેજ** : મીડલ સ્ટેજ (ઉચ્ચ પ્રાથમિક ધોરણ 6 થી 8)
❖ **સમયગાળો** : છેલ્લા 7 મહિના
❖ **નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :**

- પાઠ્યપુસ્તકના પ્રકરણમાં આવતા ઇતિહાસના પાત્રોથી વિદ્યાર્થી વિગતવાર પરિચિત બને તે હેતુથી દરેક પ્રકરણમાં આવતા વ્યક્તિઓ કે ઇતિહાસના પાત્રોને નામ મુજબ અલગ કર્યા.
- ત્યારબાદ તે વ્યક્તિ વિશેષ વિશે માહિતી વધુ માહિતી એકત્ર કરી.
- આ માહિતીને અલગ તારવી.
- દરેક પ્રકરણમાંથી મળેલ ઇતિહાસના પાત્રોની માહિતી અલગ અલગ રેફરન્સમાંથી એકત્ર કરી.

❖ **મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુકિત વગેરેની વિગત ) :**

- પ્રકરણમાં આવતા કોઈપણ એક બે વ્યક્તિ વિશેષ વિશે વિદ્યાર્થી પોતાના વિચારો રજૂ કરે છે.
- પ્રાર્થનાસભામાં વિદ્યાર્થી વ્યક્તિવિશેષ વિશે બોલે છે.

- જન્મજયંતિ કે અન્ય પ્રોગ્રામ વખતે વિદ્યાર્થી આ માહિતી દ્વારા અન્ય વિદ્યાર્થીઓને જાણકારી આપે છે.


❖ **પરિણામો (ડેટા સબંધિત-આધાર પુરાવા સાથે) :**
ધોરણ 6 થી 8 ના 35 માંથી 30 વિદ્યાર્થીઓ વ્યક્તિ વિશેષ માહિતીથી પરિચિત થયા.

❖ **લાભાર્થીની સંખ્યા : 35**

❖ **ઉપયોગિતા / આઉટકમ :**

- જન્મજયંતિ કે વિશેષ પ્રસંગે વ્યક્તિ વિશેષ વિશે માહિતી આપતા થયા.
- વિવિધ પરીક્ષાઓ (NMMS,PSE,CET, નવોદય)માટે વિદ્યાર્થીઓ આ માહિતીનો ઉપયોગ કરતા થયા.

❖ **નવતર પ્રયોગના ફોટોગ્રાફ, QR કોડ:**








❖ ઈનોવેટીવ શિક્ષક : પુજાબેન નાનજીભાઈ બાબરીયા
❖ શાળા : નાકરા પ્રાથમિક શાળા
❖ તાલુકો : માણાવદર, જિલ્લો : જૂનાગઢ
❖ મોબાઈલ નંબર : 7874667758
❖ E- mail : pujababariyapuja@gmail.com

35

## ગણિતના કઠિન મુદ્દાઓનું સરલીકરણ

❖ **ક્ષેત્ર :** પ્રવૃત્તિ આધારિત શિક્ષણ

❖ **સમસ્યા :** ધોરણ 6 થી 8 નાં વિદ્યાર્થીઓ ગણિતનાં 3D આકૃતિનાં ક્ષેત્રફળ અને ઘનફળ, સમીકરણોના ઉકેલ, પૂર્ણાંકો અને અપૂર્ણાંકના સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર, સમાંતર બાજુ ચતુષ્કોણની લાક્ષણીકતાઓ વગેરે જેવા કઠિનતમ મુદ્દાઓને સમજવામાં મુશ્કેલી અનુભવે છે.

❖ **ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :** ગણિતનાં વર્ગમાં વિદ્યાર્થીઓ લઘુતાગ્રંથી અનુભવતા હતા, વિષય પ્રત્યે નિરસતા હોવાથી વર્ગમાં અધ્યયન અધ્યાપન પ્રક્રિયામાં અલ્પ માત્રામાં ભાગીદારી જોવા મળી.

❖ **પ્રયુક્તિ :** TLM અને વર્કિંગ મોડેલની મદદથી અધ્યાપન પ્રક્રિયા, વિદ્યાર્થીઓની મૌલિક રજૂઆત અને રમતો
❖ **સાધન સામગ્રી :** જીયોમેટ્રી બોક્સનાં સાધનો, ગણિત વિષયનાં વર્કિંગ મોડેલ્સ,ગેમ બોર્ડ વગેરે.
❖ **લક્ષ્યજૂથ :** ધોરણ 6 થી 8 માં ગણિત વિષયનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ
❖ **સ્ટેજ :** મીડલ સ્ટેજ (ઉચ્ચ પ્રાથમિક ધોરણ 6 થી 8)
❖ **સમયગાળો :** જૂન 2025 થી કાર્યરત

❖ **નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :** સૌપ્રથમ શિક્ષક દ્વારા વર્ગમાં એકમની સાથે, એકમને અનુરૂપ વિવિધ વર્કિંગ મોડેલ્સ અને TLM બનાવી અધ્યાપન કાર્ય કરાવવામાં આવ્યું. ઉદાહરણ તરીકે સમાંતર બાજુ ચતુષ્કોણ ના ખુણાઓનો સરવાળો કેટલો થશે ?, તેમની બાજુના માપ કઈ રીતે હોય વિકર્ણના માપ કઈ રીતે લઇ શકાય તે વર્કિંગ મોડેલ દ્વારા સમજ આપવામાં આવી. ઉપરાંત 3 D આકૃતિમાં કઈ રીતે ક્ષેત્રફળ, ઘનફળ માપી શકાય તેની વિગતવાર સમજ TLMની મદદથી આપવામાં આવી. કેટલીક રમતોનાં ગેમ બોર્ડ બનાવવામાં આવ્યા જેનો ઉપયોગ વિદ્યાર્થીઓ રીસેસ અને નવરાશના સમયમાં કરી શકે. ત્યારબાદ શીખેલી અને સમજેલી બાબતો વિદ્યાર્થીઓ વારાફરતી તેજ TLM નો ઉપયોગ કરી

વર્ગખંડમાં રજૂઆત કરે તેવી ગોઠવણ કરવામાં આવી. આ રીતે કઠિન લાગતા મુદ્દાઓનું વારંવાર પુનરાવર્તન કરવામાં આવ્યું. પ્રવૃતિઓ અને રમતનાં વિડીઓ પણ બનાવવામાં આવ્યા.

❖ **મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુકિત વગેરેની વિગત ) :**

વિદ્યાર્થીઓની વિષય અંગેની સંકલ્પના સ્પષ્ટ થઈ છે કે નહી તે જાણવા માટે વિદ્યાર્થીઓને વર્ગ માં વિષય આધારિત રજૂઆત માટે સ્ટેજ પર  બોલાવવામાં આવ્યા, પ્રશ્નોતરી દ્વારા ઉપરાંત પત્રક A માં નોંધ કરવામાં આવી.

❖ **પરિણામો (ડેટા સબંધિત-આધાર પુરાવા સાથે) :**

વર્ગના બધાજ વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક ગણિત વિષયમાં રસ દાખવતા થયા અને 80% વિદ્યાર્થીઓની ગણિતના અઘરા લાગતા મુદ્દાઓ અંગેની સંકલ્પના સ્પષ્ટ થઇ.


❖ **લાભાર્થીની સંખ્યા :** 40

❖ **ઉપયોગિતા / આઉટકમ :**

- ગણિત વિષય પ્રત્યે વિદ્યાર્થીઓની લઘુતાગ્રંથી દુર થઈ.
- વર્કિંગ મોડેલ્સના ઉપયોગથી ગણિતના અઘરા લાગતા મુદ્દાઓની સંકલ્પના સ્પષ્ટ કરી શકાય.
- જે બાબતો શીખી તેજ બાબતોની વર્ગખંડમાં વારંવાર બધા વિદ્યાર્થીઓ દ્વારા મૌલિક રજૂઆત થતા કઠિન મુદ્દાઓનું દ્રઢીકરણ થયું.
- વિદ્યાર્થીઓમાં મૌલીક્તાનો વિકાસ થયો અને સ્ટેજ ફીયર દુર થયો.
- 90 % વિદ્યાર્થીઓની ગણિતના વિષય પ્રત્યે રસ અને રૂચી વધ્યા.

❖ **નવતર પ્રયોગના ફોટોગ્રાફ, QR કોડ:**





## રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત
## એજ્યુકેશન ઇનોવેશન ફેસ્ટિવલ 2025-26 (જિલ્લા કક્ષા)




❖ **ઈનોવેટીવ શિક્ષક :** પુજારા પ્રિયંકાબેન મહેન્દ્રભાઈ

❖ **શાળા :** શ્રી સરકડીયા પ્રાથમિક શાળા

❖ **તાલુકો :** માળીયા હાટીના, **જિલ્લો :** જૂનાગઢ

❖ **મોબાઈલ નંબર :** 9377675229

❖ **E- mail :** priyankapujara2411@gmail.com


36

# પ્રયોગોની દુનિયા

❖ **ક્ષેત્ર :** પ્રવૃત્તિ આધારિત શિક્ષણ

❖ **સમસ્યા :** બાળકોને વિજ્ઞાનમાં જલ્દીથી યાદ રહેતું નથી

❖ **ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર - પુરાવા) :**

- બાળકો વિજ્ઞાન વિષયમાં ઓછો રસ લેતા હતા.
- બાળકોને વિષયમાંભણાવેલું યાદ રાખવામાં તકલીફ પડતી હતી.

❖ **ઇનોવેશન માટેની પ્રયુક્તિ, સાધન સામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :**

❖ **પ્રયુક્તિ** : પ્રયોગ પદ્ધતિ નિદર્શન પદ્ધતિ મોડેલ નિર્માણ

❖ **સાધનસામગ્રી** : TLMના સાધનો, ચાર્ટ પેપર, કલર, કાગળ, સ્કેચપેન વગેરે

❖ **લક્ષ્યજૂથ** : ધોરણ 6 થી 8 માં અભ્યાસ કરતા બાળકો

❖ **સ્ટેજ** : મીડલ સ્ટેજ (ઉચ્ચ પ્રાથમિક ધોરણ 6 થી 8)

❖ **સમયગાળો** : 2023 થી અત્યારે કાર્યરત

❖ **નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :**

- બાળકોને પાઠની સમજૂતી સાથે જ પ્રવૃત્તિ કરાવવી.
- બાળકોને સાધન સામગ્રીની જાણકારી આપી.
- બાળકોને ઘરે પણ ઘણી વખત પ્રવૃત્તિ કરવા આપવાથી તેને વિષય પ્રત્યે રસ જાગે છે
- બાળકોને પ્રયોગ દ્વારા કરેલું જલ્દીથી યાદ રહી જાય છે. શક્ય હોય તેટલા પ્રયોગ બાળકો પાસે કરાવાય છે કારણ કે પોતે કરેલું કાર્ય જલ્દીથી યાદ રહે છે.
- પ્રવૃત્તિ દ્વારા પ્રયોગનું પૂર્વજ્ઞાન થઈ ગયેલું હોવાથી પાઠ અઘરો લાગતો નથી.
- આ પ્રવૃત્તિ ધોરણ 5માં પણ કરાવાય છે.

❖ મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુકિત વગેરેની વિગત):
પ્રયોગ કર્યા બાદ તેમાંથી બાળકોનું મૂલ્યાંકન કરી સમજી શકાય છે. પ્રયોગ સારી રીતે સમજવામાં મહેનત કરે છે. જે બાળકો સારું પ્રેઝન્ટેશન કરે છે તેને પ્રોત્સાહનરૂપે ઇનામ આપવામાં પણ આવે છે. હું બાળકોને ગ્રુપમાં એક પ્રોજેક્ટ અપાય છે જેથી તેનામાં એકતા રહે અને ટીમ વર્ક થાય.

❖ પરિણામો (ડેટા સબંધિત – આધાર પુરાવા સાથે):
- બાળકો નિદર્શન અને નિર્માણની પ્રક્રિયા જાતે કરતા થયા. બાળકો વિશ્વ વિજ્ઞાન દિવસની ઉજવણીમાં જાતે મોડેલ તૈયાર કરી અમારા માર્ગદર્શન હેઠળ ભાગ લેતા થયા.
- આ પ્રવૃત્તિની નોંધ તાલુકા કક્ષાએ લેવાયેલી હતી અને તાલુકાના અધિકારીઓ પણ આ પ્રવૃત્તિમાં ભાગીદાર થયા હતા.

❖ લાભાર્થીની સંખ્યા : 29 (ધોરણ 6 થી 8ના વિદ્યાર્થીઓ)

❖ ઉપયોગિતા / આઉટકમ :આ ઇનોવેશનનો ઉપયોગ બધી જ શાળામાં થઈ શકે છે. આ ઇનોવેશનના ઉપયોગથી બાળકોને કઠિન બિંદુથી સરળ બિંદુ તરફ લઈ જઈ શકાય છે. બાળકો અંધ શ્રદ્ધાથી પરિચિત થાય છે. બાળકોને ભાર વગરનું ભણતર હોય તેવો અનુભવ થાય છે

❖ નવતર પ્રયોગના ફોટોગ્રાફ, QR કોડ:







❖ ઈનોવેટીવ શિક્ષક : રાઠોડ કિંજલદેવચંદભાઈ
❖ શાળા : શ્રી વડિયા પે સેન્ટર
❖ તાલુકો : માળિયા હાટીના, જિલ્લો : જૂનાગઢ
❖ મોબાઈલ નંબર : 8154843698
❖ E- mail : kinjalgohel555@gmail

37

## શિક્ષણ અને પર્યાવરણ સંવર્ધનનો સમન્વય

❖ **ક્ષેત્ર :** રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત પર્યાવરણ શિક્ષણ

❖ **સમસ્યા :** 1) બાળકો પ્રકૃતિથી અલિપ્ત રહેતા. 2) જંકફુડ અનેપ્લાસ્ટિકના વધતા ઉપયોગથી પાચન સમસ્યાઓ જોવા મળી. 3) પર્યાવરણ સંરક્ષણ અંગે જાગૃતિનો અભાવ

❖ **ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર - પુરાવા) :**

- બાળકો બજારમાંથી પ્રાપ્ત પ્લાસ્ટિકના રેપર્સ વાળો નાસ્તો જ કરતા.
- પર્યાવરણની યોગ્ય જાળવણી ન કરતા.
- ક્યારેક જ્યાં ત્યાં પ્લાસ્ટિકનો કચરો પણ ફેંકતા.

❖ **પ્રયુક્તિ :** પર્યાવરણ અને વિજ્ઞાન જેવા વિષયોમાં પ્રવૃત્તિલક્ષી શિક્ષણ, પ્રકૃતિમાં જઈને શિક્ષણકાર્ય, દિનવિશેષની ઉજવણી, વેશભૂષા તેમજ પર્યાવરણ સુરક્ષા અંગેના નાટકો

❖ **સાધનસામગ્રી :** દ્રશ્ય શ્રાવ્ય સામગ્રી, આહારના ઘટકોના નમૂના, વિવિધ ચાર્ટ, પ્લાસ્ટિકની બોટલ રેપર્સ, કાર્ડશીટ, ડ્રોઈંગ કાગળ

❖ **લક્ષ્યજૂથ :** ધોરણ 1 થી 8 ના બાળકો

❖ **સ્ટેજ :** મીડલ સ્ટેજ (ઉચ્ચ પ્રાથમિક ધોરણ 6 થી 8)

❖ **સમયગાળો :** 1 વર્ષ 5 મહિના

❖ **નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :**

- શિક્ષણ સાથે પર્યાવરણના સંરક્ષણ અને સંવર્ધનમાં બાળકો કઈ રીતે જોડવા તે હેતુને ધ્યાનમાં રાખી પર્યાવરણ તેમજ વિજ્ઞાન વિષયોના એકમોને પ્રકૃતિ સાથે અનુબંધ કરી પ્રયાસ કરવાનું શરૂ કર્યું. શરૂઆતમાં પર્યાવરણ સંરક્ષણ માટેના ચિત્ર સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, કેટલાક ખાસ દિવસો કે જે દિનવિશેષ તરીકે વિશ્વ પર્યાવરણ દિન, જળ દિવસ, વન્યજીવન દિવસ, ચકલી દિવસ વગેરે ઉજવણીના ભાગરૂપે પ્રોજેક્ટ કાર્ય, જૂથ કાર્ય, વેશભૂષા, નાટકો વગેરે દ્વારા જાગૃતિ લાવવાનો પ્રયાસ કર્યો. વિદ્યાર્થીઓના જન્મદિવસના દિવસે ચોકલેટ નહીં પરંતુ એક છોડવાનું નક્કી કરેલું.
- ત્યારબાદ"મારી શાળા પ્લાસ્ટિક મુક્ત શાળા "એવા અભિયાન અંતર્ગત નકામી પ્લાસ્ટિકની બોટલ, જૂદી જૂદી વસ્તુઓના પેકિંગ રેપર્સ એકત્રિત કરી તે કચરાનું કઈરીતે વ્યવસ્થાપન કર્યું તેનું

આયોજન કર્યું, જેમાં પ્લાસ્ટિકની બોટલની અંદર નકામું પ્લાસ્ટિક ભરી તે બોટલની ક્યારા બનાવવામાં ઉપયોગ કર્યો. તેનું રિસાયક્લિગ કરવાના ઉપાયો વિચાર્યા.

- ભારત સરકારના પર્યાવરણ મંત્રાલય દ્વારા “એક રાષ્ટ્ર, એક મિશન – પ્લાસ્ટિક પ્રદૂષણનો અંત” જેવી રાષ્ટ્રીય અભિયાનો ચલાવવામાં આવે છે.જેઅંતર્ગત અમારીશાળાના બાળકો તેમજ સ્ટાફ દ્વારા **1100** જેટલી બોટલ એકત્રિત કરી તેનું વ્યવસ્થાપન કઈરીતે કર્યું તેનો અહેવાલ સબમિટ કરતા અમારી શાળાને વર્લ્ડ વાઈડ બુક ઓફ રેકોર્ડમાં સ્થાન પ્રાપ્ત થયું અને એવોર્ડ પ્રાપ્ત થયો છે.

❖ **મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુકિત વગેરેની વિગત ) :**

- શાળા કક્ષાએ ડીબેટ યોજવામાં આવે છે.
- રીસેસ દરમિયાન બાળકો સાથે કેટલાક પર્યોવરણ સંરક્ષણ અંગે મુદ્દાઓનીચર્ચા કરવામાં આવેછે.
- પ્રશ્નોતરી દ્વારા વિદ્યાર્થીઓના મનોવલણ જાણવાનો પ્રયત્ન.

❖ **પરિણામો (ડેટા સબંધિત – આધાર પુરાવા સાથે) :**

- આજે અમારી શાળા અમુક અંશે પ્લાસ્ટિક મુક્ત બની છે.
- વિદ્યાર્થીઓ ગામમાં અનેક લોકોને અત્યારે પર્યાવરણ કેટલું સંકટમાં છે. તેની જાણકારી આપે છે અને વધુમાં વધુ વૃક્ષો ઉછેરવા પ્રેરાય છે.
- પ્લાસ્ટિકના રેપર્સ વાળા ખાદ્ય પદાર્થનો સંપૂર્ણ ત્યાગ કર્યો છે.

❖ **લાભાર્થીની સંખ્યા : 150**



❖ **ઉપયોગિતા / આઉટકમ :**

- બાળકોએ બજારનો નાસ્તો સંપૂર્ણપણે બંધ કર્યો.
- વાલીઓ અને સ્ટાફ વચ્ચે સુમેળ ભર્યો વ્યવહાર શરુ થયો.
- મોટાભાગના બાળકો પાણીની બોટલ પણ સ્ટીલની રાખે છે.
- પ્લાસ્ટિકના રેપર, બોટલ વગેરેની યોગ્ય વ્યવસ્થાપન કરી શાળાના બગીચામાં કચરામાં ઉપયોગ કરે છે.
- જન્મદિવસે શાળામાં ચોકલેટ વહેંચાવને બદલે એક વૃક્ષ વાવે છે.
- વર્લ્ડ વાઈડ બુક ઓફ રેકોર્ડ તરફથી શાળાને એવોર્ડ પ્રાપ્ત થયો.

❖ **નવતર પ્રયોગના ફોટોગ્રાફ, QR કોડ:**










રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત
એજ્યુકેશન ઇનોવેશન ફેસ્ટિવલ 2025-26 (જિલ્લા કક્ષા)




- ઈનોવેટીવ શિક્ષક : હર્ષાબેન મોહનલાલ ભુવા
- શાળા : તાલુકા પે સે શાળા – માળીયા હાટીના
- તાલુકો : માળિયા હાટીના, જિલ્લો : જૂનાગઢ
- મોબાઈલ નંબર : 9106775880
- E- mail : harshabhuva1985@gmail.com


38

## Let's Make It Easier

- **ક્ષેત્ર** : ઇનોવેટિવ શિક્ષણ પદ્ધતિઓ જેમકે, Field Trips/STEM/STEAM/STREAM આધારિત શિક્ષણ, ટીમ ટીચિંગ, ક્રોસ કટિંગ અને INTER DISCIPLINARY SUBJECTS

- **સમસ્યા** : ધોરણ 7ના 100 જેટલા વિદ્યાર્થીઓ અંગ્રેજી વિષયમાં spelling(જોડણી) યાદ રાખવામાં અને લાંબા શબ્દોની જોડણી લખવામાં પડતી મુશ્કેલી.

- **ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર - પુરાવા)** : ધોરણ 7ના 100થી ઓછા વિદ્યાર્થીઓ અંગ્રેજી વિષયમાં spelling(જોડણી) યાદરાખી શકતા.

- **પ્રયુક્તિ** : પ્રવૃતિ, જૂથકાર્ય, નિદર્શન અને ગેમ પ્લે
- **સાધનસામગ્રી** : પાઠ્યપુસ્તક, સ્માર્ટ બોર્ડ, TLM, ફ્લેસ કાર્ડ, કલર પેન, WH ચીટ, વિવિધ એપ્લિકેસન વગેરે.
- **લક્ષ્યજૂથ** : ધોરણ 7 અંગ્રેજી વિષય શીખતા વિદ્યાર્થીઓ
- **સ્ટેજ** : મીડલ સ્ટેજ (ઉચ્ચ પ્રાથમિક ધોરણ 6 થી 8)
- **સમયગાળો** : 6 માસથી કાર્યરત

- **નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :**
  - સ્પેલિંગ યાદ રાખવાની પ્રવૃતિ તરફ પ્રેરવા
  - Rhyming Wordsનો અને Compound Wordsનો મહાવરો કરાવવો
  - લાંબા શબ્દોને(con-sti-tu-tion) વહેચીને લખવાનો અભ્યાસ.
  - LOOK-SAY-COVER-WRITE-CHECK: જોવું, બોલવું, ઢાંકવું, લખવું અને તપાસવું પદ્ધતિનો મહાવરો.
  - Games: Bingo, Words Passing Games, Dies Games, Prefix and Suffix Games દ્વારા મહાવરો.
  - પ્રૂફરીડિંગ અને Personal Word Wall દ્વારા શોર્ટ વાક્યો બનાવવા તેમજ ચોકકસાઇ પૂર્વક લખવાનો મહાવરો.

❖ મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુક્તિ વગેરેની વિગત ) :

- વિષય વસ્તુના શબ્દો લખવાની કસોટી
- સ્પેલિંગ આધારિત મૌખિક કસોટી
- ફ્લેસ કાર્ડ દ્વારા મૌખિક મૂલ્યાંકન

❖ પરિણામો (ડેટા સબંધિત – આધાર પુરાવા સાથે) :

- NEP 2020 અંતર્ગત અંગ્રેજી વિષયની 704, 709, 712, 714, 716, 718, 722, 728 અધ્યયન નિષ્પતીઓ સિદ્ધ કરી શકાય.
- ધોરણ 7ના 100થી વધુ વિદ્યાર્થીઓમાં Spelling યાદ રાખવાની ક્ષમતામાં વધારો જોવા મળ્યો
- ચોક્કસઈ પૂર્વક સ્પેલિંગ અને વાક્યો લખવાની ક્ષમતામાં વધારો જોવા મળ્યો.
- વિદ્યાર્થીઓમાં સ્પેલિંગ યાદ રાખવા માટે ગોખણપટ્ટીથી દૂર રાખી શકાય.
- ભાષા શીખવાની પ્રક્રિયા વધુ અસરકારક, વૈજ્ઞાનિક અને મનોરંજક બનાવી શકાય

❖ લાભાર્થીની સંખ્યા : ધોરણ 7ના 119 વિદ્યાર્થીઓ

❖ ઉપયોગિતા / આઉટકમ :

- આ ઇનોવેશન ધોરણ 3 થી 8ના તમામ વિદ્યાર્થીઓમાં લાગુ કરી શકાય
- વિદ્યાર્થીઓમાં સ્પેલિંગ લખવાની ચોક્કસઈમાં અને આત્મવિશ્વાસમાં વધારો જોવા મળ્યો
- ભાષા શીખવાની પ્રક્રિયા વધુ અસરકારક, વૈજ્ઞાનિક અને મનોરંજક બનાવી શકાય.

❖ નવતરપ્રયોગનાફોટોગ્રાફ,વિડીયોનીલિંક / QRકોડ:






## રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત
## એજ્યુકેશન ઇનોવેશન ફેસ્ટિવલ 2025-26 (જિલ્લા કક્ષા)




- ❖ ઈનોવેટીવ શિક્ષક : રાખોલીયા વિલાસબેન જીણાભાઇ
- ❖ શાળા : આંબલા પ્રાથમિક શાળા
- ❖ તાલુકો : મેંદરડા, જિલ્લો : જૂનાગઢ
- ❖ મોબાઈલ નંબર : 9712535916
- ❖ E- mail : vjrakholia@gmail.com


39

### આવો,.. કરીએ સામાજિક વિજ્ઞાનમાં સફર !

❖ **ક્ષેત્ર :** રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત સામાજિકવિજ્ઞાન

❖ **સમસ્યા :** શાળામાં ધોરણ 6 થી 8 ના બાળકો સામાજિક વિજ્ઞાન વિષયમાં અરુચિ ધરાવતા હતા.

❖ **ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :** શાળામાં બાળકો સામાજિક વિજ્ઞાનની પ્રોજેક્ટ પ્રવૃત્તિઓમાં રસ ધરાવતા ન હતા.

❖ **પ્રયુક્તિ** : નિદર્શન પ્રયુક્તિ, નાટ્યીકરણ, પ્રશ્નાવલી પ્રયુક્તિ.
❖ **સાધન સામગ્રી** : રંગીન કાગળ, રંગીન પટ્ટી, ડ્રોઈંગ પેપર, કલર, ફેવિકોલ વગેરે...
❖ **સ્ટેજ** : મીડલ સ્ટેજ (ઉચ્ચ પ્રાથમિક ધોરણ 6 થી 8)
❖ **સમયગાળો** : 2023થી ચાલુ

❖ **નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :**
- એકમ આધારિત વિવિધ ચાર્ટ, મોડેલ તેમજ વિવિધ રમતો વિદ્યાર્થીઓ માટે બનાવી સામાજિક વિજ્ઞાન વર્ગખંડ તૈયાર કરવામાં આવ્યો.
- એકપાત્રીય અભિનય તેમજ નાટ્યીકરણ પ્રયુક્તિ દ્વારા એકમની સમજુતી સરળ બનાવવામાં આવી.

❖ **મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુકિત વગેરેની વિગત ) :** નિદર્શન પ્રયુક્તિ તેમજ જૂથચર્ચા ના માધ્યમથી મુલ્યાંકન કરવામાં આવ્યું.

❖ **પરિણામો ( ડેટા સબંધિત-આધાર પુરાવા સાથે) :** 80% જેટલા બાળકો માટે સામાજિક વિજ્ઞાન મનપસંદ વિષય બની ગયો.

❖ **લાભાર્થીની સંખ્યા :** ધોરણ 6 થી 8 ના તમામ બાળકો

❖ ઉપયોગિતા / આઉટકમ :

- શાળાના ધોરણ 6 થી 8 ના બાળકોમાં સામાજિક વિજ્ઞાન વિષય પ્રત્યે રસ-રુચિ જોવા મળી.
- વિષય પ્રત્યેની નકારાત્મકતા દૂર કરવામાં સફળતા મળી.
- વિદ્યાર્થીઓ રિશેષ (વિરામ) સમયમાં વર્ગખંડનું અવલોકન કરીને જાતેજ પ્રવૃતિઓ કરવા લાગ્યા.

❖ નવતર પ્રયોગના ફોટોગ્રાફ, વિડીઓ લીંક, QR કોડ:

યૂટ્યુબ વિડીઓ લીંક : https://youtu.be/7XIQGUNdkTk








રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત
એજ્યુકેશન ઇનોવેશન ફેસ્ટિવલ 2025-26 (જિલ્લા કક્ષા)




❖ ઈનોવેટીવ શિક્ષક : વૈશ્નવ મીરા સતિષભાઈ
❖ શાળા : શ્રી સ્વામી વિવેકાનંદ વિનય મંદિર- ચણાકા
❖ તાલુકો : ભેસાણ, જિલ્લો : જૂનાગઢ
❖ મોબાઈલ નંબર : 6352389009
❖ E- mail : vaishnavmira11@gmail.com


40

## વર્ગખંડથી વૈજ્ઞાનિકો સુધીની સાફલ્યગાથા...

❖ **ક્ષેત્ર :** NEP2020, NCFFS, SCF FS, અને NCF SE સબંધિત ઇનોવેટીવ શિક્ષણ પદ્ધતિઓ, Field Trips, STEM આધારિત શિક્ષણ, ટીમ ટીચિંગ

❖ **સમસ્યા :**
- વિદ્યાર્થીઓ પાઠ્યપુસ્તકમાં આવતા વૈજ્ઞાનિકો અને તેના સંશોધનથી અજાણ હતા.
- વિદ્યાર્થીઓ વૈજ્ઞાનિક સંશોધનો માટેની સંસ્થાથી અપરિચિત હતા.

❖ **ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :**
વિદ્યાર્થીઓ ગણિત વિજ્ઞાન વૈજ્ઞાનિકો અને તેના સંશોધનો આધારિત એકમોને સારી રીતે સમજીને લખી શકતા ન હતા. વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન ક્ષેત્રે થતા સંશોધનો તેમજ વૈજ્ઞાનિકો અને તે માટેની સંસ્થાથી પરિચિત ન હતા. નવતર પ્રયોગ પહેલા કોઈ પણ વિદ્યાર્થીએ વૈજ્ઞાનિકો સાથે રૂબરૂ મુલાકાત એ વાસ્તવિક જ્ઞાન મેળવેલ ન હતું.

❖ **પ્રયુક્તિ** : પ્રોજેક્ટ વર્ક, પ્રશ્નોત્તરી, રોલ પ્લે,જૂથ ચર્ચા, મુલાકાત, પ્રયોગ પદ્ધતિ, ક્રોસ વર્ડ કોયડો

❖ **સાધન સામગ્રી** : પંચ તત્વોની ફાઈલ, ટેક્સ બુકમાં આવતા વિવિધ વૈજ્ઞાનિકો અને તેના સંશોધનો ની નોટ ઇન્ટરનેટ, સ્માર્ટ બોર્ડ, હું બનું ભાવી વૈજ્ઞાનિક નામની ડાયરી



❖ **લક્ષ્યજૂથ** : ધોરણ:9, 10 ના વિદ્યાર્થીઓ

❖ **સ્ટેજ** : સેકન્ડરી સ્ટેજ (ધોરણ 9 અને 10)

❖ **સમયગાળો** : 4 વર્ષ

❖ **નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :**
- વિદ્યાર્થીઓમાં ગણિત વિજ્ઞાન વિષયમાં અઘરા મુદ્દાઓને એકમ આધારિત કસોટીઓ લઈ મૂલ્યાંકન કરવામાં આવ્યું.
- વિદ્યાર્થીઓમાં જૂથ મુજબ ગણિત વિજ્ઞાન મંડળ ની રચના કરવામાં આવી અને પંચતત્વોની ડેટા ફાઇલ મુજબ એકત્રીકરણ કર્યું. અને દર શનિવારે આ પ્રવૃત્તિઓની નોંધ લેવામાં આવી.
- વિવિધ પ્રાયોગિક કાર્ય અને પ્રોજેક્ટ કાર્ય મુજબ એકમોનો સરલીકરણ કર્યું.

- વિદ્યાર્થીઓ શાળામાં લેવાતી એકમ કસોટીઓ, વિવિધ પરીક્ષાઓ, **STEM QUIZ, Rural IT QUIZ,** સાયન્સ સેમીનાર અને બોર્ડ દ્વારા લેવાતી પરીક્ષામાં સારા ગુણ સાથે પ્રગતિ જોવા મળી.
- આ પ્રવૃત્તિઓના કારણે શાળાના ઘણા વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન ક્ષેત્રે સિદ્ધિ જોવા મળી.
- શાળાના છ વિદ્યાર્થીઓ **SAC-ISRO, PRL, IPR, IAC, PDPU** નો **1MW** સોલાર પ્લાન્ટ, **DRDO,** વિવિધ લેબ, સાયન્સ સિટીની ગેલેરીઓ ની મુલાકાત કરી પ્રાયોગિક અને વાસ્તવિક જ્ઞાન મેળવ્યું.

❖ **મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુકિત વગેરેની વિગત )**

- સૌપ્રથમ વિદ્યાર્થીઓની ગણિત વિજ્ઞાનના અઘરા એકમોની એકમો આધારિત કસોટી લેવામાં આવે.
- ત્યારબાદ વિવિધ પ્રોજેક્ટ કાર્ય નિદર્શન કાર્ય પંચ તત્વોની ફાઈલ જૂથ કાર્ય પ્રશ્નોત્તરી ક્ષેત્ર મુલાકાત પ્રાયોગિક કાર્ય કરાવીને એકમોમાં આવતા મુદ્દાઓનો સરળિકરણ કરવામાં આવ્યું.
- વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ, **STEM QUIZ, Rural IT Quiz,** સેમ સેમિનાર ગણિત વિજ્ઞાન પ્રદર્શન મોડેલ રોલ પ્લે,સાયન્સ ડ્રામા વગેરેમાં ભાગ લેતા થયા.
- નવતર પ્રયોગ બાદ વિવિધ એકમોની કસોટી લેતા તેમાં ઘણી પ્રગતિ જોવા મળી.

❖ **પરિણામો ( ડેટા સબંધિત-આધાર પુરાવા સાથે) :**

| વર્ષ | ધો. ૯ અને ૧૦ ના વિદ્યાર્થીઓની સંખ્યા | નવતર પ્રયોગ બાદની સ્થિતિ |
|---|---|---|
| **2022 - 23** | **73** | 02 |
| **2023 - 24** | **60** | 07 |
| **2024 - 25** | **57** | 10 |
| **2025 - 26** | **52** | 14 |

❖ **લાભાર્થીની સંખ્યા : 33**

❖ **ઉપયોગિતા / આઉટકમ :**

- વિદ્યાર્થીઓ વિવિધ વૈજ્ઞાનિક સંસ્થાઓ ના વૈજ્ઞાનિકો અને તેના સંશોધનોથી માહિતગાર થયા.
- વિદ્યાર્થીઓ વિવિધ વૈજ્ઞાનિકોના સીધા સંપર્કમાં રહી વિજ્ઞાન ક્ષેત્રે થતા સંશોધનોનું પ્રાયોગિક અને વાસ્તવિક જ્ઞાન મેળવી શક્યા.
- ગણિત વિજ્ઞાનને લગતી કસોટીઓ,બોર્ડ પરીક્ષા, **STEM QUIZ** વગેરેમાં સારા ગુણ સાથે ઉત્તીર્ણ થઈ રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ પહોંચ્યા.



❖ **નવતર પ્રયોગના ફોટોગ્રાફ, QR કોડ:**





## રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત
## એજ્યુકેશન ઇનોવેશન ફેસ્ટિવલ 2025-26 (જિલ્લા કક્ષા)




❖ ઈનોવેટીવ શિક્ષક : ડો.ઠાકોર હેમલભાઈ રાજેન્દ્રસિંહ
❖ શાળા : સ્વ.ટી.એલ.વાળા કન્યા વિદ્યાલય
❖ તાલુકો: જૂનાગઢ, જિલ્લો : જૂનાગઢ
❖ મોબાઈલ નંબર : 9824222466
❖ E- mail : dr.hemalthakor@gmail.com


41

## સર્જનાત્મકતાથી સફળતા તરફ

❖ **ક્ષેત્ર :** શિક્ષણમાં Blended Learning

❖ **સમસ્યા :**

- ગોખણપટ્ટીને લીધે ધોરણ 12ના વિદ્યાર્થીઓમાં સર્જનાત્મક કૌશલ્યનો અભાવ.
- વિદ્યાર્થીઓમાં અર્થશાસ્ત્ર વિષયની મૂળભૂત સંકલ્પનાઓ સમજવામાં મુશ્કેલી.

❖ **ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :**

- પરીક્ષાના ગુણ અને વ્યક્તિગત મૂલ્યાંકન આધારિત
- હેતુલક્ષી પ્રશ્નોમાં HOT (હાયર ઓર્ડર થીંકીંગ) પ્રકારના પ્રશ્નોમાં વિશેષ મુશ્કેલી જોવા મળી.
- મુક્ત જવાબી પ્રશ્નોમાં નબળું પ્રદર્શન અને નબળી વિવરણાત્મક રજૂઆત.

❖ **પ્રયુક્તિ** : પૂર્વ કસોટી અને ઉત્તર કસોટી, પ્રશ્નોતરી, જૂથચર્ચા અને નિદર્શન પધ્ધતિ
❖ **સાધન સામગ્રી** : એપ્લીકેશન - Survey heart quiz, Google Slides, Quizizz , Notebook LM
❖ **લક્ષ્યજૂથ** : ઉચ્ચતર માધ્યમિકના ધોરણ 12ના વિદ્યાર્થીઓ
❖ **સ્ટેજ** : સેકન્ડરી સ્ટેજ (ધોરણ 9 થી 12)
❖ **સમયગાળો** : 1 વર્ષ

❖ **નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :**

- NEP - 2020 ગોખણપટ્ટી અને પરીક્ષાલક્ષી શિક્ષણ ને બદલે સંકલ્પનાત્મક શિક્ષણ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. વર્ગખંડમાં વિદ્યાર્થીઓને અર્થશાસ્ત્ર વિષયની સંકલ્પનાઓ સમજવામાં મુશ્કેલી અનુભવતા હોવાને કારણે પરીક્ષામાંપોતાની ક્ષમતા મુજબનું પરિણામ મેળવી શકતા ન હતા.
- આ સંદર્ભે પ્રથમ હેતુલક્ષી પ્રશ્નોમાં વિદ્યાર્થીઓના પરિણામમાં સુધારો આવે તે માટે શિક્ષક દ્વારા ઓનલાઇન મૂલ્યાંકન કસોટી તૈયાર કરવામાં આવેલ અને પ્રકરણ પ્રમાણે દર શનિવારે કોમ્પ્યુટર

લેબમાં વિદ્યાર્થીઓ કસોટી ભરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ. સાથે સાથે કસોટીના અંતે પ્રાપ્ત પરિણામ દ્વારા વિદ્યાર્થી પોતાની ભૂલોનું સ્વમુલ્યાંકન કરી પુનઃ પ્રયત્ન દ્વારા દ્રઢીકારણની તક પ્રાપ્ત કરવાને લીધે હેતુલક્ષી પ્રશ્નોમાં સારા ગુણ લાવતા થયા.

- મુક્ત જવાબી પ્રશ્નોના સંદર્ભે વર્ગખંડમાં વિદ્યાર્થીઓને અર્થશાસ્ત્ર વિષયની સંકલ્પનાઓ પ્રત્યે પોતાના સ્વતંત્ર વિચારો રજૂ કરવાની તક આપવી જે માટે જૂથ ચર્ચા પદ્ધતિ નો ઉપયોગ
- વિદ્યાર્થીઓ દ્વારા પ્રાપ્ત ઉત્તરોનું સંકલન કરી વિષયવસ્તુને **GOOGLE SLIDE** દ્વારા આકર્ષક અને અસરકારક પ્રસ્તુત કરવી અને દ્રઢીકરણ માટે **MIND MAP** તૈયાર કરી વિદ્યાર્થીઓના સર્જનાત્મકતામાં વધારો કરવો

❖ **મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુકિત વગેરેની વિગત ) :**

- આ પ્રયોગ દરમિયાન પ્રશ્નોત્તરી પ્રયુક્તિના પરિણામનો તુલનાત્મક અભ્યાસ કરતા ખ્યાલ આવ્યો કે વિદ્યાર્થીઓમાં હેતુલક્ષી પ્રશ્ન સંદર્ભે સ્પષ્ટીકરણ થતાં પરિણામમાં નોંધપાત્ર સુધારો થયો છે.
- જૂથ ચર્ચા પદ્ધતિ દ્વારા વિદ્યાર્થીઓની સર્જનાત્મકતામાં વધારો થયો
- પ્રસ્તુતિકરણ માટે **GOOGLE SLIDE** અને **MIND MAP** જેવી અધ્યતન પ્રયુક્તિઓને કારણે વિદ્યાર્થીઓને વિષય સંદર્ભે સંકલ્પનાત્મક સ્પષ્ટીકરણ પ્રાપ્ત થયું.

❖ **પરિણામો (ડેટા સબંધિત-આધાર પુરાવા સાથે) :**

| ધોરણ | વિદ્યાર્થીઓની સંખ્યા | વિદ્યાર્થીઓની સંખ્યા | કસોટી સરેરાશ (50 ગુણમાંથી) | તફાવત |
|---|---|---|---|---|
| 12 | પરંપરાગત શિક્ષણ | 50 | 34.44 | 9.16 |
| 12 | નવીનીકરણ દ્વારા શિક્ષણ | 50 | 43.06 | |

❖ **લાભાર્થીની સંખ્યા :** 50 વિદ્યાર્થીઓ

❖ **ઉપયોગિતા / આઉટકમ :**

- HOT પ્રકારના પ્રશ્નોના મહાવરાથી વિદ્યાર્થીઓની તર્કશક્તિ અને નિર્ણયશક્તિમાં સુધારો
- વર્ગખંડમાં સર્જનાત્મક વાતાવરણના નિર્માણ દ્વારા વિદ્યાર્થીઓનાપરિણામમાં સુધારો
- વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસમાં વધારો

❖ **નવતર પ્રયોગના ફોટોગ્રાફ, QR કોડ:**

ઓનલાઈન પ્રશ્નોતરી

વિડિઓ અને ફોટોગ્રાફ્સ

રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત
એજ્યુકેશન ઇનોવેશન ફેસ્ટિવલ 2025-26 (જિલ્લા કક્ષા)




❖ ઈનોવેટીવ શિક્ષક : ડૉ. વિજય હરિલાલ સેલારકા
❖ શાળા : ડૉ. સુભાષ આર્ય કન્યા વિદ્યાલય જૂનાગઢ
❖ તાલુકો : જૂનાગઢ, જિલ્લો : જૂનાગઢ
❖ મોબાઈલ નંબર : 9870079756
❖ E- mail : selarkavijay2018@gmail.com


42

## કાવ્યાર્થ ગ્રહણથી મૂલ્ય ગ્રહણ

❖ ક્ષેત્ર : ભાષા ક્ષમતા
❖ સમસ્યા : વિદ્યાર્થીને કાવ્યાર્થ ગ્રહણમાં મુશ્કેલી
❖ ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :

નિદાન - સ્થિતિ

| ધોરણ | નિદાન કરેલ વિદ્યાર્થીઓની સંખ્યા | અર્થ ગ્રહણ કરનારની સંખ્યા | મૂલ્ય ગ્રહણ કરનારની સંખ્યા |
|---|---|---|---|
| 12 | 50 | 20 | 0 |

❖ પ્રયુક્તિ : ચર્ચા, પ્રશ્નોત્તર, અવલોકન, સ્વમૂલ્યાંકન, નિદર્શન, પ્રયુક્તિ.
❖ સાધન સામગ્રી :
- ‘કાવ્યરસદર્શન પોથી' અને સાહિત્યિક સામાયિકનો વિનિયોગ.
- 'શબ્દકોશ' અને 'કાવ્યમાં શબ્દ' સંગ્રહપોથીનો વિનિયોગ.
- ટી.એલ.એમ. આધારિત ચાર્ટ-મોડેલ

❖ લક્ષ્યજૂથ : ધોરણ 12
❖ સ્ટેજ : સેકન્ડરી સ્ટેજ (ધોરણ 11 અને 12)
❖ સમયગાળો : 6 માસ
❖ નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :

વિદ્યાર્થીઓને કાવ્યાર્થ ગ્રહણ કરવામાં સરળતા પડે તે માટે તેમણે ‘ કાવ્ય રસદર્શન પોથી ‘, કાવ્યમાં શબ્દ સંગ્રહ પોથી, કાવ્યમાં ચિંતનસંગ્રહ પોથી, ઈત્યાદી સંદર્ભ ગ્રંથોનો ઉપયોગ કરી, કાવ્યગાયન, પઠન તેમજ ટી.એલ.એમ.- ચાર્ટ, મોડેલ વગેરેના ઉપયોગથી કાવ્યાર્થ ગ્રહણ કર્યું અને બુલેટીનબોર્ડ પ્રવૃત્તિ તેમજ કસોટી આપીને અર્થગ્રહણ અને મૂલ્યગ્રહણ ક્ષમતા વિકસાવવી.

❖ મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુકિત વગેરેની વિગત ) :
- અવલોકન અને પ્રશ્નોત્તર પ્રયુક્તિ

- મૌખિક પ્રોશ્નોત્તર અને ચર્ચા પ્રયુક્તિ
- નિદર્શન અને પ્રતિપોષણ પ્રયુક્તિ

❖ **પરિણામો (ડેટા સબંધિત-આધાર પુરાવા સાથે) :**

| માસ | જુનથી જુલાઈ | ઓગસ્ટથી સપ્ટેમ્બર | ઓક્ટોબરથી નવેમ્બર |
|---|---|---|---|
| લાભાર્થી વિદ્યાર્થી સંખ્યા | 50 | 50 | 50 |
| અર્થગ્રહણ કરનાર વિદ્યાર્થી | 56% | 64% | 88% |
| મૂલ્યગ્રહણ કરનાર વિદ્યાર્થી | 52% | 60% | 88% |

❖ **લાભાર્થીની સંખ્યા :** 50

❖ **ઉપયોગિતા / આઉટકમ :**

- કાવ્યાર્થ ગ્રહણથી વિદ્યાર્થીઓમાં કલ્પનાશક્તિ જાગ્રત થઈ.
- કાવ્યાર્થ ગ્રહણથી વિદ્યાર્થીઓમાં ભાવાત્મક જાગૃતિ આવી.
- કાવ્યાર્થ ગ્રહણથી વિદ્યાર્થીઓમાં ભાષાપ્રેમ જાગૃત થયો.
- કાવ્યાર્થ ગ્રહણથી વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકશક્તિનો વિકાસ થયો.

❖ **નવતર પ્રયોગના ફોટોગ્રાફ, QR કોડ:**





## રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત
## એજ્યુકેશન ઇનોવેશન ફેસ્ટિવલ 2025-26 (જિલ્લા કક્ષા)




- ઈનોવેટીવ શિક્ષક : કોતલ રીઝવાન યુસુફભાઈ
- શાળા : શ્રી માધ્યમિક શાળા માંગરોળ
- તાલુકો : માંગરોળ, જિલ્લો : જૂનાગઢ
- મોબાઈલ નંબર : 9824966331
- E- mail : kotalrizvan@yahoo.in


43

# ચાલો મોબાઈલથી બચીએ

- **ક્ષેત્ર :** વિદ્યાર્થીઓના સારા માનસિક સ્વાસ્થ્ય માટેની મનોમાવજત
- **સમસ્યા :** વધુ પડતા મોબાઈલના ઉપયોગથી જોવા મળતી શારીરિક, માનસિક, શૈક્ષણિક, સામાજિક તથા વૈચારિક નકારાત્મક અસરો
- **ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :**
  - શાળામાંથી છૂટ્યા પછી તથા રજાના દિવસે ૯૦ ટકા બાળકો રોજ બે કલાકથી વધુ ઘરે મોબાઈલમાં જ વ્યસ્ત રહેતા.
  - 30 ટકા બાળકો મોબાઈલનો ઉપયોગ અભ્યાસ માટે કરીએ છીએ તેવું બહાનું બતાવતા.
  - 60% બાળકો મોબાઇલને કારણે મેદાનની પ્રવૃત્તિથી અળગા રહેતા.
  - બાળકોમાં માથું દુખવું, આંખો દુખવી, બેચેની રહેવી જેવી ઘણી બધી ફરિયાદો રહેતી.
- **પ્રયુક્તિ** : સ્થળ મુલાકાત, પરિસંવાદ, રમતગમત, સર્જનાત્મકતા, કાઉન્સેલિંગ વગેરે...
- **સાધન સામગ્રી** : લાઇબ્રેરીની મુલાકાત શેરી રમતો મેદાનની પ્રવૃત્તિઓ સર્જનાત્મકતા વધે તેવી પ્રવૃત્તિઓ સ્થળ મુલાકાત તથા લોકજાગૃતિ
- **લક્ષ્યજૂથ** : ધોરણ 9 થી 12ના વિદ્યાર્થીઓ
- **સ્ટેજ** : સેકન્ડરી સ્ટેજ (ધોરણ 9 થી 12)
- **સમયગાળો** : જૂન 2025 થી નવેમ્બર 2025 સુધી
- **નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :**
  - વાલી સાથે રૂબરૂ મુલાકાત કરી વિદ્યાર્થીના મોબાઈલ ઉપયોગ વિશે ચર્ચા કરવી.
  - વિદ્યાર્થીઓનું વ્યક્તિગત કાઉન્સેલિંગ કરવું.
  - શહેરમાં આવેલી લાઇબ્રેરીની મુલાકાત તથા તેની કાર્યપદ્ધતિની સમજ આપવી.
  - ફળ સંશોધન કેન્દ્રની મુલાકાત તથા તેની કાર્યપદ્ધતિની સમજ આપવી.
  - જુદી જુદી રમતોમાં વિદ્યાર્થીઓને ભાગીદાર કરવા.
  - સર્જનાત્મક શક્તિ વધે તેવી પ્રવૃત્તિઓ કરવી.


- વિજ્ઞાનના તથા ગણિતના TLM તૈયાર કરવા.

❖ મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુકિત વગેરેની વિગત )

- વાલીની રૂબરૂ મુલાકાત
- લાઇબ્રેરી સંચાલકની રૂબરૂ મુલાકાત
- ટેલીફોનિક પૂછપરછ
- બાળકોની મુલાકાત તથા પૂછપરછ

❖ પરિણામો ( ડેટા સબંધિત-આધાર પુરાવા સાથે) :

અમારી શાળાના ધોરણ 9 અને 10 ના કુલ 115 વિદ્યાર્થીઓ જૂન 2025 થી નવેમ્બર 2025 ના સમયગાળા દરમિયાન આ ઇનોવેશનથી 80% બાળકો એટલે કે 115 માંથી 100 બાળકો બિનજરૂરી મોબાઇલનો ઉપયોગ કરતા બંધ થયા.



❖ લાભાર્થીની સંખ્યા : શાળાના ધોરણ 9 અને 10 ના 115 વિદ્યાર્થીઓ

❖ ઉપયોગિતા / આઉટકમ :

- મોબાઈલનો બિનજરૂરી ઉપયોગ ઓછો થયો
- બાળકો લાઇબ્રેરીનો ઉપયોગ કરતા થયા
- બાળકોની સર્જનાત્મક શક્તિ નો વિકાસ થયો
- વિદ્યાર્થીઓ શેરી રમતો તથા મેદાનની પ્રવૃત્તિઓ કરતા થયા
- બાળકો પરિવાર સાથે નાના ભાઈ બહેન સાથે તથા વડીલો સાથે વધુ સમય પસાર કરતા થયા

❖ નવતર પ્રયોગના ફોટોગ્રાફ, QRકોડ:








- ઈનોવેટીવ શિક્ષક : ડો.પરેશભાઈ વી. ગોહેલ
- શાળા : શ્રી વલ્લભાચાર્ય હાઈસ્કૂલ માતરવાણીયા
- તાલુકો: માળીયા હાટીના, જિલ્લો : જૂનાગઢ
- મોબાઈલ નંબર : 990906838
- E- mail : pgohel1000@gmail.com


44

## શિક્ષણમાં AI ટેકનોલોજીનો ઉપયોગ

- **ક્ષેત્ર :** Artificial intelligence(AI) નો શિક્ષણમાં/મુલ્યાંકનમાં ઉપયોગ
- **સમસ્યા :** ધોરણ 11 - 12 ના વિદ્યાર્થીઓ અર્થશાસ્ત્ર વિષયના અમુક એકમો તેમજ તેના પેટા મુદાઓ ને સમજવામાં મુશ્કેલી અનુભવી રહ્યા હતા.
- **ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :**

અર્થશાસ્ત્રનાં અમુક એકમો વિદ્યાર્થીઓને પારંપરીક પ્રદ્ધતિથી શીખવીને આવા એકમોની ટેસ્ટ લેવામાં આવી જેના પરિણામો આ મુજબના હતા

| એકમ | પ્રયોગ પહેલાનાં પરિણામ |
|---|---|
| ગરીબી | 42% |
| બેરોજગારી | 48% |


- **પ્રયુક્તિ** : શૈક્ષણિક ટેકનોલોજી
- **સાધન સામગ્રી** : મોબાઈલ એપ્લીકેશન, સ્માર્ટબોર્ડ
- **લક્ષ્યજૂથ** : ધોરણ 12 નાં વિદ્યાર્થીઓ
- **સ્ટેજ** : સેકન્ડરી સ્ટેજ (ધોરણ 9 થી 12)
- **સમયગાળો** : 2 મહિના
- **નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :** ધોરણ 12 નાં વિદ્યાર્થીઓને અર્થશાસ્ત્ર વિષયમાં આવતા મહત્વના એકમો સમજવામાં મુશ્કેલી અનુભવી રહ્યા હતા એક 25 ગુણની કસોટી લેતા તે જાણવા મળ્યું . ત્યાર બાદ આવા એકમોને Artificial intelligence(AI) પ્રદ્ધતિનો ઉપયોગ કરી શીખવવામાં આવ્યા જેમાં એકમનું સુંદર કાર્ટુન સ્વરૂપે વિડીયો એનીમેશનમાં નિરૂપણ કરવામાં આવ્યું અને આ રીતે વિદ્યાર્થીઓને શીખવાતા વિદ્યાર્થીઓને એકમ પ્રત્યે રૂચી વધી અને પરિણામો સુધારો આવતો ગયો ...

- **મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુકિત વગેરેની વિગત ) :** ધોરણ 12 નાં વિદ્યાર્થીઓને અર્થશાસ્ત્ર વિષયમાં આવતા મહત્વના એકમોને પારંપરીક પ્રદ્ધતિથી શીખવીને આવા એકમોની 25 ગુણની ટેસ્ટ લેવામાં આવી જેના પરિણામો નીચા જોવા મળ્યા હતા. ત્યાર બાદ આવા એકમોને

Artificial intelligence(AI) પદ્ધતિનો ઉપયોગ કરી શીખવવામાં આવ્યા અને ફરી 25 ગુણની ટેસ્ટ લેવામાં આવી અને પરિણામો માં નોધપાત્ર સુધારો જોવા મળ્યો .

❖ પરિણામો (ડેટા સબંધિત-આધાર પુરાવા સાથે) :

| એકમ | પ્રયોગ પહેલાનાં પરિણામ | પ્રયોગ પછીનાં પરિણામ |
|---|---|---|
| ગરીબી | 42% | 83% |
| બેરોજગારી | 48% | 92% |




❖ લાભાર્થીની સંખ્યા : 30 વિદ્યાર્થીઓ


❖ ઉપયોગિતા / આઉટકમ :

- વિદ્યાર્થીને વિષયનાં એકમ પ્રત્યે તેમની રૂચિમાં વધારો થયો.
- શિક્ષણ કાર્ય રસપ્રદ અને અસરકારક બન્યું.
- બાળકોની યાદશક્તિમાં વધારો થયો.
- બાળકોની શૈક્ષણિક સિદ્ધિમાં વધારો થયો.
- વિદ્યાર્થીઓની નિષ્પતિઓ સિદ્ધ થાય છે.



❖ નવતર પ્રયોગના ફોટોગ્રાફ, વિડીયો લીંક, QR કોડ:

https://youtube.com/shorts/75pvmVy3hoY?si=BwCVCP4JycSw-WwJ
https://www.facebook.com/share/r/1CxwLuPVAs/





## રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત
## એજ્યુકેશન ઇનોવેશન ફેસ્ટિવલ 2025-26 (જિલ્લા કક્ષા)




- ઈનોવેટીવ શિક્ષક : દલસાણિયા વિપુલકુમાર જીવનભાઈ
- શાળા : શ્રી વિવેકાનંદ હાઈસ્કુલ- વંથલી
- તાલુકો: વંથલી, જિલ્લો : જૂનાગઢ
- મોબાઈલ નંબર : 9510358815
- E- mail : vipuldalsaniya1982@gmail.com


45

# ગણિત મજા સાથે શીખીએ

- **ક્ષેત્ર :** રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અંતર્ગત ગણિત
- **સમસ્યા :**
  - ગણિત વિષયપ્રત્યે ભય અને રસનો અભાવ.
  - ગાણિતિક સુત્રો યાદ રાખવામાં મુશ્કેલીઓ.
  - બીજગણિતમાં + અને - ની નિશાનીઓ ફેરવવામાં પડતી મુશ્કેલીઓ.
  - ભૂમિતિના આકારો દોરવા તેમજ સમજવામાં મુંજવણ અનુભવતા હતા.
- **ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :**
  - 50% વિદ્યાર્થીઓમાં ભૂમિતિના દાખલાઓમાં ક્યારે કયું સૂત્ર વાપરવું તેનો ખ્યાલ રહેતો ન હતો.
  - રકમ પૂરી ન વાંચવાને કારણે કૂટપ્રશ્નોથી દુર રહેતા હતા.
  - ત્રિકોણમીતીની સંકલ્પના સમજી શકતા ન હતા.
  - આકૃતિઓ અને આલેખો કલ્પી શકતા ન હતા.
- **પ્રયુક્તિ** : રમત ગમત અને દ્રશ્ય આધારિત ટેકનીકને ઉપયોગમાં લેવામાં આવી.
- **સાધન સામગ્રી** : મોડેલ્સ, ચાર્ટ પપેર, કાર્ડ્સ, પ્રોજેક્ટર
- **લક્ષ્યજૂથ** : માધ્યમિક
- **સ્ટેજ** : સેકન્ડરી સ્ટેજ (ધોરણ 9 થી 12)
- **સમયગાળો** : 2023 થી કાર્યરત
- **નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :**
  - વિદ્યાર્થીઓ પાસેથી ગણિતમાં પડતી મુશ્કેલીઓનું કાપલીમાં સમસ્યા લખી તેનું કલેક્શન કર્યું.
  - દરેક મુશ્કેલીઓ માટે રોલ નંબર મુજબ દરરોજ 5 વિદ્યાર્થીઓ સાથે ફ્રી તાસ દરમિયાન તેને પડતી મુશ્કેલીઓ નું નિરાકરણ કરવા પ્રયત્ન કરું છું.
  - રમતના તાસ દરમ્યાન ભૌમિતિક આકારોની રમત રમાડી ભૂમિતિની સંકલ્પનાઓ સ્પષ્ટ કરી.
  - સુત્રોના ચાર્ટની હરીફાઈ રાખી જેથી 5% જેવા વિદ્યાર્થીઓને સુત્રો સરળતાથી યાદ રાખતા થયા.
  - ઘરમાં રહેલા ભૌમિતિક આકારોની સમજતા થયા.


- કાર્ડ્સ રમતા રમતા સંભાવનાની સંકલ્પના સ્પસ્ટ થઈ.

❖ મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુકિત વગેરેની વિગત ) :

- વિકલી ટેસ્ટના આયોજન દ્વરા વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસમાં વધારો જોવા મળ્યો.
- મોખિક પ્રશ્નોતરી દ્વારા ટુકજવાબી પ્રશ્નો યાદ રાખતા થયા.
- જૂથ રમતની પ્રવૃતિથી સમુહ ભાવનાનો વિકાસ જોવા મળ્યો.
- દાખલાઓની વધારે પ્રેક્ટીસ કરતા થયા જેથી વિદ્યાર્થીઓનો ગણિત પ્રત્યેનો ડર દુર થયો.
- 3D મોડેલો બનાવડાવ્યા. જેથી વિદ્યાર્થી આવા આકાર બીજે કયાય જોવે તો તેની સાથે સરખાવે.
- પ્રોજેકટરના માધ્યમથી ટેસ્ટનું આયોજન કર્યું.

❖ પરિણામો (ડેટા સબંધિત-આધાર પુરાવા સાથે) :

| | માર્ચ-2023 | માર્ચ-2024 | ફેબ્રુઆરી-2025 |
|---|---|---|---|
| શાળાનું પરીણામ | 5 | 82 | 83 |
| ગણિત વિષયનું પરીણામ | 62 | 84 | 89 |




❖ લાભાર્થીની સંખ્યા : 200 માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ

❖ ઉપયોગિતા / આઉટકમ :

- ગણિત વિષયમાં એકટીવીટી દ્વરા શીક્ષણ આપવાથી પરીણામમાં નોધપાત્ર વધારો જોવા મળ્યો.
- ગણિત વિષય પ્રત્યે રસ અને રુચિની લાગણીમાં વધારો જોવા મળ્યો.
- ટેક્નોલોજીના માધ્યમથી વિદ્યાર્થીઓ દ્વરા કરવામાં આવેલ એકટીવીટી કરાવવાથી બીજા વિદ્યાર્થીઓમાં પણ ગણિત વિષયની મુજવણ દુર કરી શકાય.

❖ નવતર પ્રયોગના ફોટોગ્રાફ, QR કોડ:





રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત
એજ્યુકેશન ઇનોવેશન ફેસ્ટિવલ 2025-26 (જિલ્લા કક્ષા)



❖ ઈનોવેટીવ શિક્ષક : ડૉ.વનરાજભાઈ વી.પરમાર
❖ શાળા : જવાહર વિનય મંદિર
❖ તાલુકો: વંથલી, જિલ્લો : જૂનાગઢ
❖ મોબાઈલ નંબર : 9725574534
❖ E- mail : drvanrajparmar@gmail.com

46

## શ્રીમદ્દભગવદ્દગીતામાં મુલ્યો અને તેમનો અમલ

❖ **ક્ષેત્ર : Value Education - મૂલ્ય શિક્ષણ**

❖ સમસ્યા : શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓમાં મૂલ્ય શિક્ષણનો અભાવ

❖ ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :

- વિદ્યાર્થીઓમાં ગેરશિસ્ત, અનાદર, અનિયમિતતા વગેરે જોવા મળ્યા.
- અભ્યાસમાં અરુચિ, શાળા સમય પહેલા છોડી દેવી વગેરે.

❖ પ્રયુક્તિ : પઠન-પાઠન, નિદર્શન
❖ સાધન સામગ્રી : **NCERT** દ્વારા પ્રકાશિત પુસ્તક: **Document on Social, Moral and Spiritual Values in Education.** 2. શ્રી મદ્દભગવદગીતા અને અન્ય સદર્ભ પુસ્તકો.
❖ લક્ષ્યજૂથ : જવાહર વિનય મંદિર શાપુરમાં ભણતા 9 થી 12 ના વિદ્યાર્થીઓ
❖ સ્ટેજ : સેકન્ડરી સ્ટેજ (ધોરણ 9 થી 12)
❖ સમયગાળો : 7 માસથી

❖ નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન : ઈનોવેશન પૂર્વેની સ્થિતિનું અવલોકન કર્યા બાદ શાળાના વિદ્યાર્થીઓને શિક્ષક દ્વારા પ્રાર્થનાસભામાં શ્રીમદ્દભગવદ્દગીતાના શ્લોકનું પઠન-પાઠન કરાવવામાં આવ્યું. શાળાના નોટીસ બોર્ડ પર પ્રદર્શિત શ્લોકનું નિદર્શન ગોઠવવામાં આવ્યું અને શ્રીમદ્દભગવદ્દગીતાના શ્લોક વિદ્યાર્થીઓ વાંચી શકે અને પ્રેરણા લઈ શકે તે રીતે શાળાની ઓસરીની ભીંતમાં લગાવવામાં આવ્યા.

❖ મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુકિત વગેરેની વિગત ) :

- શિક્ષક દ્વારા અવલોકન
- વિદ્યાર્થીઓં સાથે ચર્ચા

- અન્ય શિક્ષકો દ્વારા અવલોકન

❖ **પરિણામો (ડેટા સબંધિત-આધાર પુરાવા સાથે) :**

આ સંશોધન અમલ કર્યા પછી શાળાના વિદ્યાર્થીઓમાં શિસ્ત, સહકાર, કૃતજ્ઞતા, સ્વમાન, કર્તવ્ય, નિયમિતતા, નેતૃત્વ, જીજ્ઞાસાવૃતિ વગેરે મૂલ્યોનો આવિષ્કાર તથા તેમના વર્તનમાં આંશિક ફેરફારો જોવા મળ્યા.

❖ **લાભાર્થીની સંખ્યા :** 34

❖ **ઉપયોગિતા / આઉટકમ :**

- વિદ્યાર્થીઓના વર્તનમાં ફેરફાર જોવા મળ્યો
- આ સંસોધિત મૂલ્યોનો પ્રશિક્ષણ સામગ્રી તરીકે પ્રકાશિત પુસ્તક : અધ્યનની કેડીએ ભગવદગીતાને સંગ (પ્રશિક્ષણ સામગ્રી) - શિક્ષક પ્રશિક્ષણ માટે પણ ઉપયોગી થશે.

❖ **નવતર પ્રયોગના ફોટોગ્રાફ, QR કોડ:**

https://www.facebook.com/share/v/1AWnh6AQJQ/

https://youtube.com/@educationthepower5862?si=ZRs4uxMs23uNyRSU
https://whatsapp.com/channel/0029Vb720fIFHWq2cT36uC37



❖ ઈનોવેટીવ શિક્ષક : જિજ્ઞેશકુમાર મનસુખલાલ ચતુર્વેદી
❖ શાળા : મિડલ સ્કૂલ – ભલગામ મોટા
❖ તાલુકો: વિસાવદર, જિલ્લો : જૂનાગઢ
❖ મોબાઈલ નંબર : 9974537090
❖ E- mail : jignesh.chaturvedi2015@gmail.com

47

# વિજ્ઞાન - એક વિધાન

❖ **ક્ષેત્ર :** STEM આધારિત સર્જનાત્મકતા

❖ **સમસ્યા :**

- દીર્ઘ પ્રશ્નોની માયાજાળ.
- લાંબા જવાબોની લપ.
- યાદ ન રહેવાની ફરીયાદ.

❖ **ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :**

- બાળકો મોટા પ્રશ્નો જોઈને હતોત્સાહ થઈ જતાં.
- મોટા પ્રશ્નોનું વર્ણન જેમ ફાવે તેમ લખી દેતા.
- વિચારવાના સમયના અભાવે પ્રશ્નો છોડી દેતા.

❖ **પ્રયુક્તિ :** મોટા પ્રશ્નોનું ટૂંકું સ્વરુપ આપી તેના સૂત્ર બનાવવા.

❖ **સાધન સામગ્રી :** [ 1 ] ડિસ્પ્લે [ 2 ] સૂત્ર પોસ્ટ [ 3 ] બુકલેટ

❖ **લક્ષ્યજૂથ :** ધોરણ – 10 ના બાળકો.

❖ **સ્ટેજ :** સેકન્ડરી સ્ટેજ (ધોરણ 9 થી 12)

❖ **સમયગાળો :** 3 વર્ષથી વધારે.

❖ **નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :**

- સૌ પ્રથમ બાળકો મોટા પ્રશ્નોનું વાંચન કરે અને શિક્ષક દ્વારા સમજે.
- ડિસ્પ્લે પર આકૃતિ જોઈતેને પ્રેકટીસ બુકમાં દોરવાનો મહાવરો કરે.
- પ્રશ્ન સંબંધી સૂત્રનું સર્જન કરે અને એક- એક શબ્દનો અર્થ જાણે.
- દરેક શબ્દ પરથી મુદ્દાસર વર્ણન લખે, શીખે અને જવાબ તૈયાર કરે.
- વર્ણનાત્મક જવાબ સરળ અને પોતાની મૌલિક ભાષામાં લખી શકે.
- માત્ર એક સૂત્ર પરથી મોટા પ્રશ્નો ના જવાબ સરળતાથી લખી શકે.

- ખાસ કરીને, જીવવિજ્ઞાનના દીર્ઘ પ્રશ્નો આયોજનબધ્ધ યાદ રાખે.

❖ **મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુકિત વગેરેની વિગત ) :**

- પ્રયુકિત - એક વિધાની સૂત્ર પરથી જવાબ યાદ રાખવા.
- ઉપકરણ - [ 1 ] ડિસ્પ્લે [ 2 ] સૂત્ર પોસ્ટર [ 3 ] બુકલેટ
- મૂલ્યાંકન -
  - ધોરણ -10 વિજ્ઞાન વિષયની બોર્ડ પરીક્ષાના વિભાગ – D માં પૂછવામાં આવતાં
  - દીર્ઘ પ્રશ્નોની યાદીમાંથી કોઈ એક પ્રશ્ન લઈ સ્માર્ટ બોર્ડ પર તેને લગતું સૂત્ર
  - લખવામાં આવે છે. દરેક વિદ્યાર્થી સૂત્રના એક- એક શબ્દ પરથી વર્ણન લખશે.
  - શિક્ષક દ્વારા લખેલા પ્રશ્નોનું મૂલ્યાંકન કરવામાં આવે છે.

❖ **પરીણામો :**

- ધોરણ -10 વિજ્ઞાન વિષયની બોર્ડપરીક્ષાનું પરીણામ સરેરાશ 80 % જેટલું છે.
- વિદ્યાર્થીઓ દ્વારા લખેલા કસોટીપત્રો સામેલ છે.

❖ **લાભાર્થીની સંખ્યા :** [ 1 ] 5.6 k viewrs in YouTube. [ 2 ] શાળાના ધોરણ -10 ના વિદ્યાર્થીઓ.

❖ **આ ઇનોવેશનનો અમલ અન્ય શાળા દ્વારા કરવામાં આવ્યો હોય તો તેની વિગત :** સોશીયલ મીડિયા.

❖ **ઉપયોગિતા / આઉટકમ :**

- વિદ્યાર્થીઓ દીર્ઘપ્રશ્નો લખવાની પ્રેરણા મેળવે છે.
- મુદ્દાસર વર્ણન લખવાની ટેવ પડે છે
- ધોરણ -10 વિજ્ઞાન વિષયની બોર્ડ પરીક્ષાના વિભાગ–D આવડતો હોવાનો આત્મવિશ્વાસ વધે છે.

❖ **નવતર પ્રયોગના ફોટોગ્રાફ, QR કોડ:**







❖ ઈનોવેટીવ શિક્ષક (KRP) : મારવણિયા કૃણાલકુમાર જયંતિલાલ
❖ શાળા : પીએમ શ્રી શાપુર પે સેન્ટર શાળા
❖ તાલુકો: વંથલી, જિલ્લો : જૂનાગઢ
❖ મોબાઈલ નંબર : 9033766936
❖ E- mail : krunalmarvania0@gmail.com

48

## સ્કૂલ ઇનોવેશન કાઉન્સિલ (SIC)

❖ **SIC નો પરિચય:** SIC નો અર્થ “શિક્ષકો અને વિદ્યાર્થી ઓ વચ્ચે નવતર વિચારો અને સાહસિકતાનું સર્જન કરવાનો છે.”

❖ **SIC રજિસ્ટ્રેશન:** શાળા કક્ષાએ આચાર્ય દ્વારા SIC પોર્ટલ પર ઓનલાઇન રજીસ્ટ્રેશન કરવું.

❖ **SIC ની પ્રવૃતિઓ:** લીડરશીપ, ટોક/પ્રેરણા સેશન, ક્ષેત્રની મુલાકાત અને સમસ્યાઓની ઓળખ, વેબિનાર, પ્રદર્શન, બેગલેસ વર્ક, નવીનીકરણ સ્પર્ધા -આઈડીયા ક્રિએશન ચેલેન્જિસ/આઇડીયા, વિદ્યાર્થીઓ માટે ડેમો દિવસ, બિઝનેસ મોડેલ ડેવલપમેન્ટ પર સત્ર, ઉદ્યોગસાહસિકતા અને સ્ટાર્ટઅપ સપોર્ટ ઇકોસિસ્ટમ, શાળાના વિદ્યાર્થીઓ દ્વારા વિકસિત ઉત્પાદનો પર સત્ર.

❖ **SICનું લક્ષ્યજુથ:** વિદ્યાર્થીઓ, શિક્ષકો અને આચાર્યશ્રીઓ...

❖ **SIC નું વર્ણન:** શિક્ષણ મંત્રાલયના ઇનોવેશન સેલ અને AICTE એ શાળાઓમાં ઇનોવેશન, સર્જનાત્મકતા, ડિઝાઇન થિંકિંગ અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા માટે સ્કૂલ ઇનોવેશન કાઉન્સિલ (ડી) પ્રોગ્રામ શરૂ કર્યો છે. નેશનલ ઇનોવેશન એન્ડ એજ્યુકેશન પોલિસી 2020 સાથે સંલગ્ન, ડાટ વાર્ષિક કેલેન્ડર હેઠળ વિદ્યાર્થી ઓ અને શિક્ષકો માટે પ્રવૃત્તિઓ દ્વારા આઉટ ઓફ ધ બોક્સ વિચારને પ્રોત્સાહન આપે છે.આ પ્રવૃત્તિઓ વિદ્યાર્થી ઓને શાળા, રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે ઇનોવેશન અને પ્રોટોટાઈપ સ્પર્ધાઓ માટે તૈયાર કરે છે. SIC શાળાઓને ઉચ્ચ શિક્ષણ ઇનોવેશન કાઉન્સિલ સાથે જોડે છે, એક્સપોઝર અને ઉદ્યોગસાહસિક આંતરદૃષ્ટિ ઓફર કરે છે, જેમાં વિચારધારા, પ્રોટોટાઈપિંગ અને પ્રેરક સત્રોનો સમાવેશ થાય છે.

❖ **SICની ઉપયોગિતા :**

SICનો ઉદ્દેશ શાળાના આચાર્યો, શિક્ષકો અને વિદ્યાર્થી ઓ માટે સ્કૂલ ઇનોવેશન સ્પર્ધાના ભાગરૂપે સહભાગીમાં આઇડીયાના સર્જન, આઉટ-ઓફ-ધ-બોસ થિંકીંગ, ડિઝાઇન થિંકીંગ, સામાજીક સમસ્યાનું નિરાકરણ અને પ્રોટોટાઇપ વિકાસના કૌશલ્યોનું પોષણ કરવાનો છે.

❖ SICની લીંકનો QR કોડ :

❖ ઈ-મેલ : schoolinnovation@aicte-india.org

❖ વેબસાઇટ : https://sic.mic.gov.in

❖ **સ્કૂલ ઇનોવેશન કાઉન્સિલ (SIC) નો પરિચય :** શિક્ષણ મંત્રાલયના ઇનોવેશન સેલ અને AICTE એ શાળાઓમાં ઇનોવેશન, સર્જનાત્મકતા, ડિઝાઇન થિંકિંગ અને ઉધોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા માટે સ્કૂલ ઇનોવેશન કાઉન્સિલ (SIC) પ્રોગ્રામ શરૂ કર્યો છે. નેશનલ ઇનોવેશન એન્ડ એજ્યુકેશન પોલિસી 2020 સાથે સંલગ્ન, SIC વાર્ષિક કેલેન્ડર હેઠળ વિદ્યાર્થી ઓ અને શિક્ષકો માટે પ્રવૃત્તિઓ દ્વારા આઉટ ઓફ ધ બોક્સ વિચારને પ્રોત્સાહન આપે છે. આ પ્રવૃતિઓ વિદ્યાર્થી ઓને શાળા,રાજય અને રાષ્ટ્રીય સ્તરે ઇનોવેશન અને પ્રોટોટાઇપ સ્પર્ધાઓ માટે તૈયાર કરે છે. SIC શાળાઓને ઉચ્ચ શિક્ષણ ઇનોવેશન કાઉન્સિલ સાથે જોડે છે,એકસ્પોઝર અને ઉધોગ સાહસિક આંતરદૃષ્ટિ પ્રસ્થાપિત કરે છે.




❖ **SIC સમિતિનું માળખું:** શાળા સંચાલિત પ્રવૃત્તિઓ શાળાઓ નીચેના સભ્યો સાથે શાળા સ્તરે SIC સમિતિની રચના કરશે.

| ક્રમાંક | સભ્ય | કોણ બની શકે છે? |
|---|---|---|
| 1 | એક્ઝિક્યુટિવ રિપ્રેઝન્ટેટિવ્સ | 1.ચેરપર્સન (શાળાના આચાર્ય)<br>2.કન્વીનર/ પ્રવૃત્તિ કો-ઓર્ડિનેટર (વાઇસ પ્રિન્સિપાલ/સિનિયર ટીચર) |
| ૨. | શિક્ષક રિપ્રેઝન્ટેટિવ્સ/ પ્રતિનિધિઓ | 1.ઇનોવેશન એમ્બેસેડર્સ (પ્રશિક્ષિત શિક્ષકો)<br>2.અતિરિક્ત સભ્યો (પ્રિન્સિપાલ દ્વારા નિયુક્ત (min 2 સભ્યો)<br>3..ATL ઇન્ચાર્જ (જો લાગુ પડતું હોય તો) |
| 3. | સોશિયલ મીડિયા કો-ઓર્ડિનેટર | 1. શિક્ષક/સ્ટાફ |
| 4. | વિદ્યાર્થી પ્રતિનિધિઓ | 1. શાળા કેપ્ટન/હેડ બોય/હેડ ગર્લ<br>2. વિદ્યાર્થી સભ્યો (min 5 એક્ઝિક્યુટિવ રિપ્રેઝન્ટેટિવ્સ દ્વારા નામાંકિત) |
| 5. | બાહ્ય નિષ્ણાત પ્રતિનિધિઓ | 1. સફળ ઉધમીઓ<br>2. નિષ્ણાત સભ્યો<br>(નજીકના ઇન્ક્યુબેશન/પ્રી-ઇન્ક્યુબેશન કેન્દ્રના અધિકારી, નજીકના ઉધોગ/બેંક/સંસ્થાના ટેકનોલોજી/ નાણા/ વેચાણ/ બેંકિંગ નિષ્ણાત, IPR નિષ્ણાતમાં MIC દ્વારા સ્થાપિત સંસ્થાના ઇનોવેશન કાઉન્સિલના પ્રમુખ/ સંયોજક/ સભ્ય. અને/અથવા સેલ્સ/ માર્કેટિંગ/ પ્રોડક્ટ ડિઝાઇન/ પ્રોડક્ટ મેન્યુફેક્ચરિંગ વગેરેમાં અનુભવ ધરાવતા વરિષ્ઠ ઉધોગ નિષ્ણાતો.<br>વિદ્યાર્થીઓના વાલીઓ |




❖ **સ્કૂલ ઇનોવેશન કાઉન્સિલ (SIC) નું મહત્વ :** શાળા ઈનોવેશન કાઉન્સિલ (SIC) શાળાના વિદ્યાર્થી ઓના તેજસ્વી વિચારો અને ઈનોવેશનને પ્રોત્સાહિત કરવા, કૌશલ્ય, તાલીમ, હેન્ડહોલ્ડ અને પ્રોત્સાહન આપવાનો છે તથા ઉત્પાદનો, ટેક્નોલોજી અને સ્ટાર્ટઅપ્સ બનાવવા માટે પસંદ કરેલ નવીનતાઓને ભંડોળ પૂરું પાડવાનો છે. વિદ્યાર્થી ટીમોની પસંદગીમાં તાલીમ અને સ્કાઉટિંગના વિવિધ તબક્કાઓ સામેલ હથે,જેમ કે, આઇડિયેશન,પ્રુક ઓક કન્સેપ્ટ પ્રોટોટાઇપ,બિઝનેસ પ્રોડક્ટ ડેવલપમેન્ટ,કુલ 3 કરોડનું ભંડોળ 200 શ્રેષ્ઠ વિચારો માટે આરક્ષિત છે, જે પ્રોટોટાઈપ વિકસાવવા માટે દરેક પસંદ કરેલા આઈડીયાને 1.5 લાખ ફાળવશે.

❖ **સ્કૂલ ઇનોવેશન કાઉન્સિલ (SIC) થી અપેક્ષિત પરિણામો**

- શાળાઓમાં વિચારધારા, નવીનતા અને ઉદ્યોગસાહસિકતા (આઈ.આઈ.ઈ) ઇકોસિસ્ટમ વધારવી.
- શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચે આઈ.આઈ.ઇ ડિઝાઇન વિચારસરણી, સર્જનાત્મક વિચારસરણી, આઇપીઆર, ફાઇનાન્સ અને પ્રોડક્ટના વેચાણ અંગે જાગૃતિ વધારવી.
- ઉચ્ચ શિક્ષણની જરૂરિયાતો સાથે શાળા આઈ.આઈ.ઇ ની પહેલને ગોઠવો.
- શાળાઓમાં નવીનતા અને ઉધોગસાહસિકતાના માળખાનું વિસ્તરણ કરો. વિદ્યાર્થીઓના વિચારો અને ઉધોગસાહસિક પ્રયત્નોને ટેકો આપવા અને પ્રોત્સાહન આપવા માટે શાળાઓને સજ્જ કરો.
- નવીનતા, ઉધોગસાહસિકતા, આઇપીઆર અને ડિઝાઇન થિંકિંગ માટે સાતત્યપૂર્ણ ઇકોસિસ્ટમ ઊભી કરવામાં શાળાઓને મદદ કરો.

❖ **સ્કૂલ ઇનોવેશન કાઉન્સિલ (SIC) વધુ માહિતી માટે આપેલ QR કોડસ્કેન કરો.**




SIC રજીસ્ટ્રેશન સ્ટેપ

SIC વિશે વધુ માહિતી

❖ **સ્કૂલ ઇનોવેશન કાઉન્સિલના ક્ષેત્રો:**

1. હેલ્થકેર અને બાયોમેડિકલ ઉપકરણો.
2. કૃષિ અને ગ્રામીણ વિકાસ.
3. સ્માર્ટ વાહનો/ ઇલેક્ટ્રિક વાહન/ બેટરી ટેકનોલોજી.
4. ફૂડ પ્રોસેસિંગ/પોષણ/બાયોટેક
5. રોબોટિક્સ અને ડ્રોન.
6. વેસ્ટ મેનેજમેન્ટ/વેસ્ટ ટુ વેલ્થ ક્રિએશન
7. સ્વચ્છ અને પીવાલાયક પાણી.
8. રિન્યુએબલ અને એફોર્ડેબલ એનર્જી
9. IoT આધારિત ટેકનોલોજી School Innovation Program – 360-degree approach
10. ICT, સાયબર-ફિઝિકલ સિસ્ટમ્સ, બ્લોકચેન, કોગ્નિટિવ કમ્પ્યુટિંગ, ક્લાઉડ કમ્પ્યુટિંગ, AI અને ML.
11. સોફ્ટવેર/એપ ડેવલપમેન્ટ
12. ક્વોન્ટમ કમ્પ્યુટિંગ
13. પ્રવાસ અને પર્યટન
14. ફાઇનાન્સ લાઇફ સાયન્સ
15. સ્માર્ટ એજ્યુકેશન
16. સ્માર્ટ સિટીઝ
17. રમતગમત અને ફિટનેસ
18. સ્માર્ટ ટેક્સટાઇલ્સ
19. ટકાઉ પર્યાવરણ
20. ઇન્ફ્રાસ્ટ્રક્ચર
21. ઉત્પાદન
22. સંરક્ષણ અને સુરક્ષા
23. ખાણકામ, ધાતુઓ, સામગ્રી
24. કન્ઝ્યુમર ગુડ્સ અને રિટેલ
25. ફેશન અને કાપડ
26. શિક્ષણ
27. સ્ટાર્ટ-અપ માટે અન્ય ઉભરતા ક્ષેત્રોની નવીનતા






# Educational Innovation Festival 2024-25

## જિલ્લા કક્ષાના ઇનોવેશન ફેસ્ટિવલ ૨૦૨૪-૨૫ની તસ્વીરી ઝલક











## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - જૂનાગઢ